કુમાર

પુ・૮ : અં・૩

તંત્રી : રવિશંકર રાવળ

ફાગણ ૧૯૮૭

૮૭

મો અંક





તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

લેખકો: જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



સર ચિનુભાઈના સૌજન્યથી

રાત્રિના ઓળા

ચિત્રકાર : કનુ દેસાઇ

સૈ જગતની જ્યારે રાત્રિ પડે છે ત્યારે જેમના જીવનનિર્વાહનો દિન શરૂ થાય છે એવા, આપણા સમાજજીવનના કલંકરૂપ આ એઠું ઉઘરાવનારાંના જીવનમાં પણ કલાકારે કવિતા જોઇ તે ઉપલા ચિત્રમાં તેણે આલેખી છે. રાત્રિની સાથે જ જેમનું જીવનતત્ત્વ જોડાએલું છે તેમના જીવનના ઓળા, ઊગતા આવતા ચંદ્ર વાળી રાત્રિના ઓળાઓ જેવા અર્ધ પ્રકાશિત અર્ધ અંધારા, અને મધુરંગી ચંદ્રના પ્રકાશ જેવા ઘેરા વિષાદભર્યા ગહનમધુર હોય છે. શહેર બહારનાં એમનાં રહેઠાણો તરફ જવાના ઊંચીનીચી ટેકરીઓ વાળા આ માર્ગ જેવો આશાનિરાશાઓથી ભરેલો એમનો જીવનમાર્ગ હોય છે.

ભાવના

[ઉપજાતિ-વંશસ્થ]

ત્રિકાલનો ઘુમ્મટઘેર તોડી
સુણી રહું શાશ્વત શબ્દબ્રહ્મને;
ત્રિલોકના ભેદ મહા ઉકેલી
રમી રહું નિત્યનવા સનાતને:

સમુદ્રના સૌ વમળો વટાવી
ઝંખી રહું રત્ન સહસ્ર પામવા;
ઝંઝાનિલોની ધરી પાંખ અંગે
ઊડું અનંતે જગતાપ વામવા:

તિમિરના રાક્ષસજૂથ આવી
ઝગી રહ્યાં અંતરદીપ આવરે;
લડીલડી એકલ હાથ મારે
મથું હું અંધાર સહુ વિદારવા:

ક્ષણો પ્રભો! આવી અનેક આવે:
ક્ષણો મટી જીવન સર્વ વ્યાપો.

કૃષ્ણલાલ શ્રીધરાણી



ભારત-ભાગ્ય-વિધાતા મહાત્મા ગાંધીજીએ અશકય દેખાતા આદર્શોની સિદ્ધિ જગત આખાને કરી બતાવી. એમનું તપ અને એમની દિવ્ય શ્રદ્ધા કરોડોનું એકમાત્ર આલંબન હતાં. એમની નિષ્ફળતાએ કઈકને નાસ્તિક બનાવી દીધા હોત. કુટિલતા, પ્રપંચ અને બુદ્ધિબળના આ જમાનામાં સત્ય અને પરમાત્માની સાક્ષી કોઈ ન જ સ્વીકારત. પણ યુગેયુગે આવા મનોઅંધકારમાં પરમ જ્યોતિ સમા પુરુષોત્તમો પ્રકટે છે અને વિશ્વના આધારભૂત કાયદાઓનું અસ્તિત્વ સાબિત કરી આપે છે. એ પરમ સત્યના આ યુગના પ્રણેતા અને પયગંબરને ભાવપૂર્વક પ્રણામ અર્પી તેમના આદેશો અનુસરી વિશુદ્ધ બનીએ એવી આપણી સર્વની અભિલાષા થાઓ.

આ વર્ષે પણ વસંત ઋતુએ આખા હિંદમાં તેનું આલ્હાદક વાતાવરણ ફેલાવ્યું હશે. જેઓમાં બીજમાંથી વૃક્ષ સુધી કલ્પના કરવાની શક્તિ હશે તેઓ જોઈ શકયા હશે કે ગાંધીજીનો સંધિ-પ્રસ્તાવ કોઇ ક્ષણિક સગવડ કે માત્ર દેશ પૂરતી લાગણીમાંથી જન્મ પામ્યો નથી. આખા યે જગતમાં યુદ્ધોની દારુણતા શમી જાય અને મનુષ્યજાતિ પોતાના વિવાદો શાંતિમય રીતે નિવેડી શકે એવો માર્ગ પ્રત્યક્ષ બતાવવાને આ શાંતિના ફિરસ્તાએ વૃદ્ધાવસ્થાની અણી પર છતાં મહાન યોદ્ધાનાં શૌર્ય અને ઉત્સાહથી ચારે કોર હાસ્ય અને પ્રેમની ઊર્મિઓની રેલ આણી દીધી છે. વિગ્રહની અસહ્ય કસોટીએ કઇકને કાયર કાયર કરી દીધા હશે; કઇકને આજન્મ યાદ રહી જાય એવાં શૂળ ભોંકાયાં હશે; કઇકે પોતાનાં અતિપ્રિય માનવરત્નો ગુમાવ્યાં હશે; માલમિલ્કતની ખુવારી તો બાકી જ રહી નહિ હોય છતાં

હિંદી પ્રજાજનની સરેરાશ રોજી

સુતાર	૧-૪-૦
કડિયો	૧-૦-૦
સાંચાનો કારીગર	૦-૧૪-૦
મજુર	૦-૧૩-૦
મહેતાજી	૦-૮-૦
કારકુન	૦-૪-૦

છતાં 'ભણેલો' છોકરો ધંધાદારી કે કારીગર થવા કરતાં મહેતાજી કે કારકુન બનવાની જ વધારે ખાહેશ રાખે છે!

વરસાદ અને તોફાનને અંતે શીળી ચાંદની જે અજબ મોહિનીથી સુખસ્વપ્ન ફેલાવે છે તેનો અનુભવ આ જગતવંદ્ય પુરુષની વાણી અને વ્યવહારમાંથી રેલી રહ્યો છે.

કટ્ટર દુશ્મન લાગતા મનુષ્યો ગળીને દેવ થવા યત્ન કરે છે. મિત્ર બનીને દુશ્મનાવટની દીવાલો જમીનદોસ્ત કરવા કેડ કસે છે. હિંદુસ્તાન પર લોખંડી હાકેમી જમાવી રહેલા લૉર્ડ અરવીન પોતે તો આ મહાન સંન્યાસીની દિલ્લગી મેળવી ચૂકયા છે, એટલું જ નહિ પણ ઈંગ્લંડમાં રહી સામા પક્ષે ઝૂઝતા તેના જાતિભાઇઓની સામે પોતાની પદવી અને રાજ અહંકાર મૂકી સુલેહ-શાંતિ અને હિંદની સ્વતંત્રતા માટે સાથ આપવાની તત્પરતા બતાવે છે. હાલના જગતમાં આવો દિવ્ય પ્રકાર જોવાની આશા હોય ખરી?

ભારત દ્વારા જ જગતને એક નવો માર્ગ પ્રાપ્ત થાય છે. પ્રજાઓના આંતરરાષ્ટ્રીય અને પર-રાષ્ટ્રીય કલહો લોહીલુહાણ લડાઇઓ અને સત્યાનાશી કરી જંપતા, પાછા ઉભળતા અનેકવાર માનવ સંસ્કૃતિનું મોં કાળું કરી નાખે છે. તેને કબજે કરવાને ડાહ્યામાં ડાહ્યા મુત્સદ્દીઓના હાથ નીચે પડતા. તેઓ આ મુઠ્ઠીભર હાડચામના પોટકામાં છુપાએલા દિવ્ય તેજને તાઝિમ કરે છે. ભારતના આધ્યાત્મ ને યુરોપની ક્રિયાપરાયણતાનો અદ્ભુત યોગ સાધનાર ગાંધીજી જગતના ઇતિહાસમાં એક અગત્યનું પ્રકરણ શરૂ કરી આપે છે. પ્રગતિનું નવું પાનું રજુ થાય છે. પ્રગતિ એટલે સંહાર નહિ પણ સંરક્ષણ અને સહકાર; પ્રગતિ એટલે એકહથ્થુ સત્તા ને સમૃદ્ધિ નહિ પણ જગતમાં અવતરેલ માનવસંઘે સાથે ભોગવવાનો વારસો.

મનુકુળની આજ વસંત બેઠી છે. કારણકે યુગો પછી પહેલી જ વાર ઇશ્વરી કાયદાઓનો આદર કરવા રાજપુરુષો અને દેશભક્તો એક સાથે મળ્યા છે. પરમાત્માના ઐશ્વર્યનો પરિચય કરાવનાર વિભૂતિ જે દેશને મોખરે હોય તેનો પરાભવ કે પરાજય સંભવે જ નહિ.

જ્યાં પાર્થ ત્યાં પરમેશ્વર અને પરમેશ્વર ત્યાં વિજયલક્ષ્મી જરૂર હોય.

'ગાઓ સૌ મળી એકતાન,
જય ભારતસંતાન.'

મોડા ઊઠનારાઓને અર્પણ

સવારે છ ને બદલે આઠ વાગ્યે ઊઠવા વચ્ચેનો એ બે કલાકનો તફાવત માણસની ૪૦ વર્ષની કાર્યમય જિંદગી દરમ્યાન એકઠો થઇને ૨૯૨૦૦ કલાકનો, એટલે કે ૩ વર્ષ, ૪ માસ અને ૨ દિવસ જેટલો થાય છે. માણસ રોજના આઠ કલાક કામ કરતો હોય તો ઉપલે હિસાબે દસ વરસનાં કામગીરીના દનિયાં થયાં. એટલે કે તમે જો રોજ આઠને બદલે છ વાગ્યે ઊઠો તો તમારી જિંદગીમાં દસ વર્ષનો ઉમેરો થાય.

કોઈનો લાડકવાયો [સંગ્રામ-સૈનિકોનું માનીતું હૃદયવિદારક પ્રશસ્તિ-કાવ્ય]

ॐ મરાઠી સાખીનો ઢાળ ॐ

[૧]

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસર-વરણી દેશસેવિકા કોમળ સેજ બિછાવે,
ઘાયલ મરતા મરતા રે
માતની આઝાદી ગાવે.

[૨]

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ સુત વીરની રણશૈય્યા પર લળતી,
મુખથી ખમા ખમા કરતી,
માથે કર મીઠો ધરતી.

[૩]

થોકે થોકે લોક ઉમટતાં રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને,
નિજ ગૌરવ કેરે ગાને,
જખમી જન જાગે અભિમાને.

[૪]

સો સૈનિકનાં વ્હાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સુતેલો,
અણપૂછ્યો અણપ્રીછેલો
કોઈનો અજાણ્યુ લાડીલો.

[૫]

એનું શિર ખોળામાં લેવા કોઇ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઇ બ્હેની લાવી,
કોઇના લાડકવાયાની
ન કોઇએ ખબરે પૂછાવી.

[૬]

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સનમુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપ ટપ છાતી ચૂતી,
કોઈના લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી.

[૭]

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બીડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠહેરાયાં,
આતમ-દીપક ઓલાયા
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં.

[૮]

કોઇના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એના હૈયા ઉપર કર-જોડામણ કરજો,
પાસે ધૂપસળી ધરજો
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો!

[૯]

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ઠ કપોલે ભાલે ધરજો ચુંબન ધીરે,
સહુ માતા ને ભગિની રે!
ગોદ લેજો ધીરે ધીરે!

[૧૦]

વાંકડિયાં એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો' માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા,
રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાતા.

[૧૧]

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહરનિશ પ્રભુને પાયે પડતી,
ઉરની એકાન્તે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.

[૧૨]

કંકાવટીએ આંસુ ઘોળી છેલ્લું તિલક કરંતા,
એને કંઠ વીંટાયા હોશે કર બે કંકણવંતા,
વસમાં વળામણાં દેતાં
બાથ ભીડી બે પળ લેતાં.

[૧૩]

એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રૂધિર છલકતી ગજ ગજ પહોળી છાતી,
અધબીડ્યાં બારણિયાંથી
રડી કો' હશે આંખ રાતી.

[૧૪]

એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડો ઓઢે,
કોઇના લાડકવાયાને
ચૂમે પાવક-જ્વાળા મોઢે.

[૧૫]

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઇ કવિતા લાંબી,
લખજો: 'ખાક પડી આંહી
કોઇના લાડકવાયાની.'



ઝવેરચંદ મેઘાણી

[ભાવાનુવાદિત]

મહાનુભાવ પંડિત મોતીલાલજી

પંડિતજીનું વય ત્રણ કૂડી ને એક દશકો વટાવી ગયું, છતાં એમની ઉમેદ ભાંગી નહોતી. સફેદ પૂણી જેવું ધોળું મસ્તક, શુભ્ર ખાદીનાં વસ્ત્ર ને સફેદ પશમની કાશ્મીરી શાલ, વિશાળ કપાળ અને મુલાયમ ચળકતી ચામડીવાળા પંડિતજી અસલ અમીરી ખવાસથી ચાલે ત્યારે ભલભલા ઉમરાવોને પણ ઝૂકીને 'આદાબે અર્ઝ' કરવાનું મન થાય!

એમની ઉમેદ તો આઝાદીની આ લડત લડી લઈને જ જંપવાની હતી. 'લડવાનું તો મારા હાડ–લોહીમાં છે' કહી એમણે અંત લગી મરણ જોડે હુજ્જત કરવાની મનશા બતાવી.

એમની દિવ્ય આંખોએ અંત ઘડીએ પૂર્ણ સ્વાતંત્ર્યની ઝાંખી કરી અને મહાત્માજીને એ પ્રસન્નતાના સાક્ષી કર્યા.

એમના ત્યાગને તુલના હતી નહિ; એમના પ્રતાપ આગળ ભલભલા ચમરબંધીઓ કાંપતા; એમની પ્રતિભાનો કીર્તિસ્તંભ નહેરૂ બંધારણ, જે સામે બર્કનહેડ બહાદુરે પહોંચા કરડ્યા; એમના સુકાન હેઠળ હિંદના ચાળીસ કરોડની પૂંજીના મીલકુલ્લી કૉંગ્રેસની આણ સ્વીકારીને સફળ બૉયકોટે બ્રિટિશ મુત્સદ્દીઓને પાતરે પાણી પાયાં.

પંડિતજી કંઈ સોનાના ઘૂઘરે રમીને મોટા થયા ન હતા. 'मदायत्तं तु पौरुषं' ને સૂત્રે ગરીબ કાશ્મીરી બ્રાહ્મણમાંથી તે આઉધના અમીર બન્યા,—એવા કે પૈસો તો એમને ત્યાં પાવડા–ખંપાળીથી ઘસડાતો. પણ દેશની હાકલ પડી ને મહાત્માજીએ સાથ માગ્યો ત્યારે સાપ કાંચળી ઉતારે તેમ એ અમીરી ફેંકી દઈને ફકીરી લીધી; અને તે સહકુટુંબપરિવાર.

પંડિતજીનો વારસો કેવળ એકલા જવાહરને નથી; હિંદુસ્તાન આખાને છે: 'ઇસ પાર કાં ઉસ પાર.'

(હમ)

૬ઠ્ઠી ફેબ્રુઆરીના કાળ પ્રભાતે લખનૌનાં નરનાર એ મહાભાગના કુશલ વર્તમાન જાણવા દોડ્યાં. પણ કાલાકંકરની નિઃસીમ કાલિમા જોઈ સ્તબ્ધ બન્યાં, ને નીરવ શાંતિ જોઇ અવાક બન્યાં. નત મસ્તકે નિશ્વાસ છોડી તેઓ ત્યાં જ બેસી પડ્યાં.

એ દિવસનો સૂર્ય આથમે એ પહેલાં તો હિમાલયથી લંકા સુધી એ સમાચાર પથરાઇ ગયા. દેશે કદી નહિ અનુભવેલી એવી ઊંડી વેદના અનુભવી, અસહાયતાનો એક દમ ખેંચ્યો; લોકમાન્ય, દેશબંધુ, લજપતરાય સાથે એમની ગણના કરી. . . .

એમની સેવાનાં સાચાં મૂલ તો કોઈ ભાવી ઇતિહાસકાર મૂલવશે, સ્વતંત્ર ભારતનો કોઇ પ્રજામાન્ય પ્રમુખ મૂલવશે, કોઈ દીર્ઘદર્શી સેનાની મૂલવશે. જીવન–મરણના જંગમાં મચેલી પ્રજાને એ વાચાળતા ન પાલવે. આપણું તો આજે એક જ કર્તવ્ય હોય: એણે આદરેલું ને દૈવે અધૂરૂં મુકાવેલું પૂરૂં કરવાનું.

પરાપૂર્વથી કાશ્મીરી પંડિતોએ હિંદની સંસ્કૃતિને સમૃદ્ધ કરી છે તથા શોભાવી છે. એવા એક કુટુંબમાં મોતીલાલજીનો જન્મ ઇ.સ. ૧૮૬૧માં થયો હતો. પિતાનું સુખ મોતીલાલજીને નસીબે નહિ લખાએલું. એ જન્મ ધરે તેના ચાર માસ પહેલાં પંડિત ગંગાધરજી દેવલોક પામ્યા. પણ મોટાભાઈ પં. નંદલાલજીએ પિતાની ખોટ પૂરી ને નાના ભાઇની તેજસ્વી બુદ્ધિના વિકાસ માટે બધાં સાધનો પૂરાં પાડ્યાં.

વિભૂતિઓની સ્વાભાવિક વિચક્ષણતાથી મોતીલાલજી વિદ્યાર્થી આલમના સરદાર બન્યા તથા શિક્ષકોના પ્રિયપાત્ર થયા. કુમારવયમાં પણ એમના પ્રતાપી જીવનના અંકુર તો સ્પષ્ટપણે તરી આવેલાં. સુભાગ્યે તેના પર સીંચન કરનાર વડીલ મળ્યા. મોતીલાલજીએ અલ્લાહાબાદની સરકારી કૉલેજમાં, નિષ્ણાત આચાર્ય મિ. હૅરીસનની છાયા નીચે બી.એ. સુધી અભ્યાસ કર્યો. પણ કમનસીબે પરીક્ષા વખતે જ તેઓ બીમાર પડ્યા અને વિદ્યાપીઠની છાપ ન મેળવી શક્યા. પરંતુ ડિગ્રીનો મોહ તેમણે જવા દીધો અને સાજા થતાં જ વકીલાતનો અભ્યાસ શરૂ કર્યો. બે વર્ષમાં એ અભ્યાસ પૂરો થયો. અને તેમણે પહેલે નંબરે આવી સુવર્ણચંદ્રક મેળવ્યો. કાનપુરમાં પોતાના ભાઈ વકીલાત કરતા હતા તેમની સાથે મોતીલાલજી જોડાયા. થોડા વર્ષ પછી પં. નંદલાલજી અલ્લાહાબાદ ગયા અને ટૂંક સમયમાં મૃત્યુ પામ્યા. મોતીલાલજી પણ વિશાળ ક્ષેત્ર અને મોટાભાઇના અનુભવનો લાભ લેવા અલ્લાહાબાદમાં જ સ્થાયી થયા.

અજોડ ધારાશાસ્ત્રી

ટૂંક સમયમાં જ મોતીલાલજીએ અલ્લાહાબાદનાં ન્યાયમંદિરોમાં પોતાનું યોગ્ય સ્થાન સંપાદન કર્યું. અપ્રતિમ તર્કશક્તિ, તલસ્પર્શી અને મર્મગ્રાહી દલીલ, કાયદાનું યથાર્થ તથા સંપૂર્ણ જ્ઞાન, વિશાળ વાંચન અને મનોરંજક વાક્‌પટુતા જેને વરેલાં હોય તેને આ ધંધામાં વિજયી થતાં શી વાર લાગે? એક જ મુકદ્દમાએ તેમની શક્તિઓની સાચી પિછાન જનતાને કરાવી દીધી. અલ્લાહાબાદના એક સંભાવિત ગૃહસ્થ શ્રી પ્રયાગલાલ ઉપર સાતસાત ગંભીર તહોમતો મૂકાયાં

હતાં. તેમનો બચાવ કરવો એ કાંઇ સહેલી વાત ન-હોતી. સૌને ખાતરી હતી કે પ્રયાગલાલ માર્યો જશે. પરંતુ મોતીલાલજીએ એમની સમર્થ દલીલોથી પુરાવા-ઓની આખી ઇમારત તોડી પાડી અને પ્રયાગલાલ બધા આરોપોમાંથી બીનતકસીરવાર ઠર્યો. આ એક જ મુકદ્દમાએ એમને પ્રખ્યાત બનાવ્યા અને આખા પ્રાંતમાં અજોડ ધારાશાસ્ત્રી તરીકે તેમની કીર્તિ ફેલાઇ ગઇ. પછી તો તેમની કમાણી પણ વધવા લાગી અને પુષ્કળ કામ મળવા લાગ્યું.

આનંદભુવનનો રાજવી

મહત્ત્વાકાંક્ષા એ મોતીલાલજીનું જીવનસૂત્ર હતું. કેવળ શુષ્ક વકીલાત કરી ધનના ઢગ સંચવાની એમની ઇચ્છા નહોતી. જીવન ને રસિક અને સંસ્કારી બનાવી પુરુષાર્થથી મળેલી સંપત્તિનો સુખોપભોગ કરવો તથા જીવનની મોજ માણવી અને યથાશક્તિ લોક-કલ્યાણ કરવું એ, એમના જીવનનું એ સમયનું લક્ષ્ય હોય એમ જણાય છે.

અલ્લાહાબાદમાં પ્રતિષ્ઠા પામ્યા કે તરત જ તેમણે પોતાની મનોચ્છાઓ પૂરી પાડવા પ્રયાસો શરૂ કર્યા અને એક સુંદર ઐતિહાસિક મકાન ખરીદી લીધું (આજે એ મકાન મોતીલાલજીનું 'આનંદભવન' મટી પ્રજાનું 'સ્વરાજ ભવન' બન્યું છે.) અને ત્યાં સુખ-શાંતિમાં કોઇ અમીરજાદાની ઢબથી રહેવા લાગ્યા. તેમની આવક પણ ધીમેધીમે વધીને લાખો રૂપિયાની થઇ તથા તેમની ઇજ્જતઆબરૂ પણ વધવા લાગી. ધીમેધીમે તેમણે પ્રાંતના જાહેર જીવનમાં ભાગ લેવા માંડ્યો તથા મહાસભામાં જવા માંડ્યું. આ વખતે મહાસભાનું વલણ વિનીત પક્ષના નેતાઓના હાથમાં હતું અને તેઓ સૌ પશ્ચિમના રંગે રંગાએલા હોઇ ચુસ્ત બંધારણવાદી હતા. મોતીલાલજી પ્રાંતિક રાજકીય પરિષદના બે વાર પ્રમુખ બન્યા, તથા પ્રાંતિક ધારા-સભાના સભ્ય થયા; પરંતુ તેમની સેવાઓનું કશું સક્રિય પરિણામ આ અરસામાં આવ્યું નહિ.

જીવનપલટો

૧૯૧૯ સુધીના મોતીલાલજી એટલે એક બાહોશ ધારાશાસ્ત્રી, પ્રતિષ્ઠિત શહેરી, પ્રાંતિક મહાસભા સ-મિતિના પ્રમુખ, યુક્ત પ્રાંતની ધારાસભાના સભ્ય અને જીવનની ઊજળી બાજુ પિછાનનાર તથા ભોગવનાર



પંડિત મોતીલાલ નેહરૂ : કલકત્તા મહાસભા વખતે

એક સમર્થ પ્રાંતિક નેતા. પણ કોઇ એમ ન માની લે કે ૧૯૧૯ પછીનું મોતીલાલજીનું પરિવર્તન એ કેવળ અકસ્માત કે ચમત્કાર હતો. દેશભક્તિ એમના જીવનના અણુએ અણુમાં વણાઇ રહેલી હતી. એમની વિલાસિતાએ એમનામાં શિથિલ જડતા નહોતી આણી, પરંતુ એમની સૌંદર્યની ભાવના વધુ ઉત્કટ બનાવી હતી, જગતનાં અસૌંદર્યો પ્રત્યે એમને અસહિષ્ણુ બ-નાવ્યા હતા.

ઈ.સ. ૧૯૧૯માં હિંદના રાજકીય ઇતિહાસમાં એક અભૂતપૂર્વ બનાવ બન્યો. લોહીતરસ્યા એક તુમાખી અમલદારને શોણિતસ્નાનનો શોખ થયો. એણે નિર્દોષ બાળકો, અબળાઓ અને વૃદ્ધો ઉપર ગોળીઓ ચલાવી. પંજાબની વેદનાનો એ આર્તનાદ જેનેજેને કાને પડ્યો એના અંતરમાં ઊંડું દર્દ થયું. એ ભીષણતાએ હિંદની રહીસહી જડતા ખંખેરી નાખી પ્રજાને ગતિમાન બનાવી; જનતામાં 'સરફરોશીની તમન્ના' જગાવી.

આનંદભુવનના અમીરનું દિલ પણ આ કરુણ ઘટના સાંભળીને કંપી ઊઠ્યું. એમના કુમળા દિલને આઘાત થયો. એમનું ક્ષાત્રતેજ ઝળકી ઊઠ્યું. ગંગા અને જમનાના એ પૂનિત સંગમતીરે એ દિવસે એમણે જાણે સંકલ્પ કરી લીધો કે આ ઘોર અત્યાચારનો બદલો ન મળે ત્યાં સુધી આ ભોગ અને આ વિલાસ,

આ આરામ અને આ વૈભવ હરામ છે.

દેશનાયકોએ એકે અવાજે આ અન્યાયનો જવાબ શાહી સરકાર પાસે માગવાનું નક્કી કર્યું. પ્રજામત જાગૃત કરવા પ્રાંતેપ્રાંત અને શહેરેશહેર નેતાઓ ઘૂમી વળ્યા. મોતીલાલજીએ પ્રલય-વંટોળનું ભ્રમણ આદર્યું. એમની વાણીના પડછંડા વાતાવરણમાં ગુંજી રહ્યા. પ્રજાનાં રોમ ખડાં થયાં. સરકારે અમલદારી તપાસ કરી ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કર્યો. મહાસભાએ સ્વતંત્ર તપાસની માગણી કરી અને તેનો સંતોષકારક જવાબ ન મળતાં તપાસસમિતિ નીમી. મોતીલાલજી આ સમિતિના પ્રમુખ નીમાયા. એ સમિતિનો અહેવાલ બ્રિટિશ રાજ્યના દોઢસો વર્ષના અમલની હેવાનિયતો અને જુલ્મકથાનો એક કરુણ કાંડ છે. એમાં જરા યે અતિશયોક્તિ નથી, જરા યે પક્ષપાત નથી. દરેકેદરેક વિગતને સંગીન પુરાવાઓનું સમર્થન છે. મોતીલાલજીએ એ અહેવાલ ઘડવામાં પોતાની બધી વકાલતી કુશળતા વાપરી હતી. તેમણે ઘડી કાઢેલા તહોમતોનો જવાબ હંટર કમિટીએ આપવા પ્રયાસ કર્યો, પણ પ્રજા હવે ભુલાવામાં પડે એમ નહોતું.

પ્રજાનાયક

૧૯૧૯ની મહાસભાને માથે ગંભીર જવાબદારી હતી. જલાઆંનવાલાની એ શહાદતથી રાષ્ટ્રીય હીલચાલમાં એક વિશિષ્ટ તત્ત્વ દાખલ થયું હતું: પ્રજોત્થાનનો નવો યુગ શરૂ થયો હતો. અમૃતસરની એ મહાસભાના પ્રમુખે પ્રજાને નવીન કાર્યદિશા દર્શાવવાની હતી, નવા યુદ્ધમંત્રો શીખવવાના હતા. આ કાર્ય માટે પંડિત મોતીલાલજીની વરણી થઇ. એમણે પ્રમુખસ્થાનેથી આપેલા ભાષણમાં સરકારની નિષ્ઠુરતા, બ્રિટિશ રાજ્યની સ્વાર્થાંધતા અને પ્રજાની મનોવેદનાનું સુંદર પૃથક્કરણ કર્યું, નવા સુધારાઓની ત્રુટીઓ અને મર્યાદાઓનું દેશને ભાન કરાવ્યું તથા પ્રજાની માગણીઓ મક્કમપણે રજુ કરી.

૧૯૨૦માં નવા સુધારાઓ જાહેર થયા, પણ પ્રજાની બહુમતિને તેનાથી જરા યે સંતોષ ન થયો. સુધારાઓનો સર્વથા બહિષ્કાર કરવો કે સુધારાઓ સ્વીકારી તેનું પોકળપણું પગલેપગલે ઉઘાડું પાડવું તે વિષે ઘડીભર મતભેદ રહ્યા. મોતીલાલજી તથા દેશબંધુ અને મહાત્માજી વચ્ચેના આ મતભેદને કલકત્તાની ખાસ મળેલી મહાસભાએ મિટાવી દીધો. મહાત્માજીનું ફરમાન દેશે સ્વીકાર્યું ને પંડિતજીને પણ સંતની વાણીમાં વિશ્વાસ બેઠો. કલકત્તાની મહાસભાની કારોબારી સભાનું એ દૃશ્ય હજી સ્મૃતિપટ પરથી ભુંસાતું નથી. પંડિતજીને અસહકારનું રહસ્ય પૂરેપૂરું દસ્યું નહોતું. મહાત્માજીને સામનો દેવા અતિ ઉગ્ર તૈયારીઓ સાથે એ આવેલા અને કારોબારી સભાની બેઠકમાં એક યોદ્ધાની ઉગ્રતાસહ પોતાના પ્રતિપક્ષીને કચડવાની પૂર્ણ આશા સાથે ઊભા થયા. એ એકધારો તીક્ષ્ણ વાક્પ્રવાહ કાચાપોચા પ્રતિપક્ષીને તો જોતજોતામાં ભોંયભેગો કર્યા વિના ન રહે. મહાત્માજી એકચિત્તે એ વાક્પ્રવાહ ઝીલતા શાંત બેઠા હતા. એમના મુખારવિંદ પર જરા યે વિકારનાં ચિહ્ન નહોતાં. અને એ નિર્વિકારમાં એમનો વિજય સમાયો હતો. પંડિતજી તો એક પછી એક દલીલો ફેંકતા જ ગયા. એ વાક્પટુતા ચાલી પણ લાંબી. ભાષણ પૂરૂં થતાં એમણે તો મહાત્માજી પાસેથી બહુ જ સચોટ ઉત્તરની આશા રાખી હશે. પરંતુ ગાંધીજીએ ઠંડે કલેજે કહ્યું, 'પંડિતજી, મેં તો ધાર્યું કે આપણા વચ્ચે કોઇ ભારે મતભેદ હશે, પણ તમારે આ જ કહેવાનું હોય તો તો મારે કંઈ કહેવું રહેતું જ નથી. તમારૂં કથન મને મંજૂર છે.' બસ, પંડિતજી મહાત થયા! સંતે મુત્સદ્દી પર વિજય મેળવ્યો. એ વેળાનું ગાંધીજીનું હાસ્ય, નિર્વિકાર મુખાકૃતિ ને પ્રતિપક્ષીને જીતી લેવાની-પોતાનો કરવાની અપ્રતિમ કળા જેણે નિરખ્યાં હોય એ સહજ સમજી શકે કે એ આજે આટલા અજેય કેમ છે. તે દિવસથી મરણાંત સુધી પંડિતજીને ગાંધીજી પોતાના નિકટમાં નિકટ સાથી અને સહકાર્યકર્તા તરીકે ખીસામાં લઇને ફર્યા છે. મહાત્માજીની પ્રેરણા અને નેતૃત્વ નીચે દેશે કલકત્તાની એ ખાસ મહાસભામાં અસહકારનો કાર્યક્રમ અપનાવ્યો અને જગતના ઇતિહાસમાં અજોડ એવું યુદ્ધ મંડાયું.

મહાસભાએ વકીલો, વિદ્યાર્થીઓ અને સરકારી નોકરોને સરકારનો અસહકાર કરવાની હાકલ કરી. પંડિતજીએ લાખોની કમાણી જતી કરી દેશની સિપાહીગીરી સ્વીકારી અને પ્રજાને યુદ્ધના વ્યૂહો સમજાવવા આનંદભુવનના એશઆરામનો ત્યાગ કર્યો. સંયુક્ત પ્રાંતના શહેરો અને ગામડાં પંડિતજીના પડ-

કારથી જાગી ઊઠયાં. અને રચનાત્મક કાર્યક્રમ પાર ઉતારવા ઉદ્યુક્ત થયાં. સરકારે આ સેવાનો બદલો તરત જ વાળ્યો. મોતીલાલજી જેલવાસી થયા.

અસહકારનો સંપૂર્ણ વિજય હાથવેંતમાં હતો, ત્યાં દેશના દુર્ભાગ્યે ચૌરીચૌરાના બનાવો બન્યા. સત્ય અને અહિંસાને વરેલા મહાત્માજીએ યુદ્ધવિરામનો આદેશ આપ્યો. બારડોલીનો અખતરો મોકૂફ રહ્યો. સરકારે અસહકારના પિતાને ગોંધી દેતાં, સમર્થ નેતાના અભાવે યુદ્ધ મંદ પડયું. અસહકારના જુવાળને ઓટ આવી.

ધારાસભા કાળ અને સ્વરાજ પક્ષના નેતા

મોતીલાલજી જેલમાંથી છૂટયા અને દેશના સમર્થ નેતાઓ સાથે વાતાવરણને અનુકૂળ વ્યૂહ યોજવામાં ગૂંથાયા. દેશબંધુ દાસ, વિઠ્ઠલભાઈ પટેલ અને પંડિત મોતીલાલજીએ મળી સ્વરાજ પક્ષની યોજના ઘડી કાઢી અને ગયાની મહાસભા સમક્ષ તેમણે એ રજુ કરી. પરંતુ જેલની દીવાલો પાછળથી પણ મહાત્માજીનો પ્રભાવ મહાસભા ઉપર પડયા વિના રહ્યો નહિ. તેમની યોજના મહાસભાએ નામંજૂર કરી. પણ પોતાના નિશ્ચયમાં ડગ્યા વિના તેમણે પ્રયાસો ચાલુ રાખ્યા. દેશ સમસ્તમાં ફરી બહુમતીનો વિશ્વાસ મેળવ્યો અને કોકોનાડા મહાસભા પાસે એ યોજના મંજૂર કરાવી. દેશબંધુ આ પક્ષના સ્થાપક હતા; મોતીલાલજી અને વિઠ્ઠલભાઈ તેના સંચાલકો બન્યા.

અંતે ૧૯૨૩ની આખરે થએલી ચૂંટણીમાં, મહાસભાના અંગ તરીકે સ્વરાજ પક્ષે પ્રાંતિક અને વડી ધારાસભાનો કબજો લઇ સરકારના ગઢમાં પેસી સરકાર સામે પેંતરા રચ્યા. સ્વરાજ પક્ષની સંગીનતા અને કુશળતાથી સરકાર પણ દિગ્મૂઢ બની. એની પોકળતા સાફસાફ ખુલ્લી થતી ગઈ અને એને નાકલીટીઓ ખેંચવા વારો આવ્યો.

૧૯૨૫ સુધી આ પક્ષની સરદારી દેશબંધુ દાસે ભોગવી. તેમના મૃત્યુ પછી મોતીલાલજી એ પક્ષના નેતા બન્યા અને ૧૯૨૯ સુધી સરકારને પોતાની નીતિથી હંફાવી કાયર કાયર કરી મૂકી. માલ્કમ હેલી અને ઍલેક્ઝાન્ડર મુડીમેન જેવા કાબેલ રાજનીતિજ્ઞોને પણ પહોંચી કરડીને તેમની આગળ પોતાની હાર કબૂલ કરવી પડી; વાઇસરૉય તથા તેમની કારોબારી સમિતિને તેમનો તાપ અસહ્ય થઈ પડયો; સરકારના



પં. મોતીલાલ નેહરૂ : અમદાવાદમાં ૧૯૨૩માં ભરાએલી મહાસભા સમિતિ વખતે. સ્કેચ : રવિશંકર રાવળ

અર્થસચીવને ખર્ચની મંજૂરી લેતાં ભોંય ભારે થઇ પડી. દરેક બાબતમાં 'મીણ' કહેવું પડયું. પરંતુ આટલા ઉજ્જવળ કાર્ય છતાં આજે એટલું તો કહેવું પડે કે ૧૯૨૩–૨૪માં મહાસભાના કાર્યક્રમને છોડીને ધારાસભાઓ હાથ કરવાની લોલુપતામાં ખેંચાવામાં કંઇ ડહાપણ હતું કે કેમ એ મુદ્દો ૧૯૨૯–૩૦માં એક વખત પુનઃ ધારાસભાનો ત્યાગ કરવાની સ્વીકારવી પડેલી નીતિને પરિણામે શંકાભર્યો બને છે. ધારાસભા હાથ કરવાના મોહમાં પડ્યા સિવાય દેશને વિદ્યુત-આંચકો દે એવો કાર્યક્રમ દેશને આપવામાં એ પ્રચંડ શક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હોત તો ભારતનો ઇતિહાસ જૂદો જ લખાયો હોત એમ લાગે છે. છતાં એ કલ્પનાનો વિષય છે. એ નીતિના ડહાપણ—ગેર-ડહાપણનાં મૂલ્ય તો ભવિષ્ય આંકવાં હશે તેમ આંકશે. પરંતુ એટલું તો નિર્વિવાદ છે કે જગતના કોઇપણ સ્વતંત્ર રાજ્યની પાર્લામેન્ટના નેતા જેટલી જ શક્તિ, મુત્સદ્દીપણું, કૂટનીતિ કે નય એમનામાં હતાં. હરીફ પક્ષ સામેના વ્યૂહો રચવામાં તો એમને ખૂબ મજા પડતી. હિંદ જો સ્વતંત્ર હોત તો વડા પ્રધાન માટે

આપણને એક મહાન પ્રતાપી અને પ્રભાવશાળી વ્યક્તિની સેવાનો લાભ મળી શકત, એમ એમના ધારાસભા—જીવનથી સ્પષ્ટરીતે જણાય છે. એમની ધારાસભાની કારકીર્દિ હિંદની તવારીખનું એક ઉજ્જ્વળ પાનું રહેશે. કોઈપણ નેતાએ એમના જેટલું પોતાના પ્રતિપક્ષીઓનું માન મેળવ્યું નહિ હોય. પંડિતજી વડી ધારાસભાની એક શોભા હતા અને એમની ગેરહાજરીમાં ધારાસભા ખાલીખાલી તથા નીરસ લાગતી. શ્વેત વસ્ત્રોમાં ધીમાંધીમાં ડગ દેતા મોતીલાલજી ચારે બાજુ મધુરૂં હાસ્ય ફેંકતા ધારાસભાના હૉલમાં પ્રવેશ કરતા ત્યારે સર્વકોઇને આકર્ષતા. એમનો કટ્ટરમાં કટ્ટર પ્રતિપક્ષી પણ એની પાસે થઇને પંડિતજી જાય એટલે ઊભા થઈ હસ્તધૂનન કરવામાં ગૌરવ માનતો. એમનું સૌમ્ય, એમનો મિલનસાર સ્વભાવ અને મીઠાશ સૌકોઇને મહાત કરતાં; રોષિતનો રોષ ઘડીભરમાં ઉતારી દેતાં; શત્રુને મિત્ર બનાવતાં. અને છતાં પંડિતજી એટલા જ સ્વતંત્ર ખવાસના રહી શકતા અને જરૂર પડયે એ પ્રતિપક્ષીઓને સંભળાવવામાં કંઇ કચાશ ન રાખતા એ જેમણે ધારાસભામાં એમને કામ કરતા નિહાળ્યા છે એ સહજ જોઇ શકતા. એમનો પ્રભાવ એટલો, એમની દલીલની સચોટતા એટલી કે જાણે એમની હાજરીમાં એમનાથી ભિન્નમત થવાનું કોઇનું જિગર જ ન ચાલે. આવા બાહોશ ધારાશાસ્ત્રી જગતના ગમે તેવા પ્રગતિમાન રાજતંત્રમાં ભારેમાં ભારે હોદ્દો શોભાવત એ વાત તો એના પ્રતિપક્ષીઓને પણ સ્વીકારતા સાંભળ્યા છે.

મહાસભાએ જે માગણીઓ બહાર રહીને કરી તે જ માગણીઓ તેમણે ધારાસભામાં સરકાર સમક્ષ રજુ કરી અને સરકારની સાચી દાનત બતાવવાની તેને મહેતલ આપી. પરંતુ યંત્રવત્ સરકારી તંત્રમાં કશો યે સુધારો થયો નહિ. ૧૯૨૭માં હિંદના પ્રશ્નોના વિચાર માટે વિલાયતની સ્થિતિચુસ્ત સરકારે હિંદી પ્રજાનું ભયંકર અપમાન કરી, એક સર્વાંગ શ્વેત કમિશન નીમ્યું. તુમાખી બર્કનહેડે 'હિંદીઓ રાજ્યબંધારણના સિદ્ધાંતોથી અજ્ઞાન છે' કહી તેના સમર્થ નેતાઓની અવજ્ઞા કરી. પંડિતજીએ આનો પૂરેપૂરો જવાબ વાળવાનો નિશ્ચય કર્યો. ૧૯૨૮ની શરૂઆતમાં સરકારની ધારાસભામાં સાઇમન બહિષ્કારનો ઠરાવ પસાર કરી એમણે સરકારની ફજેતી કરી.


નેહરૂ રીપોર્ટ

૬૦૦૦ માઇલ દૂર દેશનો આદમી હિંદી પ્રજાનું રાજકીય ધ્યેય નક્કી કરે એ વિચાર જ પ્રજાને અસહ્ય હતો. તેથી મહાસભાએ પ્રજાની માગણીઓ પૂરી પાડતું બંધારણ ઘડી કાઢવા પંડિતજીના પ્રમુખપદે એક સમિતિ નીમી. પંડિતજીએ સર્વ પક્ષનો સહકાર મેળવી એક રીપોર્ટ ઘડી કાઢયો તથા મહાસભાએ તેને બહુમતીએ વધાવી લીધો. આ રીપોર્ટ હિંદના રાજકીય ઇતિહાસનો મહત્ત્વનો દસ્તાવેજ છે, તથા બે વર્ષ પહેલાંની હિંદની માગણીઓનું મૂર્ત સ્વરૂપ છે. તુમાખી હિંદી વજીર બર્કનહેડે રાજ્યબંધારણ ઘડવાની હિંદની નાલાયકાત સંબંધી કાઢેલા બખાળાને એથી વધુ સચોટ પડકાર અન્ય કોઈ ન હોઇ શકે. પંડિતજીએ એમાં પોતાનું સર્વસ્વ હીર રેડયું છે. એ નેહરૂ રીપોર્ટ એ પંડિતજીનું સુંદરમાં સુંદર જીવંત સ્મારક છે.

કલકત્તાની મહાસભા

પંડિતજીએ જે અથાગ શ્રમ લઈ સાઇમન કમિશનનો બહિષ્કાર સફળ કર્યો તથા પ્રજાને રૂચતું બંધારણ નક્કી કર્યું તેના બદલામાં તેમને બીજી વાર મહાસભાના પ્રમુખ બનાવી ઋણ અદા કર્યું. કલકત્તાના નાગરિકોએ પંડિતજીને જે બાદશાહી માન આપ્યું તે તેમના પ્રત્યેનું સબહુમાન અને આદર સ્પષ્ટ બતાવી આપે છે. તે વખતની મહાસભા અનેક રીતે મહત્ત્વની હતી. જવાહરલાલ અને સુભાષચંદ્ર બોઝની સરદારી નીચે યુવાન વર્ગ મહાસભાથી વિખુટો ન પડી જાય તેવી રીતે ખૂબ સમયસૂચકતા અને સમજુતથી માર્ગ કાઢવાનો હતો. મહાસભામાં મતભેદ પડે તો પ્રજાકીય બળ ઘટી જાય અને સરકાર ફાવી જાય. પંડિતજીએ મહાત્માજીની સલાહ અને સૂચનાઓ અનુસાર વચલો માર્ગ કાઢયો ને કલકત્તા મહાસભાની વ્યાસપીઠ પરથી બ્રિટિશ સરકારને છેલ્લી વારની ચેતવણી અપાઇ કે એક વર્ષમાં સાંસ્થાનિક સ્વરાજ ન મળે તો સ્વતંત્રતા મેળવવા યુદ્ધ જગાવવું. ૧૯૨૯માં સરકારને પ્રજાની આ આજ્ઞા સુણાવી સ્વરાજ પક્ષ ધારાસભાનો ત્યાગ કરી દેશને લડત માટે તૈયાર કરવા બહાર પડયો. મોતીલાલજીનું વડી ધારાસભામાંનું એ છેલ્લું ભાષણ સ્વરાજ પક્ષના ઇતિહાસ, કાર્યપ્રદેશ તથા તેની સિદ્ધિઓનું સમર્થ સિંહાવલોકન હતું.

[અનુસંધાન આગળ પાન ૧૦૦મે]



અર્વાચીન યુગનો અદ્ભુત સ્વાસ્થ્ય સંઘ

સોકોલ

'ચેસ્કા ઓબેક સોકોલ્સ્કા. પ્રાહા (ઝે.સ્લો.)' ના સૌજન્યથી આપેલા ફોટોગ્રાફો અને સાહિત્ય પરથી ગુજરાતીમાં આલેખનાર

હરિનારાયણ આચાર્ય

'There They Go.....'

હજારો કંઠથી મળેલા પ્રોત્સાહનને સ્વીકારતા ઝેકોસ્લોવેકીઆના સર્વોત્તમ સ્કીઅરો (Skiers) બરફના મેદાનમાં પથરાઇ ગયા.

તા. ૨૪મી માર્ચ સને ૧૯૧૩ અને ભર શિયાળો હતો. નદીનાળાં ને તળાવ ઠરી ગયાં હતાં. આરસ જેવાં લીસાં બરફનાં વિશાળ મેદાનો સૂરજના આછા તેજમાં ચકચકતાં હતાં. ક્રકોનોશેની વિશાળકાય પ્રૌઢ પર્વત-પરંપરાની હિમાચ્છાદિત શિખરશ્રેણિની ગોદે માનવ-સમૂહ એકત્રિત થયો હતો. આજે ૫૦ કિલોમીટરની * 'સ્કી'નીડ્ § શરત હતી. ઝેકોસ્લોવેકીઆનો સર્વોત્તમ સ્કીઅર બી. હૅન્ક નામનો વણકર શરતમાં ઊતરનાર હતો એટલે પ્રાંતભાગોમાંથી માનવસમુદાય ઊલટ્યો હતો.

સવારના આઠ વાગ્યાં હતા, છતાં ઉકળાટ એટલો હતો કે કોટ ટોપી અને હાથનાં મોજાં ઉતારી નાખી પહેરણભેર જ હરીફો શરતમાં મેદાને ચડ્યા હતા.

* કિલોમીટર (Kilometre)=અંતર માપવાનું ફ્રેંચ પ્રમાણ. ૧ કિલોમીટર=૧૦૯૪ વાર; ૮ કિલોમીટર=૫ માઇલ (આશરે). આને વિષે વિસ્તૃત નોંધ આ અંકની માધુકરીમાં છે

§ આ રમત વિષે વિગતવાર સમજણ આપનારી વિસ્તૃત નોંધ આ અંકની માધુકરીમાં છે. તે અવશ્ય વાંચવી.

શરૂઆત તો સરસ થઇ. પણ દસ વાગતાં તો ઋતુએ જુદું જ રૂપ ધારણ કર્યું. જોતજોતાંમાં ભયંકર શીત પવન ફૂંકાવા લાગ્યો અને બરફના ગાઢ તોફાનથી દિશાઓમાં અંધકાર ફેલાઈ ગયો. શરત શરતને ઠેકાણે રહી અને બધા યે હરીફો જીવ બચાવવા જ્યાં ફાવ્યું ત્યાં નાઠા. તપાસ કરતાં ખબર પડી કે માત્ર હૅન્ક જ પાછો ફર્યો ન હતો. શરતમાં સૌથી મોખરે હોવાથી તોફાનની શરૂઆતમાં બધાથી છૂટો પડી એ આગળ નીકળી ગયો હતો. એટલે અમંગળની શંકાથી જીવના જોખમે પણ એની ભાળ લેવા શોધનારા નીકળી પડ્યા. ઢીંચણપૂર પથરાએલા બરફમાં પગેરું કાઢવું અશક્ય હતું. મોં પણ ન સૂઝે એટલા ઘોર અંધકારમાં ફાનસના અજવાળે મેદાનના ખૂણેખાંચરે શોધ ચાલી. સમય વહેવા લાગ્યો તેમ ટાઢ પણ અસહ્ય થતી ગઇ. ત્રાસ, ભય અને થાકથી શિથિલ થએલો શોધનાર વર્ગ નિરૂપાયઃ બની પાછો ફરવા લાગ્યો. ત્યાં રસ્તામાં બરફમાં અરધા દબાએલા હૅન્કના નિશ્ચેષ્ટ દેહનો પત્તો લાગ્યો. મહા પ્રયત્ને ઠેલણગાડીમાં નાખી એને દવાખાને લઇ ગયા. પણ અનેક ઉપચારો કર્યાં છતાં યે એનો પ્રાણ-ત્યાગ થયો. લોકનું ધ્યાન ગયું કે મૃત હૅન્કનું શરીર કોઇનાં કોટ ટોપી અને મોજાંમાં ઢંકાએલું છે. એવે

જ સમાચાર આવ્યા કે બીજી એક વ્યક્તિ હૅન્કવાળી જગ્યા આગળથી મૃત અને વસ્ત્રવિહીન મળી આવી છે. તપાસ કરતાં ઓળખાણ પડી કે એ તો હૅન્કનો પરમ મિત્ર અને ત્રિગ્નોનો સોકોલોનો અગ્રણી, પ્રેક્ષક રૂપે આવેલો વી. વબાટા છે. બંને મિત્ર વચ્ચે શું બન્યું તે પર તો બરફનો સફેદ પડદો પડી ગયો હતો; પણ એટલું કલ્પી શકાય છે કે તોફાનમાં અર્ધનગ્ન હૅન્કને સંકટમાં સપડાએલો જોઇ, વબાટાએ પ્રાણની પરવા ન કરતાં પોતાનાં વસ્ત્ર ઉતારી આપ્યાં અને હૅન્કને આશ્રય તથા મદદ મોકલવા નાઠો. અંધારામાં આડમાર્ગે ચડી જતાં બહુ વાર અથડાવું પડ્યું તેથી આખરે થાક અને ટાઢથી શિથિલ બની ભમતોભમતો અસલ જગ્યાએ પાછો આવ્યો અને હૅન્ક પડ્યો હતો તે સ્થળે જ નિકટમાં બરફમાં દબાઇ મરણ પામ્યો.

આજે પણ આ બંને વીર નરોના સમાધિસ્થાન સૂચક શિલાસંચય (Cairna) સોકોલના બંધુભાવનો જ્વલંત દૃષ્ટાંત રજુ કરે છે.

પણ 'સોકોલ' એટલે ? સોકોલ એટલે 'બાજ'. ઝેક સાહિત્ય અને લોકકથામાં વીરત્વ, દઢતા અને ઉર્ધ્વગામીત્વના આદર્શ જેવા બાજ પક્ષીનું સ્થાન અપૂર્વ છે. એનાં યશોગાન કંઇ કંઇ યુગોથી ગવાતાં આવ્યાં છે. એ વિશિષ્ટતાનો આદર્શ રાખી, વિચારપ્રિય સોકોલ સંઘના અનુયાયીઓ પોતાની ટોપીમાં સંજ્ઞા રૂપ 'બાજપિચ્છ' ખોસે છે. ઝેકોસ્લોવેકીઆના શહેરે શહેર અને ગામે ગામ વિસ્તરેલી આ સોકોલ પ્રવૃત્તિ આ યુગનું અદ્‌ભુત વસ્તુ છે. સૈકાઓથી અધમ દશાએ પહોંચેલી અને ઑસ્ટ્રીઆની નૃશંસ શાસનપ્રણાલિથી પરિપીડિત ઝેક પ્રજાના પુનરુદ્ધારનું—ઝેક જાતિના શારીરિક અને માનસિક વિકાસના વિશિષ્ટત્વનું તત્ત્વાન્વેષણ કરનારે એ સોકોલ પ્રવૃત્તિનો અભ્યાસ કરવો જોઇએ. કારણકે યુગોથી સેવેલી મહત્ત્વાકાંક્ષાઓના પરિપાકનું—પ્રજાત્વના આત્માનું શુદ્ધ પ્રતિબિંબ આ પ્રવૃત્તિમાં દેખાય છે.

ઓગણીસમા શતકનો ઉપાન્ત્ય પાદ (ત્રીજી પચીશી) સોકોલનો જન્મકાલ ગણાય. તે દિવસથી પ્રજાજીવનના નવવિધાન અને સ્વાતંત્ર્ય સારૂ આવશ્યક એવા માનસિક વિકાસનું પ્રચંડ કાર્ય સોકોલ સંઘે ઉપાડી લીધું અને પ્રજાની શક્તિ ને વૃત્તિના અંતર્ગત ગુણોને સચેત કરનારી શિક્ષાપ્રણાલિના સાધન વડે, સ્વાધીનતાના ભારને વહી શકે એવી સ્વાસ્થ્યપૂર્ણ શક્તિમતી નવજુવાન ઝેક જાતિ ઉત્પન્ન કરી. આખા પ્રજાજીવનને સ્વાતંત્ર્યના ઉદાત્ત ગુણથી રસબસ કરી એનાં અંગેઅંગનો સર્વાંગ સુંદર વિકાસ સાધીને સોકોલ સંઘ ઝેક સમાજનું મહત્ત્વનું અંગ બન્યો છે. પ્રજાની શક્તિ, પ્રવૃત્તિ ને શિક્ષાના મૂળરૂપ આ પ્રવૃત્તિ એના ઉદ્ધારનું સર્વોત્તમ સાધન થઇ પડી છે.


પરંતુ સોકોલના યથાર્થ દર્શન સારૂ તો યુરોપનો મધ્યકાલીન ઇતિહાસ વિચારવો જોઇએ. જર્મન જાતિના જર્મનેતર પ્રજા પરના અત્યાચારો, સાર્વભૌમ સત્તાના મદમાં અંધ બનેલી ઑસ્ટ્રીઅન રાજસત્તા હૅપ્સબૂર્ગ (૧૫૨૬–૧૯૧૮)ની પ્રજોન્મૂલન પ્રવૃત્તિ, સ્વાતંત્ર્ય અને સજીવતા સારૂ લડતી ઝેક જાતિનો પૂર્વ ઇતિહાસ,—આ બધાનો વિચાર કરીએ તો જ સોકોલના આધુનિક વ્યવસાયનું ખરૂં રહસ્ય સમજી શકાય. પણ એ લાંબો વિષય ભવિષ્ય માટે રાખી હાલ તો ઝેક પ્રજાના જીવંત ઇતિહાસ રૂપ સોકોલના એક વિશિષ્ટ અંગ 'સ્વાસ્થ્ય–સત્ર'નું પ્રત્યક્ષ દર્શન કરનાર એક પ્રવાસી કેવુંક તેને આલેખે છે તે જોઇએ.

'કલ્પના કરો કે તમારી નજરે એક વિશાળ લંબચોરસ મેદાન પથરાએલું છે. પાએક માઇલ લાંબા અને ત્રણસો વાર પહોળા આ વિસ્તારના સીમાડે ફરતી ગૅલેરીઓ આવેલી છે. ૯૦,૦૦૦ પ્રેક્ષકગણ સ્વસ્થપણે બેસી શકે તેવાં આસનો ઉપરાંત બીજા ૬૦,૦૦૦ને ઊભા રહેવાની સુવિધા તેમાં કરેલી છે. સોકોલ સંઘનાં સ્વાસ્થ્ય-સત્ર ઊજવવા સારૂ રમણીય ટેકરીઓની ગોદમાં આવેલું આ ક્રીડાંગણ સોકોલ યુવાનોના શરીરશ્રમથી બંધાએલું છે. સોકોલનો શ્રમ જ્યાં ન પહોંચી વળે એવાં સાધનો માટે જ માત્ર પંદર લાખ રૂપિયા ખરચાએલા છે. આસન પરંપરાની વચ્ચે ઉચ્ચ સ્થળે આ સ્વારાજ્યના યુગનાયક તથા દેશના પ્રમુખ પુરુષવરોનાં આસન આવેલાં છે. આ સ્થાનોની બરોબર સામે મેદાનમાં પ્રવેશ અર્થે ચાર વિશાળ પ્રવેશદ્વાર પડદાથી ઢંકાએલાં છે. અનિમેષ આંખે સમસ્ત પ્રેક્ષકગણ એ પડદા પર નજર નાખી રહ્યો છે.

ત્યાં તો બ્યૂગલનો મનોરમ નિનાદ થયો અને પડદા ઊંચકાયા. ૧૪,૪૦૦ યુવાનોએ મેદાનમાં પ્રવેશ



ઝેકોસ્લોવેકીઆનું સ્થાન બતાવતો યુરોપનો નકશો



મૂક અભિનય

સોકોલની રમણીય નૃત્યપરંપરાનો એક વધુ પ્રસંગ. વરસાદ વરસે છે, ધરામાંથી રસોત્પાદક ગંધ વહી રહ્યો છે. આનંદ અને આકાંક્ષા ભરેલા હૈયે ખેડુતો વાવણી કરે છે. વર્ષા પૂરી થઇ. પાક અનાજભારે લચી રહ્યા છે. તૃષાતુર નયને ખેડુત લણણી આરંભે છે . . . . મનુષ્યજીવનના ઘણા યે પ્રસંગો આવી રમણીયતાવાળા છે. એમાં થતા સ્વાભાવિક સરળ ગતિસંચાર, સહજ નૃત્યનાં આંદોલન, આનંદ અને સંતોષ, અભિલાષ અને તીવ્ર ઊર્મિવેગ વગેરે લાગણીઓના નૈસર્ગિક આવિર્ભાવ—આવાં અનેક રંગે રંગાએલા ગ્રામ્યજીવનને સોકોલ સંઘે નૃત્યમાં ઉતાર્યું છે. આ નૃત્યપરંપરાને ચીતરતાં તો એકાદ પુસ્તક ભરાઇ જાય.

કર્યો. એક હારમાં વીસ એવી એકસો એંસી હરોળના ચાર વિભાગો વ્યૂહબદ્ધ થઇ સોકોલના લાક્ષણિક સંગીતના તાલ સાથે પદાઘાત કરતા ચાલ્યા આવે છે. શ્વેત ને નીલ વર્ણનાં વસ્ત્ર ધારણ કરી શ્યામ શિરોવેષ્ટનમાં બાજપિચ્છ લહેકાવતો આ યુવકગણ સાગરપૂરે ઊલટે છે. ક્ષણમાં તો વીસની દસવાળી હરોળ બની ગઇ અને નિમેષ થતાં તો આખું મેદાન પાંચપાંચની નેવું હરોળ એવા બત્રીસ વિભાગથી વ્યાપ્ત થઈ ગયું.

અને તરત સંગીત બંધ થયું. સકળ સોકોલો ધીમે ધીમે હાથ આગળ ઊંચા કરી ખભા પાસે લાવ્યા અને મેઘધ્વનિ જેવા ગંભીર સ્વરે દેશ અને દેશનાયકની ત્રણ જયઘોષણા કરી. પણ બ્યૂગલ વાગતાં જ હાથ પહોળા સમાન્તર કર્યા અને મેદાનના એક છેડેથી બીજા છેડા સુધી આંગળીઓના અગ્રભાગ સ્પર્શતા દેખાયા. ફરી બ્યૂગલ ફૂંકાતાં એક જ સૂસવાટો થયો અને બધી ય હથેળીઓ સાથળ સાથે એકસામટી અફળાઇ. જાણે વજ્રના એક જ વજ્રપાતથી પર્વતશૃંગોના ભૂકા થઇ જતા ન હોય!

સોકોલના સંઘવ્યાયામનું દિલને હલાવી નાખનારૂં આ પ્રથમ દર્શન.

પછી તો ઉપરાઉપરી દશ્યો બદલાવા લાગ્યાં. બ્યૂગલના તીવ્ર નાદની જગ્યાએ હવે મધુર, શાંત અને સરળ ભાવવાહી સંગીત થવા લાગ્યું અને આમતેમ આગળપાછળ એમ વિવિધ દશામાં પલટાતા યુવાન સોકોલોનો શ્રેણિબદ્ધ વ્યાયામ શરૂ થયો. અત્યંત સૌષ્ઠવપૂર્ણ અંગવિચલનથી એમનાં નીલ અને શ્વેત વસ્ત્રો તથા આરક્ત દેહ પર પથરાતા સૂર્યપ્રકાશનાં પરિવર્તનથી, વિચિત્ર વર્ણ કિરણપરંપરા ઝળહળવા લાગી. એમના વિશિષ્ટ અંગમરોડમાં અત્યંત બળ, સૌષ્ઠવ અને પ્રબળ શ્વાસપ્રક્રિયાની જરૂર પડતી, તો ય રજ પણ શ્રમની પ્રતીતિ વિના એમણે સરળતાથી વ્યાયામ કરી બતાવ્યો. વર્ષોના સતત અભ્યાસને પરિણામે જ આવી અંગભંગી કેળવી શકાય. છતાં આ યુવાનોનો કાર્યક્રમ આજ પૂરતો જ હતો. ત્રણે દિવસ ૧૪,૪૦૦ યુવકોના જુદાજુદા સમૂહોએ આવાં જ મનોહર દશ્ય રજુ કર્યાં.

ફરી એક વાર સંગીત બંધ થયું અને બ્યૂગલ ફૂંકાયું. વીજળીવેગે આખું યુવકમંડળ પાંચની પંક્તિમાં ગોઠવાઇ ગયું. વિચારવેગે તો દસ, વીસ, વગેરે ક્રમમાં પલટાઇ, સંગીતથી તાલબદ્ધ પગલે કૂચ શરૂ કરી. એટલી ત્વરાથી કે કેવળ આઠ જ મિનિટમાં છેલ્લી વ્યક્તિ પૂંઠે દરવાજા બંધ થઇ ગયા!

પહેલા દિવસના વ્યાયામ પ્રદર્શન વખતે ભયંકર વાવાઝોડું થયું હતું; છતાં પાણીથી તરબોળ થઇ, કાદવ



સોકોલ સંઘનું પ્રતીક બાજ, વિજયસૂચક પલ્લવ-ડાળ અને વીરત્વ તથા દૃઢતાથી ભરેલા નરદેહની ગૂંથણી કરતું સોકોલ પ્રવૃત્તિનું એક સંજ્ઞાચિત્ર.




જગતભરના અદ્વિતીય ને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સંઘ સોકોલનો સ્રષ્ટા ડૉ. મીરોસ્લાવ ટાયરસ

અને ખાએોચિયાંમાં પગલાં ભરતા આ વ્યાયામપટુઓના એક પણ અંગસંચલનમાં નહોતી દેખાતી વિકળતા કે નહોતી એમના પ્રસન્નગંભીર મોં પર શિથિલતા કે વિષાદની છાયા. અને પ્રેક્ષકોમાંથી પણ એક પણ જણ સ્થાનત્યાગ કરી ગયો ન હતો.

આ દરમ્યાન ૧૨,૮૦૦ યુવતીઓ બંધ દરવાજાની પાછળ એકત્રિત થઇ હતી. શ્વેત કંચુક અને શિરોવેષ્ટન તથા ઘેરા નીલ વર્ણવાળા ચણિયામાં એમનાં ગૌર અંગો ઢંકાએલાં હતાં. બે ઘડી પર્યંત મૂશળધાર વરસાદમાં ભીંજાતી અને તીવ્ર પવનના સપાટા સહતી તેઓ એ જવનિકા પાછળ ઊભી હતી. છતાં એમનો વારો આવતાં જળજળાકાર બનેલા મેદાનમાં એ પથરાઇ ગઈ ત્યારે એમનાં પ્રસન્ન વદનો પર નિર્બળતા કે વિકળતાનું ચિહ્ન સરખું દેખાતું ન હતું. નીતરતાં વસ્ત્રો ચોંટી જવાથી એમનાં સ્પષ્ટ દેખાતાં અંગોમાંથી—દૃઢબદ્ધ સ્નાયુવિકાસમાંથી યૌવનશ્રી નીતરતી દેખાતી હતી. એમનો વ્યાયામ, એમનું સંઘસંચરણ, એમનાં ગતિપરિવર્તન અને સ્ત્રીત્વને અનુકૂળ સૌંદર્યવાહી લાક્ષણિક સંગીતના તાલે થતી એમની નૃત્યક્રિયા એટલાં મનોરમ અને ગૌરવપૂર્ણ હતાં કે એને મુકાબલે એમના પુરોગામી પુરુષોની ચપળતા કઠોર અને વિસંવાદી લાગતી. જોનારને એમ જ લાગતું કે કોઇ સૃષ્ટિ-વિધાયક નટરાજનો આ વિરાટ નૃત્યસંનિવેશ છે, યુગ-યુગની પ્રતિભાવતી નૃત્યદેવીઓ એકત્રિત થઇ છે, અને ગ્રહમંડળની અવ્યાહત ગતિથી ઉત્પન્ન થતા દિવ્ય સંગીતના સ્વરોને અનુસરતી, એ બધાંની અમાનુષી નૃત્યપરંપરા ચાલી રહી છે. વર્ણ અને પ્રકાશનાં વિવર્તન, હસ્ત, પાદ વગેરે સમગ્ર દેહના સંચલન સાથેનો સંગીતનાં સ્વરોનાં આંદોલનોનો સંવાદ,—આ અપૂર્વ દર્શનની પૂર્ણ પ્રતિકૃતિ કોણ આલેખી શકે? કદીકદી એમ લાગતું કે જાણે કોઇ વિશાળ જલતરંગ પર રમતી નીલ–રક્ત–શ્વેત અમ્બુજપરંપરા આછી વાયુ લહરીમાં ડોલી રહી છે! જ્યારે પાણીથી તરબોળ અને કાદવથી ખરડાએલી પણ સ્વાસ્થ્ય–શક્તિ–ગૌરવથી નીતરતી એ ૧૨.૮૦૦ સોકોલ વનિતાઓ સરળ ગતિએ મેદાન છોડી ગઇ ત્યારે થએલો પ્રેક્ષકોનો હર્ષનાદ દિગંતભેદી હતો. સૌંદર્ય અને સરળતા જેટલી જ ધીટતા એમણે દર્શાવી હતી;—અને એક જાતિનો સર્વોત્કૃષ્ટ આદર્શ 'ધીટતા' છે.

જવનિકા ઓથે એમની એક સખીના વ્યવસાયથી કોરાં વસ્ત્ર તૈયાર હતાં. પિસ્તાળીસ વર્ષની પ્રૌઢાઓનો બીજો સમૂહ હજી મેદાનમાં આવી સ્વસ્થ થાય ત્યાર પહેલાં તો જલભીનો આ યુવતીવર્ગ સ્વચ્છ અને શુષ્ક



સોકોલના સંઘવ્યાયામનું એક દર્શન

વસ્ત્રો પરિધાન કરી રહ્યો હતો. શી વ્યવસ્થા!

પરંતુ, કયા અદ્ભુત આદર્શ અને આત્મબળનો આ પરિણામ છે? અહીં વ્યાયામપ્રિય મનુષ્યોનો કેવળ આનંદ-ઉત્સવ નથી. આ તો ભાવિ વિગ્રહ પ્રસંગે સ્વદેશ ને સ્વાધીનતાની રક્ષા અર્થે તૈયાર થતા મહારથીઓનું વ્યૂહદર્શન છે. અહીં એકત્રિત એકએક સોકોલની સાથે બીજા વીસવીસ સોકોલો આખા દેશમાં પથરાએલા છે. એક લક્ષ્ય, એક આચારધર્મ અને એક આદર્શ આગળ નમી પડનાર અસંખ્ય સોકોલો સ્વદેશ રક્ષાની હાકલ અર્થે સાવધાન તૈયાર છે. ઝેક જાતિના ગૌરવની રક્ષાનો આત્મા અહીં ઉચ્ચશિરે ઊભો છે.

છતાં આ બળ શારીરિક કરતાં આત્મિક વધારે છે. જોકે એનો આદર્શ — ઝેક સભ્યતાના આદર્શ પેઠે— જર્મન પ્રજાના શારીરિક વિકાસનું સાધન 'Turnvereine' છે. એના અનુસરણથી, પણ જર્મન પ્રજાની જડતા અને સ્થૂલતાનો ત્યાગ કરી, ઝેક સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનાં સ્વચ્છ તત્ત્વોના મિશ્રણથી ઉત્પન્ન થએલી નવીન વ્યાયામપદ્ધતિ તે 'સોકોલ.' અનેક પ્રયત્નો કરવા છતાં જગતની કોઇ પણ અન્ય પ્રજા 'સોકોલ'નું સર્વાંગ અનુસરણ હજી કરી શકી નથી!

ઝેક પ્રજાના આવા આ સર્વાંગ સુંદર નવવિધાનનો —સોકોલ સંઘનો સ્રષ્ટા તે ડૉ. મીરોસ્લાવ ટાયરસ (૧૮૩૨-૧૮૮૪). યુવાવસ્થામાં એ અધ્યાપક બનવાનાં સ્વપ્નાં સેવતો હતો. તત્ત્વજ્ઞાન અને ડાર્વિનના વિકાસવાદના ઊંડા મનનથી એના જીવનમાં અદ્ભુત પરિવર્તન થયું હતું. પ્રજાજીવનના ઘડતર અર્થે પ્રકૃતિનો પ્રબળ ન્યાય 'Where there is a long halt there is death; it is only by movement that we live.' (પ્રવૃત્તિ હોય ત્યાં જ જીવન: મૃત્યુ એટલે સંચલનનો અભાવ.) સર્વાંશે આચરવો જોઇએ, એવું ડાર્વિનના વિકાસવાદમાંથી એ શોધ્યો અને એના દૃઢ અનુસરણનો નિશ્ચય કરી ઝેક પ્રજાના ભાવિ વિકાસનો તેણે પ્રયત્ન આરંભ્યો. જીન્ડ્રીશ ફ્યુગનર (૧૮૨૨-૧૮૬૫) નામના એક મિત્રના સહકારથી સને ૧૮૬૨ના ફેબ્રુઆરીની છવ્વીસમી તારીખે ઝેક પ્રજાના ઉદ્ધારની પ્રવૃત્તિ 'સોકોલ'નો એક નાના વ્યાયામમંદિરની સ્થાપના દ્વારા જન્મ થયો. ત્રીસ વર્ષ સુધી આ વ્યાયામમંદિરમાં કેવળ શરીર કેળવવા પૂરતી પ્રવૃત્તિ ચાલતી. સાથેસાથે વ્યાખ્યાનો, પ્રકાશનો, ઉત્સવો દ્વારા પ્રજાની જાત્યભિમાન વૃત્તિને કેળવવાનો પણ પ્રયત્ન ચાલુ હતો. ઑસ્ટ્રીઅન રાજસત્તાના અમાનુષી અત્યાચારો સહન કરીને પણ આ પ્રવૃત્તિ આગળ વધી. એવી, કે આજે પ્રત્યેક પુરુષ, પ્રત્યેક સ્ત્રી, પ્રત્યેક બાળક 'સોકોલ' બની ગયો છે. ટાયરસ કેવળ વ્યાયમપ્રિય ન હતો. એણે કળા અને સૌંદર્યનાં તત્ત્વોનું પૂર્ણ ચિંતન કર્યું હતું. કલાની મીમાંસા



સોકોલ રમણીઓનું 'પ્રકૃતિ-નૃત્ય'. જર્મન, ફ્રેન્ચ અને સ્વિસ વ્યાયામપદ્ધતિઓમાં અંગોની સ્વાભાવિક ગતિ અને ડોલનને જ અનુસરીને વ્યક્તિગત તેમજ સંઘવ્યાયામ ઘડવામાં આવે છે. ઝેક કલાકાર ટાયરસે એમાં વિશેષતા સારૂ વાયુની લહરી, નદીના જલતરંગ, લતાનાં નૃત્ય, પુષ્પોના વિકાસ, પક્ષીનો થનગનાટ વગેરે રમ્ય સંકેતો ઉમેર્યાં ને નૃત્યને સજીવ બનાવ્યું. તેવા નૃત્યનો આ એક પ્રસંગ પ્રકૃતિના જ ખોળે ભજવાય છે.

કરનાર સમર્થ ગ્રંથો એણે લખ્યા હતા. એટલે સોકોલ પ્રવૃત્તિ કલાહીન ન બને તેની એણે ખાસ સાવચેતી રાખી હતી. પ્રજાજીવનનું આ મહત્ત્વનું અંગ પાંગળું કે સૂકું ન રહે, એ અર્થે સોકોલના ક્રીડાપ્રસંગો એણે અત્યંત કળાપૂર્ણ બનાવ્યા હતા. સંઘવ્યાયામની સાથે-સાથે સ્ત્રીઓ અને કન્યાઓનો મૂક અભિનય, પ્રાકૃતિક નૃત્યો અને સાંકેતિક વ્યૂહરચના (Pantomimes, Nature dances, Symbolic tableau) પ્રત્યેક સોકોલ ઉત્સવમાં દેખાડવાની તેણે યોજના કરી હતી. આજે પણ સમસ્ત જગત સોકોલના વ્યાયામ કરતાં આ ત્રિવિધ મોહક ક્રમનું અનુકરણ કરતા મથી રહ્યું છે.

૧૪,૦૦૦,૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારવાળા આ દેશ (બોહેમીઆ, મોરાવીઆ, સાઈલેસીઆ, સ્લોવેકીઆ, અને કારપેથીઅન રૂથેનીઆનાં એકત્રિત રાજ્યોથી બનેલા) ઝેકોસ્લોવેકીઆનું મનુષ્યબળ ૧૩,૬૦૦,૦૦૦ (મુખ્યત્વે ૮,૭૦૦,૦૦૦ ઝેક અને સ્લોવેકો તથા ૩,૧૦૦,૦૦૦ જર્મનો) છે. ડિસેમ્બર ૩૧, ૧૯૨૪ના રોજ કરેલી ગણતરી પ્રમાણે સોકોલ સંઘમાં ૫૩ 'ઝ્યૂપા'માં ૨,૬૫૦ 'ઓબેક' અને ૪૮૭ 'યુનીઅન' મળી કુલ ૩,૧૩૭ સંસ્થાઓ, અને સભ્ય સમાજ ૨૪૫,૭૫૨ પુરુષ તથા ૯૩,૩૧૨ સ્ત્રીઓ (=૩૩૯,૦૬૪) હતો. ૧૪–૧૮ વર્ષના કિશોરો ૩૮,૫૯૯ અને કન્યાઓ ૩૩,૮૬૨; ૬–૧૪ વયનાં ૭૦,૮૯૯ કુમારો તથા ૭૯,૮૭૫ કુમારીઓ (=કુલ ૨૩૩,૨૩૫ કિશોર વર્ગ) અને પૂર્ણ સંખ્યા ૫૭૨,૨૯૯ હતી. (આમાં જર્મનો ભાગ લેતા નથી.) સંઘનો સભ્યવર્ગમાં ૮·૩ ટકા ખેડુત, ૨૮·૯ ટકા કારીગરો અને વ્યાપારી, ૩૦·૬ ટકા મજૂરવર્ગ, ૧૪·૨ ટકા અમલદારો અને ૧૮ ટકા દાક્તર, વિદ્યાર્થી, અધ્યાપક તથા શિક્ષકોનો બનેલો છે.

જગતને સોકોલ પ્રવૃત્તિનું દર્શન એના પાણવાર્ષિક સ્વાસ્થ્ય-સત્રોથી થાય છે. પહેલું સત્ર ટાયરસની પ્રત્યક્ષ પ્રેરણા નીચે સને ૧૮૮૨માં ઊજવાયું. પછીના ઉત્સવો અનુક્રમે ૧૮૯૧, ૧૮૯૫, ૧૯૦૧, ૧૯૦૭, ૧૯૧૨, ૧૯૨૦ અને ૧૯૨૬માં થયા. ભાવિ સત્ર ૧૯૩૨માં થવાનું છે. પ્રથમ સત્રમાં વ્યાયામ કરનારની સંખ્યા માત્ર ૭૬૦ હતી. જ્યારે ૧૯૨૬માં ૩૦,૫૪૬ પુરુષો.

૧૭,૧૨૫ સ્ત્રીઓ, ૧૦,૪૦૨ (૧૪–૧૮ વય) કુમારો અને ૧૦,૬૮૨ (૧૪–૧૮ વય) કુમારિકાઓએ સંઘ-વ્યાયામમાં ભાગ લીધો હતો. સભ્ય સંખ્યા ૧૮૭૧માં ૧૦,૪૪૮ જ્યારે ૧૯૨૪માં ૫૬૨,૨૯૯ હતી. જ્યાંજ્યાં ઝેક પ્રજા પથરાએલી છે, ત્યાંત્યાં આવા પાણવાર્ષિક ઉત્સવો થાય એ જુદા.

સરળ વ્યવસ્થા સારૂ સોકોલ સભ્યોનાં જુદાંજુદાં યૂથ પાડવામાં આવે છે. એક જ સ્થળનાં આવાં જુદાં-જુદાં યૂથો ભેગાં કરી 'ઝ્યૂપા' બને છે. અને એ બધાં ય ઝ્યૂપા ભેગાં મળી 'ઝેસ્કા ઓબેક સોકોલ્સ્કા' (Ceska obec sokolska)—ઝેકોસ્લોવેકીઆનો સોકોલ સંઘ બન્યો છે. સંઘના વ્યવસાયનું કેન્દ્ર પ્રાગ (Prague) નગરમાં 'ટાયરસ ડ્યુમ' (ટાયરસ ભુવન) છે. સંઘની વ્યવસ્થિત પ્રવૃત્તિ અર્થે એક સમિતિ નીમાય છે, જેમાં દરેક ઝ્યૂપા પાંચ હજારે એક સભ્ય પ્રતિનિધિ તરીકે મોકલે છે. દર બે વરસે આ સમિતિ બદલાય છે. સમિતિની સહાયમાં પંદર ખાતાં હોય છે; જેવાં કે: વ્યાયામસમિતિ, નારીવિભાગ, સ્વાસ્થ્ય સંરક્ષક મંડળ, અર્થપતિ, પ્રચારસમિતિ, ભવનવિભાગ, ન્યાયમંડળ, આનંદપ્રવૃત્તિ વિભાગ, આંતરવિભાગ, કલાવિભાગ, આંકડા-ખાતું, સિનેમાવિભાગ, મધ્યસ્થ પંચ વગેરે. સંઘ-ની પ્રત્યેક પ્રવૃત્તિમાં જ્યાં-જ્યાં શારીરિક શ્રમ—અંગમહેનત—ની આવશ્યકતા પડે છે, ત્યાં સોકોલોની મદદ મળી આવે છે. મજૂર, કડિયા, મિસ્ત્રી, લુહાર વગેરે માટે પાઇ પણ ખરચવી પડતી નથી. સોકોલ સંઘનાં બધાં ય મકાનો, ક્રીડાંગણો, જળાશયો બધાં આવી જ મદદથી બાંધેલાં છે.

સંઘના પોતાના મુખપત્ર 'સોકોલ્સ્કી વેસ્ટનીક'ની ૪૫,૦૦૦ નકલ વંચાય છે. ઉપરાંત વિવિધ વયવાળાં સોકોલ સ્ત્રી–પુરુષ કુમાર–કુમારિકાનાં જુદાંજુદાં પત્રો-ની ૪૦,૦૦૦ સંખ્યા નીકળે છે. ખાનગી સોકોલ પત્રોની સંખ્યા ૧૦૦,૦૦૦ જેટલી છે.

સોકોલનું લક્ષ્યબિંદુ 'ઝેક પ્રજાનો શારીરિક અને માનસિક વિકાસ' છે. આ પ્રયત્નમાં સોકોલો જાતિ, વય, અર્થ, ધર્મ કે પદવીનો રજ પણ સંબંધભેદ સ્વીકારતા નથી. પ્રત્યેક સોકોલ એક બીજાને 'તું' એવા પ્રેમભાવવાચક એકવચનથી સંબોધે છે. પ્રજાના પુનરુજ્જીવન—નવવિધાનના મંત્રરૂપ, ટાયરસનાં વચનો આ અદ્‌ભુત પ્રવૃત્તિના રહસ્યનાં સુંદર વાચક છે:

'સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય '.

'ધૈર્ય · પ્રવૃત્તિ · તિતિક્ષા '.

'સ્વાતંત્ર્ય · સમાનતા · સમભાવ '.

'સ્વાર્થ અને યશથી પર '.

'વ્યક્તિ સમાજના અર્થે: સમાજ વ્યક્તિના હિત સારૂ '.

'આગળ, હજુ આગળ. એક પણ ડગ પાછો નહિ'.

'શ્રમ એ જ મોક્ષ. શ્રમ આપણું કવચ'.

'સ્વશક્તિ એ જ ઉદ્ધાર'.

'પ્રત્યેક કરમાં કૃપાણ'.

'વિચારમાં સ્વદેશ, હૃદયમાં ધૈર્ય, સ્વભુજમાં શક્તિસંચય'.

'ઝેક એ જ સોકોલ'.

દેશના ઉદ્ધાર માટેનો આ મહામંત્ર પ્રત્યેક સો-કોલના લોહીમાં વહી રહ્યો છે. દુનિયાની ગૌરવવતી પ્રજાઓમાં ઝેક પ્રજાનું સ્થાન અપૂર્વ છે અને એ અપૂર્વતાની ચાવી સોકોલ પ્રવૃત્તિ છે.

શૂરસંમેલન

(પૃથ્વી)

મહા દળ દળાય ને તુમુલ જુદ્ધ ગર્જી ઊઠે,
ફૂટે ગગન ચાટતો જટિલઝાળ જ્વાલામુખી;
ઘણા યુગથી ઘોરતો વિકટ કાળ ત્રાડી રૂઠે,
કરાલ ક્રૂર દંષ્ટ્રમાં ઝડપી વીર જાતો ભખી.

દવાનલ જલે પલેપલ હલે ધરા ત્રાટકી,
ઢળે અચલ–શૃંગ ભૈરવ સહુ ય ધ્રૂજી રહે;
ફૂટે શિર, તૂટે રગો સતત રક્તધારા વહે,
દિસે અળકતી કથા ભૂમિપડે રુધિરે લખી.

ડૂબે નીરવ વેદના સમરભેરીના નાદમાં,
અને અડગ બંકડા ઊછળતા રહે ખેલને;
ભૂલી વિષમ ભૂતને સહજ યુદ્ધ–ઉન્માદમાં,
ઘડે યુવક ભાવિને નવલ, શૂર સંમેલને.

ત્યહીં જગ જગાડતો રવ ઊંડો નભે ગાજતો,
'મુખે ફિતુર-ગાન હો ! પ્રિય સ્વતંત્રતા પ્રાણ હો !'

ઉમાશંકર જોષી

બાળકો કરતાં પણ મોટેરાંઓને વધુ રસબોળ કરે એવી બાળવાર્તા

દેવસ્મિતા

ઘણાંઘણાં વર્ષો પહેલાં તામ્રલિપ્તિ નગરીમાં એક સાહસિક નાવિક રહેતો હતો. તેનું નામ ગુહસેન હતું. તેને એક અત્યંત સુંદર પુત્રી હતી. તેનું નામ દેવસ્મિતા.

દેવસ્મિતા જ્યારે બે વર્ષની હતી ત્યારે તેની મા મરી ગઇ હતી. તેથી તેના પિતા ગુહસેને તેને અત્યંત લાડથી અને વહાલથી ઉછેરીને મોટી કરી. ઘરમાં ભદ્રા નામે એક વૃદ્ધ ડોશી હતી. તેની પાસેથી દેવસ્મિતા વારંવાર પરીની અને ચંદ્રલોકની, સમુદ્રકન્યાની અને તક્ષશિલા નગરીની વાતો સાંભળતી. સાંજે જ્યારે પૂનમનો મોટો ચંદ્ર ઊગે અને પૃથ્વી રૂપાળી ધોળી બરફ જેવી ચાદર ઓઢી લે ત્યારે આ વૃદ્ધ દાસી ધીમેધીમે પોતાનું રૂ કાંતવાનું શરૂ કરે. અને તેના ખોળામાં માથું મૂકીને સૂતીસૂતી દેવસ્મિતા વાતો સાંભળે.

ગુહસેન જબરો સાહસિક નાવિક હતો. પોતાના મિત્રો સાથે તે ઘણી વખત સમુદ્રપારના દેશોની નવાઇઓ લાવવા જતો. તેની પાસે લંકાનાં મોતી હતાં. હિમાલયના બરફ જેવો ધોળો હાથીદાંત સિંહલદ્વીપના જંગલમાંથી તે લાવ્યો હતો. આંખની કીકી જેવું એક મોટું પાણીદાર મોતી પણ તેની પાસે હતું. સામાન્ય રીતે મોતી રંગે ધોળાં હોય, પણ આ મોતીની ખૂબી એ હતી કે તે રંગે કાળું હતું. અને છતાં તેજતેજનાં કિરણ એમાંથી નીકળતાં. ગુહસેને સુમાત્રા, જાવા, સ્તંભતીર્થ અને છેક બાબિલોન સુધી મુસાફરી કરી હતી. આવી લાંબી મુસાફરીએ તે નીકળતો ત્યારે, ઘણી વખત તો છ મહિના, આઠ મહિના, ને વખતે વરસ દોઢ વરસ પણ વીતી જતું. એવે પ્રસંગે દેવસ્મિતાને વૃદ્ધ ડોશી ભદ્રા જીવની પેઠે જાળવતી અને સમુદ્રના મુસાફરોની રસિક વાતો કરતી.

એમ કરતાંકરતાં દેવસ્મિતા અઢાર વર્ષની થઇ. ગુહસેન એક લાંબી મુસાફરી કરવા ઉપડ્યો. આ વખતે બાબિલોનના શ્રીમંત વેપારીઓ માટે હિંદુસ્તાનનાં ઉત્તમમાં ઉત્તમ ઘોડાં અને કુતરાંથી ભરેલું વહાણ લઇને તે રવાના થયો.

તેને ગયાને એક વર્ષ પૂરૂં થયું, પણ તેના કાંઇ સમાચાર આવ્યા નહિ. દાસી ભદ્રા અને દેવસ્મિતા દરરોજ સાંજે દરિયા કિનારે આવે, બેસે ને રાહ જુએ. સાંજ નમતી હોય ને સૂર્યના રંગોથી સમુદ્ર રંગાઇ જાય ત્યારે બંને દરિયાકાંઠે બેસી લાંબી નજરે સમુદ્રના તરંગો જોયા કરે. તરંગો આવે, જાય ને સમુદ્રમાં દૂરદૂર સુધી, નજર પહોંચે ત્યાં સુધી, શિકાર માટે ગએલી અનેક હોડીઓ જ માત્ર દેખાય. છેક સાંજ પડી જાય ને અંધારૂં વીંટાવા માંડે ત્યારે બંને નિરાશ થઈ પાછાં ફરે. તામ્રલિપ્તિમાં માણસો વાતો કરતાં કે આ વખતે ગુહસેનનું વહાણ ખરાબે ચડીને ભાંગી ગયું લાગે છે. ઘણાઘણા દિવસો સુધી ડોશી અને દીકરી હમેશાં દરિયાકાંઠે આવતાં, પણ કોઇ દિવસ પેલું ગુહસેનનું વહાણ આવતું દેખાતું નહિ.

ગુહસેનના ઘરમાં એક છબી હતી. એ પોતે નાનો હતો ત્યારથી એ લટકતી હતી. આ છબીને દેવસ્મિતા નાનપણથી જોતી. કોણ જાણે શું હતું, પણ એ છબી પાસે જ્યારેજ્યારે એ ઊભી રહેતી ત્યારેત્યારે એને લાગતું કે પોતે એ છબીના માણસને ઓળખે છે. એ છબીમાં અત્યંત દુઃખીમાં દુઃખી મનુષ્યનો ચહેરો દેખાતો હતો. આ છબીનો માણસ પોતે ક્યાં જોયો છે તે દેવસ્મિતાને સાંભરતું નહિ. તેને માત્ર એટલું લાગતું કે છબીનો એ માણસ હૃદય વિદારી નાખે એવો કરુણ વિલાપ કરી રહ્યો છે.

ભદ્રાને તેણે એ છબી વિષે પૂછ્યું ત્યારે તેણે એટલું જ કહેલું કે એ છબી પોતે પણ નાની હતી ત્યારથી જોતી આવે છે. એક દુઃખી નાવિકને અને તેના ખલાસીઓને એવો શાપ મળ્યો છે—એણે દરિયાના દેવને દુભાવ્યો હતો તેથી—કે સાત વર્ષે એક વખત તે નાવિક એકલો જમીન ઉપર આવી જાય. એના દુઃખમાં ભાગ લેવા કોઇ તૈયાર થાય તો શાપ ટળે, અને નહિતર પાછો સાત વર્ષ સુધી દરિયા ઉપર, એકલો અટૂલો રખડવા માટે તે પાછો ફરે. સાતસાત વર્ષે માત્ર એક વખત જ તેનાથી જમીન જોવાય. ત્યાંસુધી દરિયાનાં ખારાંખારાં અગાધ પાણી ને આકાશની વચ્ચે ભમ્યા કરે! જમીન ઉપર રહેવા માટે એને બહુ ઝંખના

છે, પણ તે કોઇ દિવસ પાર પડતી નથી. એ દુ:ખી, શાપિત નાવિકનો આ ચહેરો છે!

દેવસ્મિતાના અંતરમાં ઊંડીઊંડી અજવાળા જેવી કંઇક પ્રેરણા થઇ કે જેને કોઇ સાથ નથી આપતું તેને હું સાથ આપીને શાપથી મુક્ત કરૂં. પણ એ નાવિક કોણ જાણે ક્યાં હશે? કોણ જાણે ક્યાં એકલો રખડતો હશે? તે નિત્ય એ છબી પાસે ઊભી રહે અને નિતનિત એને નિહાળ્યા કરે છે.

આ તરફ ગુહસેન બાબિલોનથી તામ્રલિપ્તિ આવવા માટે પાછો ફર્યો.

રસ્તામાં એક વખત છેક સંધ્યાકાળે તેનું વહાણ કોઇ શહેરની ખાડીમાં આરામ લેવા રોકાવાની તૈયારી કરતું હતું. તે વખતે સમુદ્ર શાંત હતો, પવન અનુકૂળ હતો અને આકાશ અરીસા જેવું સ્વચ્છ હતું. ક્યાંય તોફાનનું ચિહ્ન પણ દેખાતું ન હતું.

પરંતુ એટલામાં તો અચાનક પવન છૂટ્યો. ડુંગર ડુંગર જેવડાં મોજાં ઊછળવા લાગ્યાં. આકાશમાં એકદમ વાદળ ચડી આવ્યાં. ઘનઘોર અંધારૂં થઇ ગયું. વીજળી ચમકારા દેવા લાગી. અને કડકડાટ તો એવા થવા લાગ્યા કે જાણે હમણાં સમુદ્રને ચીરીને વીજળી પૃથ્વી સોંસરી નીકળી જશે! સૌનાં હૃદય થરથરવા લાગ્યાં. સઢના તો ચીંદેચીંદા થઇ ગયા. એકબીજાની હૂંફમાં આકાશ સામે નજર કરીને સૌ થંભી ગયા. એકાદ જગ્યાએ ખડક જેવું હતું તેની ઓથ જેમતેમ મેળવીને પવનના સપાટાથી બચવા તે તરફ વહાણ લઇ ચાલ્યા અને તોફાન શમવાની રાહ જોઇને સૌ વહાણ થોભાવીને ચુપચુપ ઊભા રહ્યા. પણ એટલામાં તો, આ ભયંકર તોફાનથી જેના સઢેસઢ ચીરાઇ ગયા છે, જેનું આખું ખોખું ભાંગુંભાંગું થઇ રહ્યું છે એવું એક વહાણ, તેમના તરફ જ આવતું દેખાયું. ફાટીને ચીંદરડા જેવા ઊડતા તે વહાણના સઢ લાલ રંગના હતા. વહાણ પોતે પણ લાલ રંગનું હતું. વહાણના ખલાસીઓએ પહેરેલો વેષ પણ લાલ રંગનો હતો. જાણે દરિયામાંથી સાક્ષાત્ અગ્નિ નીકળ્યો હોય તેવા આ લાલરંગી વહાણને જોઇ સૌ સ્તબ્ધ બની ગયા. એ વહાણમાં કોણ છે? કોણ હશે? ક્યાંથી નીકળ્યો? આ તરફ જ કેમ આવે છે?—એવાએવા પ્રશ્નો સૌ માંહોમાંહ્ય પૂછવા લાગ્યા. આવા તોફાનમાં આપણા જેવો કોઈ કમભાગી નાવિક તો નહિ સપડાયો હોય, એવી કલ્પનામાં અનેક તર્કવિતર્ક કરતા સૌ તે નવા આવનાર વહાણ તરફ જોઇ રહ્યા.

પણ જેમજેમ તે વહાણ નજીક આવતું ગયું તેમ તેમ તોફાન વધતું ગયું. જાણે હવે અવધિ આવી હોય તેમ, વીજળીના કડાકા ઉપર કડાકા થવા લાગ્યા. દરિયો તો આકાશ સુધી ઊછળી રહ્યો. અંતે પેલું વહાણ છેક નજીક આવ્યું અને તેમાંથી એક માણસ બહાર આવ્યો. તેણે ગુહસેન સામે જોયું અને અત્યંત દુ:ખભર્યા અવાજે પૂછ્યું, 'ભાઇ! મને તમારા વહાણ ઉપર આશરો આપશો?' પણ ગુહસેન જવાબ આપે તે પહેલાં તો આકાશ, પૃથ્વી ને પાતાળ એક થઇ જાય તેવો જબરો કડાકો થયો. દરિયાનાં પાણીને ભેદીને જાણે વીજળી સોંસરવી નીકળી ગઈ હોય તેમ સાતસાત વાંસ પાણીનાં પેટાળ દેખાઈ ગયાં. નાવિકનું વહાણ હમણાં તૂટ્યું—એ તૂટ્યું થઈ ગયું. પણ જેવો ગુહસેને પેલા નાવિકને પોતાના વહાણ ઉપર લીધો કે એક ક્ષણમાં, જાણે કાંઇ ન હોય તેમ દરિયો શાંત થઇ ગયો. એની મુખમુદ્રા જ બદલાઇ ગઇ; વાદળાં વિખરાઈ ગયાં; ગડગડાટ ને કડકડાટ બધું શમી ગયું;—જાણે તોફાન થયું જ નથી. પેલા નાવિકના ખલાસીઓએ હર્ષનો પોકાર કર્યો.

નાવિકે ગુહસેનની પાસે આવીને તેનો આભાર માન્યો. પોતે દુ:ખી, એકલો ને પરદેશી મુસાફર છે, પોતે સોના રૂપા ને ઝવેરાતનો વેપાર કરે છે, અને પોતે બધી સમૃદ્ધિ આ તોફાનમાં ખોઇ બેસે તેના કરતાં કોઇના હાથમાં સોંપે તો સારૂં એ હેતુથી જ ગુહસેનને આશરે આવ્યો છે, એમ તેણે જણાવ્યું.

બીજા દિવસથી ગુહસેનનું વહાણ તામ્રલિપ્તિને રસ્તે ચડ્યું અને પેલા નાવિકના ખલાસીઓએ પણ તેના હુકમ પ્રમાણે તે તરફ જ વહાણ હંકાર્યું; પણ નાવિક ને ગુહસેન તો



સાથે જ રહ્યા, અને બંને મિત્રો બની ગયા. બંને સુખ-દુઃખની વાતો કરે, સફરની નવાનવી ચીજો એકબીજાને બતાવે અને સાચાં મોતીનાં તેજ જોઇજોઇને રાચે. એમ કરતાંકરતાં તેઓ તામ્રલિપ્તિ નજીક આવી પહોંચ્યા. ગુહસેને એક દિવસ પૂછ્યું, 'ભાઇ! તારી પાસે આટલો પૈસો છે, આવાં સુંદર મોતી છે! તારા જેવો શ્રીમંત મેં કોઈ જોયો નથી. તારું જીવન કેટલું સુખી હશે!'

પરદેશીએ નિશ્વાસ મૂક્યો: 'સિંહલદ્વીપનાં મોતી મારી પાસે છે, પણ એ જોનાર મારા સિવાય બીજું કોણ છે? મારી સમૃદ્ધિમાં ભાગ લેનાર હું શોધું છું. મેં સાંભળ્યું છે કે તામ્રલિપ્તિમાં ઘણી સુંદર કન્યાઓ છે. કોઇ મારા સુખદુઃખની ભાગી થાય એવી તમારા ધ્યાનમાં છે?'

ગુહસેને જવાબ વાળ્યો, 'ભાઇ! મારી પુત્રી હંસના જેવી ધોળી ને ચંદન જેવી સુગંધથી ભરેલી છે. તારી સમૃદ્ધિને શોભાવે ને તારા ઘરને શણગારે એવી એ છે. જો મારી દેવના સ્મિત જેવી દેવસ્મિતા તને સ્વીકારશે તો તારી જિંદગી ફેરવાઇ જશે.'

પેલા નાવિકને કાંઇક આશા પડી. વખત છે ને આની પુત્રી પોતાનાં સુખદુઃખની ખરી ભાગી થાય. એમ કરતાંકરતાં બંને જણનાં વહાણ તામ્રલિપ્તિને કિનારે સુખરૂપ પહોંચ્યાં.

પિતાપુત્રી પ્રેમથી મળ્યાં. ઘણે વખતે પાછાં મળ્યાં એટલે આખી રાત આડોશીપાડોશીની વાતો કરવામાં, ગામની નવાજૂની કહેવામાં અને દરિયાની વાતો સાંભળવામાં ગઇ. સવારે ગુહસેને પોતાની પુત્રીને કહ્યું, 'બેટા! આ પરદેશી મુસાફર તેં જોયો? એ કેવો સૌમ્ય ને શાંત દેખાય છે? એની પાસે અઢળક નાણું છે. સિંહલદ્વીપનાં અંગૂર જેવડાં મોતી એની એકની જ પાસે છે. નસીબદાર માણસ છે.'

ગમે તેમ હોય, પણ પેલી છબીનો માણસ એ જ જાણે ફરી જીવતો થયો હોય તેવો આ પરદેશી નાવિક લાગતો હતો. દેવસ્મિતાએ કહ્યું, 'પિતાજી! મને એમ લાગ્યા કરે છે કે જાણે આ પરદેશીને હું ઘણી ઘણી વખત મળી છું. એના જેવો ગહન વિષાદ-ભર્યો ચહેરો મેં બીજે ક્યાંક પણ જોયો છે. "તું એના ઉપર પ્રેમ કર" એમ જાણે અંતરમાંથી મને કોઇ કહી રહ્યું છે. તમને એમાં મારી મૂર્ખાઇ તો નથી લાગતી ના?'

ગુહસેન પુત્રીની આ વાત સાંભળી ઘણો ખુશ થયો. દેવસ્મિતાનું ઠેકાણું પડી જાય તો પછી દરિયો—એનો દોસ્ત એને રમવા બોલાવી રહ્યો હતો. એને કહી રહ્યો હતો કે 'આવ, ગુહસેન, આવ! તને ઘેરાં નીલ આસમાની રંગનાં અજબ પાણી દેખાડું!' ગુહસેનને દેવસ્મિતાનો વિચાર ગમી ગયો.

દેવસ્મિતાને મળવાને પેલો નાવિક આવ્યો ત્યારે તેણે સહજ જ ઊંચે જોયું. જાણે પેલી છબીમાંનો જ માણસ અત્યારે તેની સામે ઊભો છે! ભદ્રાએ કહી હતી તે વાત તેને સાંભરી આવી. પેલો શાપિત નાવિક!

સુંદર, વિવેકી, સમૃદ્ધિમાન હતો, છતાં જાણે કોઇ ઊંડુંઊંડું દર્દ એને કોરી રહ્યું હોય તેમ એના ચહેરા ઉપર ગહન શોકનું પેલું કરુણ સ્મિત વારંવાર આવી જતું હતું. સાંજે તો આખા ગામમાં વાત ફેલાઇ ગઇ કે દેવસ્મિતાનો વિવાહ કોઇ શ્રીમંત પરદેશી નાવિક સાથે કરવામાં આવે છે. ગુહસેનના ખલાસીઓ તો આ સાંભળીને આનંદ કરવા લાગ્યા. પણ પેલા નાવિકના ખલાસીઓ, તોફાન પહેલાંની શાંતિની જેમ, ધબકતા હૃદય સાથે ઉપરઉપરની શાંતિ અનુભવી રહ્યા!

રાત્રે એક વયોવૃદ્ધ ખલાસી ગુહસેનને મળવા આવ્યો. તેણે દરિયાનાં ઘણાં પાણી જોઇ કાઢ્યાં હતાં. ગુહસેનને જેટલાં વર્ષ થયાં હશે એટલાં વર્ષ તો એણે દરિયા પર જ કાઢ્યાં હતાં. તેણે ગુહસેનને કહ્યું, 'તું તારી પુત્રીને કોની સાથે પરણાવે છે તેનો તને ખ્યાલ છે?' અને તેણે પેલી છબી સામે ઊંચે જોયું: 'આ છબી તારા ઘરમાં ક્યારથી આવી છે એ તને ખબર છે?—એ છબીમાં કોણ છે તેની તને ખબર છે?'

ગુહસેને નકારમાં માત્ર ડોકું ધુણાવ્યું.

'એ છબી તારા દાદાના વખતની છે. એ છબીનો માણસ ત્યારથી દરિયા પર રખડે છે. એને દરિયાના દેવનો શાપ છે. એ જ્યાંજ્યાં જશે ત્યાંત્યાં તોફાન થશે. એ જમીન પર વધારે વાર રહી શકે તેમ નથી!'

દેવસ્મિતાની આંખમાંથી શુદ્ધ પ્રેમનાં બે આંસુ ખર્યાં: 'અરેરે! એ જ બીચારો આ શાપિત નાવિક!'

ગુહસેન આ વાત સાંભળીને સ્તબ્ધ બની ગયો. 'ત્યારે એ જ આ નાવિક—જે એના ખલાસીઓ સાથે એકલો દરિયામાં રખડે છે?'

'એ જ આ.' વૃદ્ધે કહ્યું.

ગુહસેને પોતાની પુત્રી સામે જોયું. 'બેટા! આ

માણસ તો શાપિત છે. ત્યારે તો હું જ તારી ઉપર ભયંકર આફત લાવતો હતો! આપણે એ માણસને કાલે જ રવાના કરી દઇએ.'

બીજે દિવસે વિવાહ ફોક થયો. પેલો પરદેશી નાવિક એક પણ શબ્દ બોલ્યો નહિ. તેના ચહેરા પર ભયંકર વિષાદ છવાઇ ગયો. જેવો આવ્યો હતો તેવો જ એકલો એ ચાલી નીકળ્યો. વળી બીજાં સાત વર્ષ—બે હજાર પાંચસો ને પંચાવન લાંબાલાંબા દિવસ અને અંધારી ભયંકર રાત્રિઓ દરિયા ઉપર ગાળવા માટે તે ચાલી નીકળ્યો. તેનું દરેક પગલું જમીનના સ્પર્શનો આનંદ ભોગવવા તલસી રહ્યું હોય તેમ ધીમું ને ધીમું, વધુ ધીમું પડતું હતું.

તે દરિયાકિનારે પહોંચ્યો. શાપિત નાવિકનું વહાણ ઉપડતું જોવા ઘણાં માણસો આવ્યાં હતાં. એ પોતે જ જાણે શાપ હોય તેમ તેના તરફ સૌ સ્તબ્ધ બનીને જોઇ રહ્યા હતા. એ અડશે તો શાપ લાગશે એમ ધારીને સૌ એની નજર ચૂકવતા હતા. શાપિત નાવિક કાંઇ જોતો ન હોય તેમ ચાલ્યો ગયો. જે રસ્તે તે પસાર થયો ત્યાં એક મોટા છુટ્ટા ઊંચા ખડક ઉપર હંસ જેવી દેવસ્મિતા ઊભી હતી. તેની નજર દૂરદૂર દરિયાનાં પાણી ઉપર ઠરી હતી.

શાપિત નાવિક ત્યાં જરાક ઠર્યો. તે ન બોલ્યો પણ સાત લાંબાં વર્ષની એકલતા તેની પાસે બોલાવી રહી: 'ત્યારે દેવના સ્મિત જેવી દેવસ્મિતા, તેં પણ મને શાપિતને ઉગાર્યો નહિ?'—પોતાના ખલાસીઓ એ તરફ દોડતા આવતા હતા, કાંઇક શુભ સમાચારની આશાથી, તેમના પ્રત્યે એક નિરાશાજનક કરુણ હાસ્ય કરીને તેણે કહ્યું, 'ખલાસીઓ, મિત્રો; ચાલો, પાછા ચાલો. આપણાથી જમીન પર થોભાય તેમ નથી. ચાલો, દરિયો ને આકાશ એ બે જ આપણાં ખરાં સાથી છે. મા જેવી જમીન આપણને જાકારો દે છે.'

નાવિકને ત્યાં થોભેલો જોઇને તો લોકોનું ટોળું એકઠું થઈ ગયું. 'દેવસ્મિતા! બોલતી નહિ, બોલતી નહિ, એ શાપિત છે' ના અવાજોથી આકાશ ગાજી ઊઠ્યું.

ભદ્રાએ કહેલી પેલા એકલ, શાપિત નાવિકની બાલપણની મૂર્તિ દેવસ્મિતાને યાદ આવી. એની એકલતાને પોતે જાણે અંતરથી જ ક્યારની પ્રેમ કરતી હોય તેમ તેને લાગ્યું. નાવિકનો ચહેરો જોઇને તેનું હૃદય પાણીપાણી થઇ ગયું. 'પરદેશી મુસાફર! તું જ એ શાપિત નાવિક છે?'

જવાબમાં એક કરુણ હૃદય વિદારી નાખનારૂં સ્મિત નાવિકના ચહેરા પર દેખાયું. 'દેવસ્મિતા, હું એ જ છું.'

'તું એ જ છે?'

'હા, દેવસ્મિતા, હું એ જ છું.'

નાવિક તો એટલું બોલીને ચાલતો થયો. પણ એના મૂંગા શોકથી, એની આશા વિનાની કરુણ સ્થિતિથી, એની ભયંકર એકલતાથી દેવસ્મિતાનું હૃદય વીંધાઇ ગયું. 'ત્યારે, દેવના સ્મિત જેવી દેવસ્મિતા, તેં પણ મને શાપિતને ઉગાર્યો નહિ? તેં પણ—?' નાવિકનો એ અવાજ હજારો ભયંકર રાત્રિના પડદા ચીરીને દેવસ્મિતાને હલાવી રહ્યો હતો: 'તેં પણ—?'

અને શાપિત નાવિકનાં લંગર ઉપડ્યાં. દેવસ્મિતાએ ઉન્મત્તની માફક મોટી બૂમ પાડી: 'હું તારી છું! હું તારી છું!'

'દેવસ્મિતા! દેવસ્મિતા!' હજારો અવાજ થવા લાગ્યા: 'આવતી રહે, એ તો શાપિત નાવિક છે!'

એ અવાજોની વચ્ચેથી એક ધીમો કરુણ અવાજ આવી રહ્યો હતો: 'દેવસ્મિતા, તેં પણ—?'

અને એને કોઇ રોકે તે પહેલાં તો તે બીજી બૂમ પાડી ઊઠી: 'પરદેશી મુસાફર! રોકાઇ જા, રોકાઇ જા; હું તારી છું. હું તારી સાથે આવીશ.'

જવાબમાં દરિયો ભયંકર અવાજ કરીને ઊછળવા લાગ્યો, લાલ સઢ ફડફડ ઊડવા લાગ્યા અને નાવિકનું વહાણ ઉપડ્યું.

'આવું છું! આવું છું!'ના પ્રચંડ પોકારથી દરિયાકિનારો ગાજી ઊઠ્યો. અને બીજી જ ક્ષણે, કોઇ આવે ને રોકે તે પહેલાં, તામ્રલિપ્તિને, પિતાને અને ભદ્રાને મનથી પ્રણામ કરીને દેવસ્મિતા વહાણમાં કૂદી પડી.

અને થોડી જ ક્ષણમાં, જાણે કાંઇ ન હોય તેમ, પેલું રાતું વહાણ અને તેના રાતા સઢ વિલુપ્ત થઇ ગયાં, દરિયો શાંતશાંત બની ગયો, અને જાણે ચંદ્રલોકમાંથી સરેલો કોઈ માનવી કોઇ જલસુંદરી સાથે દરિયાનાં મોજાં ઉપર રમત કરતો ચાલ્યો જાય છે, એવો દેખાવ જોનારાંની નજરે પડ્યો!

અગાધ પ્રેમના અગ્નિથી શાપ બળીને ભસ્મ થઇ ગયો હતો.

'ધૂમકેતુ'

મહાનુભાવ મોતીલાલજી

અનુસંધાન પૃ. ૮૮ થી

'ઇન્કિલાબ ઝિન્દાબાદ'

૧૯૨૯નું આખું વર્ષ વીતી ગયું. ૩૧મી ડિસેમ્બરની રાતના બાર વાગ્યા સુધી સરકાર તરફથી કશી સમજૂત થઇ નહિ. મહાત્માજી અને પંડિતજીએ છેલ્લી વારની લૉર્ડ અર્વિનની મુલાકાત કરી લીધી અને પછી પંચનદના પ્રદેશના ઉત્સાહી વાતાવરણમાં, યુવાન જવાહરના પ્રમુખપદે મળેલી મહાસભાએ આખરી નિર્ણય જાહેર કર્યો. દેશભરમાં 'ઇન્કિલાબ ઝિન્દાબાદ' (અમર રહો ક્રાંતિ)ની ઘોષણા ફરી વળી. પંડિતજીને વિનીત મનોદશાના માનનારાઓ આથી ચોંકી ઊઠ્યા. કોઇકે માન્યું કે યુવાન જવાહરના વેગમાં બુઝર્ગ પંડિતજી ખેંચાઈ ગયા. પણ સાચી વાત એથી જુદી જ છે. પંડિતજીમાં Discipline (નિયમન)ની ભાવના બહુ જ ઉગ્ર હતી. મહાસભાની બહુમતી જે વસ્તુ સ્વીકારે, જે વાત દેશ ઉપાડી લેવાને તત્પર થાય તે વિરૂદ્ધનું આચરણ સહી પણ ન શકે કે વિચારી પણ ન શકે એવો એમનો સ્વભાવ હતો. (આવા સ્વભાવને લઇને જ કેટલીક વાર ગંભીર ગેરસમજૂતો પણ ઊભી થએલી તથા સ્વરાજ પક્ષના કેટલાક સભ્યોને તેમની સરદારી આકરી લાગેલી. આ સ્વભાવમાં કોઇ અહંતાનો આરોપ કરે છે, તો કોઈ તેમને સત્તાભૂખ્યા મુસૉલિનીની સરખામણીમાં મૂકે છે.) એટલે એમણે પણ ૭૦ વર્ષની ઉમરે યુવાનના ઉત્સાહથી મહાસભાનો કાર્યક્રમ ઉઠાવી લીધો. ૧૯૩૦ના ફેબ્રુઆરીમાં સાબરમતીતટે મહાસભા સમિતિની યાદગાર બેઠક મળી ને મહાત્માજી અહિંસક યુદ્ધના સેનાની નીમાયા. લડતની શરૂઆતમાં જ રાષ્ટ્રપતિ જવાહરલાલની ધરપકડ થતાં નેતૃત્વનો ભાર વૃદ્ધ પંડિતજી ઉપર આવી પડ્યો. એક બાજુથી નેતાઓની ધરપકડો શરૂ થઈ અને સાથે જ દમનનીતિના નવાંનવાં શસ્ત્રો દિલ્હી ને સીમલાના શસ્ત્રાગારમાંથી છૂટવા લાગ્યાં. દમના વ્યાધિથી પીડાતા છતાં, નબળી તબિયતે ને પાકટ ઉમરે પણ પંડિતજીએ યુદ્ધને કડેધડે ટકાવી રાખ્યું ને મોખરે પડી જેલ સ્વીકારી.

જેલમાં તેમની સ્થિતિ ચિંતાજનક બની. અંતે સરકારને ભીતિ પેઠી અને તેમને છોડી મૂક્યા. મરણપથારીએ પડયાંપડયાં પણ એમણે સુકાન સંભાળ્યું અને બહિષ્કાર તથા પિકેટિંગનો સંગીન કાર્યક્રમ ઘડી કાઢ્યો. દસ માસ સુધીના અવિરત શ્રમે એમનો દેહ ક્ષીણ થઇ ગયો અને જ્યારે એમની સેવાઓનાં ફળ નજીક આવતાં જણાયાં તે જ સમયે તેમનું મૃત્યુ થયું.

જેવું ભવ્ય એમનું જીવન હતું એવું જ ભવ્ય એમનું મરણ થયું. મૃત્યુ પહેલાં, જાણે એમને મળવાને માટે જ મહાત્માજી, જવાહરલાલ અને બીજા નેતાઓને છોડવાની સરકારને ફરજ પડી, અને અંત પછી એમના સદાના સાથી, પરાક્રમી પુત્ર તથા પ્રતાપી જમાઈની ખાંધે ચડી જવાનો એમણે લ્હાવો લીધો; હિંદનાં કરોડો સ્ત્રીપુરુષોની આંસુભીની વિદાય લીધી.

વિભૂતિ

એમનું જીવન અને મરણ આદર્શ છે. એમનો વિરલ ત્યાગ અને આપભોગ, મહાસભાના ઇતિહાસમાં મહાત્માજી અને દેશબંધુ સિવાય બીજે કયાં ય જડે તેમ નથી. એમની વિશાળ દૃષ્ટિ, વિચારની ઉદારતા અને સ્થિર બુદ્ધિ બહુ ઓછા નેતાઓને વરી છે. પ્રતાપી વ્યક્તિત્વ રસિકતા અને સંસ્કારિતા, બુદ્ધિની ખુમારી અને અગાધ ગંભીરતા એમનાં સ્વભાવધર્મ હતાં, અને તેનો વારસો તો જવાહરને પણ મળ્યો છે. આનંદભુવનથીએ વધુ કિંમતી વારસો દેશને પંડિતજીએ જવાહર અર્પીને દીધો છે. આનંદભુવન—સ્વરાજભુવનની ભેટ તો સ્થૂળ ભેટ છે, અને કાળના ઝપાટામાં આવીને એ ભૂંસાય પણ ખરી; પરંતુ જવાહર જેવા પુત્રની ભેટ તો એવી ભેટ છે કે જેની સ્મૃતિ અમર રહેશે. લાહોર મહાસભા વખતે પોતાના એ વહાલા સંતાનને રાષ્ટ્રમુકુટ પહેરતાં અને રાષ્ટ્રની પ્રિય મૂર્તિ થઇ પડતો નિહાળતાં પંડિતજીને કેટલો અવર્ણનીય સંતોષ થયો હશે!

પૂર્વ વયમાં જ પશ્ચિમના સુવિચારોના સંસર્ગમાં આવ્યાથી એમની કોમી ભાવના નાબૂદ થઇ હતી, ધર્મના સ્થૂલ સ્વરૂપ વિષે એમને જરા યે માન નહોતું ને તેથી હિંદુ–મુસ્લીમ પ્રશ્નોમાં તેઓ તટસ્થ ન્યાયાધીશ થવાની શક્તિ ધરાવતા.

પંડિતજી હિંદની એક સમર્થ વિભૂતિ હતા; અને વિભૂતિને સ્વાભાવિક પણ સામાન્ય પુરુષોથી ન સમજાય એવું વિશિષ્ટ એમનું વ્યક્તિત્વ હતું. એ વ્યક્તિત્વને કોઇ રોમન સેનેટર સાથે સરખાવે છે, તો કોઈ સત્તાભૂખ્યા મુસૉલિની સાથે સરખાવે છે પણ વિભૂતિઓની સરખામણી ન હોય, વિભૂતિઓના વર્ગ ન હોય; વિભૂતિઓનો તો વ્યક્તિગત અભ્યાસ જ હોય.

મોતીલાલજી પ્રજા માટે જે ભવ્ય વારસો મૂકી ગયા છે તે માટે દેશ ઘણા કાળ લગી મગરૂર રહેશે. એક કુટુંબમાંથી બબ્બે રાષ્ટ્રપતિ નીપજાવનાર ખાનદાનનો પ્રજા પૂરતો આભાર માની શકે એમ નથી. એમના જેવાનું સાચું આભારદર્શન તો એ કે જે સ્વરાજ જોઇને મરવાની મોતીલાલજીની અંતિમ ઇચ્છા હતી, એ ઇચ્છા પૂરી કરવા આપણે તત્પર થઇએ, તે માટે જ જીવીએ અને મરી મટીએ. **સોમનાથ દવે**

કલા સાહિત્યનાં વસંતનાં વધામણાં

સાહિત્ય અને કલાને પ્રેરણા આપે એવી આ વસંત ઋતુમાં હમણાં બહાર પડેલા, રાષ્ટ્રની એકતાનતા અને વિશાળ બંધુભાવનાં આંદોલન જગવતા હિંદી સાહિત્યના બે વિશેષાંકો સહજ આગળપડતું સ્થાન લઇ જાય છે.

હિંદ અને હિંદ બહાર ભારતીય સંસ્કૃતિ અને પ્રાણની એકતા જોઇ રહેલા શ્રી બનારસીદાસ ચતુર્વેદીએ કલકત્તા મૉડર્ન રિવ્યુ ઑફિસમાંથી 'વિશાળ ભારત' માસિક શરૂ કર્યું ત્યારથી આજ સુધી તેમણે બૃહદ હિંદના સંસ્કાર સંબંધો તેમજ સાહિત્યપરિચય હિંદી ભાષા મારફત પ્રચારવાનો જબરો પ્રયત્ન કર્યા કર્યો છે. તેમની નિખાલસ સેવાવૃત્તિ અને દેશભક્તિ સાબરમતીના આશ્રમમાં સંસ્કારાયાં છે; દીનબંધુ ઍન્ડ્રુઝના હાથ નીચે પ્રભાવ પામ્યાં છે. તેમણે ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે રાષ્ટ્રોત્થાનના પાયામાં ચણતર પૂર્યું છે. એવા શુદ્ધપ્રતિજ્ઞ પુરુષને હાથે 'વિશાળ ભારત'નું સાહિત્ય કેટલું સંસ્કારમયું અને લોકોપકારક બની શકે તે સમજવું સરળ છે.


કલા અને સાહિત્યના મહોત્સવના તેમને કોડ છે અને તેથી જ આ વસંતઋતુમાં તેમણે 'વિશાળ ભારત'નો કલા અંક પ્રકટ કરી હિંદી વાચકો માટે સુંદર ઉપહાર ધર્યો છે. તેમની નજરમાં પ્રાંતિક ભેદદૃષ્ટિ નથી. સમસ્ત ભારતના ઉદ્યાનમાં ખીલતાં કલા સાહિત્યનાં પુષ્પોના પરાગ પ્રત્યેક હિંદવાસી અપનાવી શકે એવા આશયોથી તેમણે 'વિશાળ ભારત'માં જુદેજુદે પ્રસંગે દરેક પ્રાંતની વિશિષ્ટતાને સ્થાન આપ્યું છે. આ 'કલા અંક'માં તેમણે ગુજરાત અને બીજા પ્રાંતના ચિત્રકારોની કૃતિઓ તેમજ પરિચયલેખો આપી તેમને જનતાની વધુ સમીપ મૂકયા છે. ગુજરાતના કલાકારોની આ રીતે પ્રસિદ્ધિ અને પ્રકાશ હિંદના બીજા પ્રાંતોમાં પહેલી જ વાર મૂકાયાં છે એમ કહીએ તો ખોટું નથી.

'અજન્તાના કલામંડપો' નામનો જે લેખ 'કુમાર'માં ગયે વર્ષે પ્રગટ થઇ ગયો છે તે આ કલા અંકમાં અગ્રસ્થાન પામ્યો છે અને આ રીતે ગુજરાતની સેવા હિંદી જનતાને ચરણે મૂકાઇ છે તે માટે ગુજરાતને હર્ષ પામવાનું કારણ મળે છે. આ ઉપરાંત ચિત્રકળાનાં બીજાં અંગ-ઉપાંગો ઉપર પ્રકાશ પાડતા લેખો અંકની ભાવનાના અમૂલ્ય પૂરકો છે. હિંદના અલંકારો, પ્રાચીન શિલ્પ, લાકડા પરથી ઉતારવાનાં ચિત્રનું કોતરકામ, લાખનું કામ, કાર્ટૂન અથવા વ્યંગચિત્રો અને કલામર્મ વિચારતી કથાઓ તથા વ્યક્તિપરિચયો આ અંકનાં ચિરસ્થાયી તત્ત્વો છે. 'ઇટાલિયન ચિત્રકળાની રૂપરેખા' વાળો લેખ ટૂંકામાં પણ રસપૂર્ણ શૈલીમાં વાંચનારને આકર્ષણ કરે એવો છે. કોઈપણ કલાપ્રેમી હિંદી પોતાના સંગ્રહમાં રાખવાને આકર્ષાય એવો આ અંક છે.

હિંદીના સુપ્રસિદ્ધ વાર્તાલેખક પ્રેમચંદજીના તંત્રીપદ નીચે નીકળતા 'હંસ' માસિકનો વિશેષાંક 'વિશાળ ભારત' જેટલો જ દળદાર હોવા સાથે તેને સાહિત્યના વસંતોત્સવ સમો ગણી શકાય. ગુજરાતી, ઉર્દૂ અને મરાઠી નવલ સાહિત્યનાં દિગ્દર્શન કરાવતા લેખો અને કેટલાક અગ્રગણ્ય હિંદી સાહિત્યકારોની કૃતિઓનો સુંદર પરિચય એકસાથે આ અંકમાં મળે છે. ગુજરાતના નવલિકાલેખકો અને તેમની કલા વિષે એક ટૂંકો પણ સર્વાનુલક્ષી લેખ આ માસિકના સહતંત્રી અને પરિશ્રમી સંચાલક શ્રી પ્રવાસીલાલ વર્માએ લખ્યો છે, તેમજ શ્રી 'ધૂમકેતુ'ની 'પૃથ્વી અને સ્વર્ગ' નામની નવલિકા શ્રી નરેન્દ્રલાલ માલવીયના હાથે હિંદી રૂપે અવતાર પામી છે. હિંદી વાર્તાસાહિત્યના સુપ્રસિદ્ધ લેખકોની છબીઓ આ અંકનું એક આગળપડતું અંગ છે ગુજરાતી વાચકોને સુપરિચિત અને ગુજરાતમાં સુંદર આદર પામેલા વિદ્વાનોની પ્રતિમૂર્તિઓ પણ આ અંકમાં જોવા મળે છે.

'હંસ' માસિકનું સાહિત્ય હમેશાં શિષ્ટ, ઉચ્ચ, સંસ્કારી અને ઉચ્ચ બુદ્ધિ તથા રાષ્ટ્રપ્રેમના માનસની કસોટીમાં સંશુદ્ધ થએલું હોય છે. જરા પણ મલિન કે અધોમુખ કરે એવો વિચાર કે વાકય હંસને અગ્રાહ્ય છે, અને એ રીતે 'હંસ' નીકળ્યું ત્યારનું પોતાના નામની સાર્થકતા સંપૂર્ણપણે જાળવી રહ્યું છે. તેની ચિત્રપસંદગી પણ રાષ્ટ્રભાવના કે ઉચ્ચ ગૃહાદર્શ પ્રેરે એવા પ્રસંગ કે વસ્તુની હોય છે. આ વિશેષાંકનું સુંદર પૃષ્ઠચિત્ર તથા અંદરનું મુખચિત્ર બંને ગુજરાતી કલાકાર શ્રી સોમાલાલ શાહે દોરેલાં છે. અંદરના ચિત્રસંગ્રહમાં ભાઈ રસિકલાલ પરીખનું તામિલ કન્યાનું રેખાચિત્ર આદર પામ્યું છે. આ નવા માસિકને તેના પ્રયાસોમાં ઉત્તરોત્તર વિશેષ સફળતા મળે એવું ઇચ્છી અમે શ્રી પ્રેમચંદજી તથા શ્રી પ્રવાસીલાલ વર્માને અનેકશઃ ધન્યવાદ આપીએ છીએ.

ફોટો હરીફાઈનું પરિણામ








આ માસની ફોટો હરીફાઇ માટે આવેલા ૩૩ ફોટોગ્રાફોમાંથી આ સામે આપેલાં ચાર ફોટોચિત્રો અનુક્રમે ઇનામને પાત્ર જણાયાં છે. તે દરેકમાં ફોટોગ્રાફીની સાધારણ ગત સાચવીને વિચારપૂર્વક ચિત્રો ખેંચાયાં છે. નં. ૧માં બહેન લલિતા કલ્યાણભાઈ શેઠ–અમદાવાદ–એમણે ગુજરાતના એક સુંદર પ્રદેશ (મોડાસા અને ડુંગરપુરની વચ્ચે)નું ચિત્ર લેતાં વાતાવરણ અને ચિત્રની રેખાઓ સુરમ્ય **રીતે** સાચવ્યાં છે. નં. ૨માં મુંબાઇના ભાઇ ગૌતમલાલ ભટ્ટે ચાલતા ગરબાનું અખંડ મંડળ લેતાં છાયાપ્રકાશ અને સ્પષ્ટતા સાચવ્યાં છે. નં. ૩માં ભાઇ વી. વી. ત્રિવેદી (પૂના)એ કોઇ ભાગ્યે જ નજર કરે એવા **દૃશ્ય**માં આકર્ષણ ઉતાર્યું છે. નં. ૪ સુરતના ભાઈ ચીમનલાલ પ્રાણજીવનદાસ ખરવરે હેતુપૂર્વક ગોઠવેલું શ્યામ-ચિત્ર છે. એમાં બે હાથની ગોઠવણમાં જરા વધુ વિચાર કર્યો હોત તો ચિત્ર વધુ સફળ નીવડત. ઇનામો રૂ. ૩, ૨, ૧ અને ૧ અનુક્રમે આપવામાં આવે છે.

આ સિવાય નોંધ લેવા લાયક ફોટોગ્રાફોમાં નીચેનાં નામો આવે છેઃ શ્રી નરેન્દ્રદેવ નાયક (મ્યૂનિચ—જર્મની)ની ફોટોગ્રાફી સારી પણ પાત્રો અને પૃષ્ટ ભાગની રચના સુવિચારિત નથી. ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર)સૃષ્ટિસૌંદર્યના વસ્તુની પસંદગી સારી છે, પણ ફોટોગ્રાફ ફિક્કો છે. નવીનચંદ્ર પરીખ (અમદાવાદ)ના તાબુતના ચિત્રમાં ફોટોગ્રાફી સારી છે, પણ ચિત્રની અને પાત્રોની યોજના સૂચક નથી બનતી. નાનાલાલ દલસુખભાઇ (રાધનપુર)ના ખેડુજીવનના દૃશ્યમાં માત્ર સ્થિરતા છે; ક્રિયા અથવા કંઇક ભાવસૂચનની જરૂર રહે છે; વળી ચિત્રનો પ્રિન્ટ પણ ફિક્કો છે. પુનમચંદ રામજી કયાણી (મુંબાઇ)નો લીધેલો નાની બાળકીનો ફોટોગ્રાફ સારો છે, પણ ચિત્રમાં ખાસ આકર્ષણ નથી. નેગેટિવનો ડાઘ પ્રિન્ટ ઉપર ખરાબ લાગે છે. એ જ ચિત્રને કાપીકૂપી બરોબર સુરૂપમાં વેતરવું જોઇએ. જયંત ર. મહેતા (કરાંચી)એ પ્રાણીબાગમાંથી બગલાં પાડ્યાં છે સારાં, પણ દરેકનું અંગ છૂટું દેખાય તેનું ધ્યાન રાખ્યું નથી. કૅમેરાની ફ્રેમમાં ચિત્ર સારૂં દેખાય ત્યારે જ ચાંપ દબાય. આસપાસ વધુપડતી જગ્યા રાખી છે તેમાં આકર્ષક વસ્તુ કે પ્રાણીઓ જોઇએ. સૈયદ ઇમામુદ્દીન દરગાહવાલા (નવસારી)એ દરગાહનું ચિત્ર પાડ્યું છે. આવા સ્થળમાં જે શાંતિ ને પવિત્રતાનું વાતાવરણ હોય છે તે લેવાને કોઇ ઠંડો સમય ને એકાદ બે ગંભીર પાત્રો ચિત્રમાં જોઇએ. તેમજ જૂના વખતના બાંધકામમાં હાલના કઠેડા કે જાળિયાં ન દેખાય એવી જગ્યાએથી ફોટોગ્રાફ લેવો જોઇએ. ચંદ્રશંકર બક્ષીએ કરેલી જસદણ પાસેની ઘેલો નદીના દૃશ્યની પસંદગી સારી છે, પણ દૃશ્યની જમાવટ માટે જોઇએ તેવું ચિત્રસંયોજન કર્યું નથી. અગ્રભાગમાં કોઇ અગ્રપાત્ર હોત તો સરસ બનત.

ગયે મહિને જાહેર કર્યા પ્રમાણે આ હરીફાઇ માસે માસ ચાલુ જ રહેવાની છે. ઉપલું પરિણામ નક્કી કર્યા પછી જે ફોટોગ્રાફો મળશે તે હવેના માસની હરીફાઇમાં સ્થાન પામશે; અને એમ દર મહિને હરીફાઇ ચાલુ રહેશે.



કેટલાક ભાગ લેનારાઓએ ઇનામ ન મળેલા ફોટોગ્રાફો પાછા મેળવવા માટેની વ્યવસ્થા વિષે પૂછપરછ કરી છે. સામાન્ય હરીફાઇઓમાં તો સાથે પોસ્ટેજ મોકલ્યું હોય તેવા ફોટો પાછા મોકલવાનો નિયમ અમે રાખીએ જ છીએ; પણ આ ચાલુ હરીફાઈમાં દર મહિને દરેકનાં નામ, પોસ્ટેજ અને ફોટોગ્રાફો શોધીને મોકલવાની વ્યવસ્થાનો બોજો ભારે પડે તેવો છે. છતાં એ બાબતમાં એવું ઠરાવ્યું છે કે ફોટોગ્રાફો પાછા મેળવવા ઇચ્છનારાઓએ પોતાના ફોટોગ્રાફની સાથે જ પોતાનું નામ-સરનામું લખેલું તથા પોસ્ટેજ ચોડેલું તૈયાર કવર મોકલવું. ધ્યાન રાખવું કે (૧) છૂટી ટિકિટો મોકલી હશે તે નહિ ચાલે: (૨) ફોટોગ્રાફ મોકલ્યા પછી પાછળથી પોસ્ટેજ

કે કવર મોકલાશે તેની પણ વ્યવસ્થાનો બોજો અમે સ્વીકારતા નથી. (૩) ઈનામ મળેલા ફોટોગ્રાફો તો પાછા મોકલતા જ નથી. (૪) આ હરીફાઈમાં ગ્રાહક-બીનગ્રાહક સૌ ભાગ લઇ શકશે.

હરીફાઈમાં ભાગ લેનારાઓ માટે એક બીજી આકર્ષક હકીકત પણ છે. આ અંકમાં સાંકળિયાની સામેની જાહેરખબરમાં જણાવ્યા મુજબ મેસર્સ રાવળ બ્રધર્સ વીલેપાર્લે: મુંબઇ) તરફથી પણ એવું જ એક ઇનામ મળશે એમ જણાવવાની અમને વિનતિ થએલી છે. તે તરફ વાચકનું ધ્યાન ખેંચીએ છીએ.

જ્ઞાનલીલા

માગશરની જ્ઞાનલીલાના ઉત્તરોમાંથી બધા સાચા નીચેના દસ ભાઇઓના છે. ઇનામો તેમને મોકલાશે. (૧) ભુપતરાય ધોળકિયા-મુંબઇ (૨) પન્નાલાલ પરીખ-પાટણ (૩) રમેશચંદ્ર-પોરડા (૪) જગન્નાથ મહેતા-અમદાવાદ (૫) હરિભાઈ સિદ્ધપુરા-અમરેલી (૬) રમણભાઇ પટેલ-સોજીત્રા (૭) શંકરલાલ જોશી-મુંબાઇ (૮) સુપરિન્ટેન્ડેન્ટ, બોર્ડિંગ હાઉસ-પેટલાદ (૯) બાલુભાઇ પટેલ-સાણંદ (૧૦) જગદીશ-મુંબાઈ. સાચા જવાબો નીચે મુજબ: **(૧) ગણિત-ગમ્મત:** (૧) ૧૬ વિદ્યાર્થી, ૧૨૬ પેન્સિલ; (૨) ૧૬૦ ચોરસ એકર **(૨) એ શું?** (૧) સાંકળીઉં (૨) ભવિષ્ય. **(૩) શબ્દ-સાંકળી:** કાનાનૂર, નૂરજહાં, જહાંગીર, ગીરનાર, નારદ. **(૪) શબ્દ-શોધન:**

નં દ ન વ ન
ક બી ર વ ડ

(૫) શબ્દ-ફેરવણી: મહાત્મા, મહાન, મકાન, દુકાન, દુશ્મન **(૬) અંક-ચોરસ:**

જ ગ જી વ ન	૯	૩	૧ = ૧૩
ભા વ ન ગ ર	૬	૨	૫ = ૧૩
ન વ લ ક થા	૪	૮	૭ = ૧૯
	૧૯	૧૩	૧૩

(૭) ચિત્ર-પ્રશ્ન: ૩૧ સમચોરસ.

પોષની જ્ઞાનલીલા, તેમાં ભાગ લેનારાઓને જરા આકરી પડી ગઈ લાગે છે. પણ આ વિભાગ મનોરંજન સાથે ખરો તો બુદ્ધિની કસોટીનો છે, એટલે અઘરા પ્રશ્નોથી હારી ન ખાતાં તેના ઉકેલ માટે વધારે ધીરજથી પ્રયત્નો થતા રહે એમ અમે ઇચ્છીએ છીએ. નીચેના ચાર જણના ઉત્તરો સાચા મળ્યા છે. ઇનામ તેમને મોકલાશે: (૧) બાલુભાઇ પટેલ-સાણંદ; (૨) રમણભાઈ પટેલ-સોજીત્રા; (૩) મનુભાઇ પટેલ-પોરડા; (૪) નામ આપેલ નથી. ખરા ઉત્તર નીચે મુજબ:

(૧) ગણિત-ગમ્મત: આ પ્રશ્ન જરા અસ્પષ્ટ રીતે મુકાએલા હોવાથી બે જવાબ આવે છે: જો ચોથી વખત પણ એક રૂપિયો બચત રાખવામાં આવે તો મોહન પાસે મૂળ રૂપિયા ૭૯; નહિ તો રૂા. ૪૬-૯-૭ $\frac{1}{4}$. બંને ઉત્તર સાચા ગણ્યા છે. **(૨)** ૩ મણ ઘી. **(૩) શબ્દશોધન: દીવ, નાગના, રથ, મદ, દયા, કળ, વનવાટ, અવતાર:** તેમાંથી નીકળતું અરધું ચરણ—દીનાનાથ દયાળ નટવર

(૪) શબ્દ-ગોઠવણ: તેમાં ૧ થી દસ આંકડા અનુક્રમે લેવાથી: મોહનદાસ કરમચંદ

જ	યં	તી	અ	દ	લ
હ	વા	ડો	વ્યં	જ	ન
ક	લ	હ	પ	ર	મ
દા	ન	ત	ર	સ	ના
ક	શ	ર	ગુ	લા	મો
ચ	મુ	ના	ચં	ચ	લ

(૫) શબ્દ-ચોખૂટ:

જ
હા તી મ
જ તી ન દા સ
મ દા રી
સ

(૬) શબ્દ-ફેરવણી: અગસ્ત્ય, અગત્ય અગર, સાગર, સાકર અને શંકર. **(૭) ચિત્ર-પ્રશ્ન:** ૨૦ ત્રિકોણ.

નવા સવાલ

નીચેના સવાલોના ઉત્તરો ૩૧મી માર્ચ સુધીમાં મળી જવા જોઇએ. **(૧) ગણિત-ગમ્મત:** વર્ગમાં ગણિતનો વિષય પૂરો થયો અને સૌને માર્ક મળી ગયા પછી ચંપક, ચંપા અને પુષ્પા અંદર અંદર વાત કરવા લાગ્યાં:

ચંપક: મારી સૌથી વધારે ભૂલ પડી છે.

ચંપા: તારા કરતાં મારી એક ભૂલ ઓછી છે.

પુષ્પા: ચંપા, તારા કરતાં મારી પણ એક ભૂલ ઓછી છે.

ચંપક: મને મારી ભૂલ કરતાં એક માર્ક ઓછો મળ્યો છે.

ચંપા: મને મારી ભૂલો કરતાં બમણા માર્ક મળ્યા છે.

પુષ્પા: મને મારી ભૂલો કરતાં ચાર ગણા માર્ક મળ્યા છે.

ત્યારે દરેકને માર્ક કેટલા મળ્યા હશે ને દરેકની કેટલી ભૂલ પડી હશે? દરેક ભૂલે અમુક માર્ક કાપવાનું સામાન્ય ધોરણ આ પ્રશ્નમાં પણ સમજવું. (મ. ના. ખત્રી)

(૨) છુટાં પાડો: નીચેના અક્ષરોમાં પાંચ મહાન ધાર્મિક પુરુષોનાં નામ છુપાઇ ગયાં છે. તમે તે છુટાં પાડી આપશો?—મમમમ રર દદ ગંહગૌ તવિવીપહા કાયકૃવેદ્ધ નંષ્ણ બબુ.

(૩) એ શું? (૧) એવી કઇ સંખ્યા છે જેની અંદર ખોરાકની એક ચીજ છુપાઇ રહે છે? (૨) એવો કયો પોષાક છે જેનો અમુક ભાગ વખત પણ બતાવે છે? **(૪) શબ્દ-ફેરવણી:** નીચેની આકૃતિમાં પહેલા ખાનામાં 'ફાગણ' માસ આપેલો છે. તેમાંથી દર ખાને માત્ર એક જ અક્ષર ફેરવી બાકીના તેમના મૂળ ખાનામાં જ રહેવા દઇ નવો શબ્દ બીજા ખાનામાં મૂકો. એમ ફેરફાર કરતાં છેલ્લા ખાનામાં 'સાબર' લાવી દ્યો.


ફા	ગ	ણ
કા	બ	ર

(૫) શબ્દ-સાંકળી: પાંચ પુરુષવાચક નામની આ શબ્દ-સાંકળી બનેલી છે. તેમાંનું પહેલું નામ 'મનહર' છે. તે નામના છેલ્લા બે અક્ષરથી શરૂ થતું બીજું નામ તમારે શોધવાનું. એમ અનુક્રમે આગળ વધતાં પાંચમું નામ 'કરમણ' લાવી દ્યો.

(૬) વિચિત્ર 'ક': આ એક તમારા શબ્દ-જ્ઞાનની નવીન ચકાસણી છે. તેમાં તમારે નીચે સૂચવ્યા મુજબના અર્થોવાળા શબ્દો શોધી તેની અંદર કોઇ પણ જગ્યાએ (શરૂઆતમાં, છેડે કે કોઈ પણ બે અક્ષરની વચ્ચે) 'ક' ઉમેરી

પાછા સૂચવ્યા મુજબ જ અર્થોવાળા નવા શબ્દો લાવી આપવાના. જેમકે અગ્નિશિખાની અંદર 'ક' ઉમેરવાથી કુદરતનું એક તત્ત્વ બને છે: ઉત્તર 'ઝાકળ' (ઝાળ=અગ્નિની શિખા. તેની વચ્ચે 'ક' ઉમેરવાથી 'ઝાકળ' શબ્દ બન્યો). શબ્દો ગમે તેટલા અક્ષરના લઇ શકાશે. (૧) 'ભોગ'ની અંદર 'ક' ઉમેરી ખાવાનો એક પદાર્થ બનાવો. (૨) 'મિષ્ટ'ની અંદર 'ક' ઉમેરી એક કીટ બનાવો. (૩) શેરીમાં 'ક' ઉમેરી એક જ્ઞાતિ બનાવો. (૪) 'મેલ'માં 'ક' ઉમેરી એક ફૂલ બનાવો. (૫) માણસમાં 'ક' ઉમેરી જૂના વખતના એક રાજા લાવી દો. (૬) એક જાતનાં ખોરાકી બીઆંમાં 'ક' ઉમેરી 'સંહાર' કરી દો. (૭) એક સંખ્યાની અંદર 'ક' ઉમેરી 'સેવક' લાવી દો. (૮) ખાવાની એક ચીજમાં 'ક' ઉમેરી નોકર લાવી દો. (૯) સ્થિતિમાં 'ક' ઉમેરી 'સાદ' પાડી દો. (૧૦) એક પ્રાણીની અંદર 'ક' ઉમેરી એક કળાકાર બનાવી દો.

(૭) **ચિત્ર-પ્રશ્ન:** બાજુની આકૃતિમાં ૨૩ શહેરનો એક



નકશો આપેલો છે. તમારે વેપાર અર્થે પહેલા શહેરથી શરૂઆત કરી આડાઅવળા ફરતાં છેવટે ત્રેવીસમા શહેરમાં જવાનું છે. પણ તમારે ભાડાના પૈસાનો અને સમયનો ફોગટ વ્યય કરવાનો નથી એટલે તમારે ટૂંકામાં ટૂંકો રસ્તો લેવાનો છે અને એક પણ શહેરને રસ્તે તમે બે વાર જઇ શકો નહિં. ત્યારે તમે એક પછી એક કયાકયા શહેરની મુલાકાત લેશો તે લખી મોકલો જોઇએ. (રેલવેનો રસ્તો લીટીથી દોરી બતાવેલો છે. તે સિવાય તમે આડે રસ્તે પણ જઇ શકો નહિ. જેમકે સત્તરમા શહેરથી તમે અગિયારમા અથવા તો બાવીસમા શહેરની મુસાફરી કરી શકો, પરંતુ સાતમે શહેર જઈ શકો નહિ.)

પૌરુષપૂજા

[ઉપજાતિ]

થંભી જજે ભાઇ, ઘડીક આંહી,
આ ખાંભી જો આપણ પૂર્વજોની;
છે એક એમાં સતી માત કેરી,
બીજી ઊભી કાળ-પુરુષ કેરી.

કૈં વર્ષ પહેલાં અહીં એક વેળા
તૂટી પડ્યા મ્લેચ્છ કરાળ ક્રૂર;
ચડ્યા ગઢે એ ધરમાંધ શૂર,
પંથી મર્યા પાદરમાં કવેળા:

ત્યાં ભૂંગીઆનો સૂર મૃત્યુઘેરો
જાગ્યો, જગાડ્યાં સહુ ગામલોક;
ને ઊતર્યાં માનવ થોકથોક,
સૌ આતમજોનો તજી સુખમેળો,

મીંઢોળબંધો વીર બત્રીશો આ,
સંગે ચડ્યો મોવડી કુલછત્ર;
આવી નવોઢા પ્રિય પ્રેમભક્ત,
આરોપવા માળ વીરાંગના ત્યાં.

મોંઘામૂલા નેત્રથી આંસુ ગાળી,
કંકાવટી કેસર આડચ તાણી;
ભીંસી લીધા છેવટ પ્રેમ આણી,
ચાલ્યા સહુ માતની મુક્તિ વાંછી.

ભાઇ, પછી જુદ્ધ તુમુલ જામ્યું,
ગાજી રહ્યું આભ હુંકાર-નાદે;
ઉદ્રેક ચેતે શરણાઇ—સાદે,
કોઇ રહ્યું ના ક્ષણ હાથ-ઝાલ્યું.

જાડા જણે આપણ જોમ ખૂટ્યું,
ખાળી શક્યા ના પૂર પાપીઓનું;
હોમાઇ જાતાં સહુ બત્રીશાઓ,
રે ઊમટી ત્યાં રણચંડિકાઓ.

જંગે ચડી સિંહણ સોરઠાણી,
શોભી રહી બખ્તર મર્દ સાજે;
હુંકારતી ચંડી અરિ અવાજે,
ખોંખી રહી જોહરને વીરશ્રી.



એ શક્તિનો તાપ ન જીરવાયો,
તૂટી બધી દુશ્મન વજ્રહાર;
ખમી શક્યા ખૂટલ ના પ્રહાર,
નાઠા ભીરુ, મોવડી તો મરાયો.

આ ભસ્મઅંકિત ભૂમિકિનારે,
સ્થાપી પછી આરસ ખાંભીઓ બે;
સિંદુર ને ચુંદડીથી વધાવી
પૂજી રહી પૌરુષને યુવાની.

ચમનલાલ ગાંધી



'આવું છું ! આવું છું !'ના પ્રચંડ પોકારથી દરિયાકિનારો ગાજી ઊઠ્યો અને બીજી જ ક્ષણે, કોઇ રોકે તે પહેલાં, તામ્રલિપ્તિને, પિતાને ને દાસીને મનથી પ્રણામ કરીને દેવસ્મિતા વહાણમાં કૂદી પડી.

[ચિત્રકાર : રવિશંકર રાવળ]



Courtesy : 'RUPAM'

સારનાથમાંની ભગવાન બુદ્ધની મૂર્તિ

એના પ્રશાન્ત, સાત્ત્વિક અપાર્થિવ અને તેજસ્વી મુખભાવ ઉતારવામાં
આર્યોની શિલ્પકલાનો દિગ્વિજય છે.

હિંદનાં શિલ્પ-સ્થાપત્ય



સોમનાથ પાટણનું મંદિર

સારનાથ કાશીથી માત્ર પાંચેક માઇલ દૂર હોવા છતાં કાશી જનારા યાત્રીઓ ઘણાખરા સારનાથ નથી જતા એ મોટી ભૂલ કરે છે. સારનાથથી ભગવાન બુદ્ધે, ધર્મચક્રપરિવર્તન કર્યું હતું, એટલેકે ધર્મના પ્રચારની શરૂઆત કરી હતી. એ સ્થળ બૌદ્ધોને બહુ પ્રિય છે અને યાત્રાયોગ્ય ગણાય છે. ત્યાં પણ એક મોટો સ્તૂપ, મઠ અને પાઠશાળા હતાં. સરકારી શોધખોળખાતાએ અહીંની જગ્યાનું ખોદકામ કરીને મઠ તથા અભ્યાસગૃહોના થોડાક ભાગની જૂની ઓરડીઓ ખોદી કાઢી સાફ કરી છે. સ્તૂપ તો ઇંટોનો હતો એટલે જર્જરિત હાલતમાં ઊભો છે, પરંતુ સૌથી અગત્યની જગ્યા ત્યાં ઊભું કરેલું સંગ્રહસ્થાન છે. એ સંગ્રહસ્થાનમાં એ જ જગ્યાએથી નીકળેલી મૂર્તિઓ, વાસણ, રાચરચીલું, સિક્કા વગેરે વ્યવસ્થાપૂર્વક ગોઠવેલાં છે. વળી ત્યાં નાનાંનાનાં બુદ્ધ ભગવાનનાં કેટલાં યે મસ્તક છે. આ મસ્તકો હશે તો આપણી હથેળી જેવડાં, પરંતુ એ મુખ ઉપર જે ભાવ અને સાત્ત્વિક આનંદ છવાએલો છે તેનું વર્ણન કરવું અશક્ય છે. જગતમાં ઘણાં યે મુખ આપણે દરરોજ જોઇએ છીએ, પરંતુ એક લાખ માણસોમાંથી એકના પણ મોં ઉપર, જેવું પેલા જડ પથ્થર પર હાસ્ય છે તેવું નહિ જોવા મળે. સારનાથના સંગ્રહમાં બીજું ઘણું યે જોવાનું છે. એક તેજઃપુંજ વાળી સફેદ આરસની બુદ્ધની સુંદર મૂર્તિ છે. પરંતુ એ ન હોત તો પણ માત્ર પેલો અદ્વિતીય આનંદ અને હાસ્ય જોવા માટે હું અવશ્ય વાચકવર્ગને સારનાથ જવા વિનંતિ કરત.

એવા આપણા ભગવાન બુદ્ધ હતા; જેમણે સર્વત્યાગ કરીને દિવ્ય હાસ્ય અને અલૌકિક આનંદ પ્રાપ્ત કર્યાં હતાં. અને એવા આપણા શિલ્પકલાના આચાર્યો હતા; જેઓ એ દેવતાનું ધ્યાન કરીકરીને જડ પથ્થરમાં આટલો પરમાનંદ કોતરી શકતા!

બુદ્ધ પછી સેંકડો વર્ષો સુધી બૌદ્ધ ધર્મમાં ભગવાનની પોતાની મૂર્તિઓ કરવાની મનાઇ હતી. સાંચીમાં જ્યાંજ્યાં બુદ્ધ વિષે વર્ણન આવે છે ત્યાંત્યાં બોધિવૃક્ષ, પલંગ કે એવું જ કંઇ સૂચન મૂકેલું છે. બુદ્ધ ભગવાનની પ્રથમ મૂર્તિઓ ગાંધારમાં થઈ લાગે છે. ગાંધારમાં સુંદર મૂર્તિઓ બનતી. ત્યાં ગ્રીક થાણું હતું તેથી ત્યાં ગ્રીક સંસ્કૃતિની અસર હતી. અશોક અને પછીના રાજાઓના સમયમાં આર્ય શિલ્પિઓએ પણ એવી અસંખ્ય મૂર્તિઓ બનાવી અને ભારતની ભાવનાઓ તથા આદર્શો એમાં એમણે બહુ કુશળતાથી મૂક્યાં. અશોકના વખતમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો પણ ખૂબ થયો! એમના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા બંને બુદ્ધ સંઘમાં ભળ્યાં હતાં અને સીલોનમાં બૌદ્ધ ધર્મ પહેલવહેલો લઇ જનાર એ બે ભાઇબહેન હતાં. અશોકના શિલાલેખો અને સ્તંભો પણ ઘણે ઠેકાણે હતા. જૂનાગઢમાં ગિરનાર ઉપરના શિલાલેખો એ ગુજરાતમાં એ કાળની જૂનામાં જૂની સ્મૃતિ કહી શકાય. પછી તો ચીન, જાપાન, સુમાત્રા, બ્રહ્મદેશ, ટીબેટ, નેપાળ ભૂતાન, અફઘાનિસ્તાન, અને ખોતાન પર્યંત ઇ. સ. ૭૦૦–૮૦૦ની સાલ સુધી બૌદ્ધ ધર્મનો ફેલાવો થયાં ગયો. એ સૌ સ્થળે જે સાધુઓ જતા તે ચિત્રકારો, મૂર્તિકારો, સલાટો, કોતરણી કરનારા વગેરેને કાં તો જોડે લઇ જતા; અથવા અહીંથી સાથે લઈ જવાય એટલી મૂર્તિઓ ચિત્રો અને બીજું શિલ્પકામ લઇ જતા હશે.

અફઘાનિસ્તાન—પ્રાચીન ગાંધાર (કંદહાર)–માંથી માજી અમીર અમાનુલ્લાહખાનના સમયમાં કેટલુંક ખોદકામ થએલું છે એમાં બૌદ્ધ ધર્મની અસંખ્ય ઐતિહાસિક વસ્તુઓ હાથ આવી છે ને જૂના મઠો, સ્તૂપો વગેરે જડ્યાં છે. એ ઉપરાંત સર ઑરેલ સ્ટીન તથા ડૉ. લીકોક વગેરેએ ચીનાઇ તુર્કસ્તાન તથા ખોતાનમાંથી પણ એ સમયના પડદા, ચિત્રો, સિક્કા રાચ-

રચેલાં ને મૂર્તિઓ પુષ્કળ પ્રમાણમાં મેળવ્યાં છે.

જાવા, સુમાત્રા અને કંબોડિયામાંથી તો જે ઉત્તમ મૂર્તિઓ, દેવળો અને ઐતિહાસિક અવશેષો મળ્યાં છે તેને માટે જુદું પુસ્તક લખવું જોઇએ. ત્યાં બૌદ્ધ ધર્મ પછી શૈવ અને વૈષ્ણવ ધર્મના ઉપદેશકો પણ ગયા હતા. અથવા હિંદમાંથી જતા મિશનરીના મનમાં તે વખતે બુદ્ધ કે શિવ, વિષ્ણુ કે અવલોકિતેશ્વર એમાં ભેદ નહોતો. ત્યાંની પ્રજ્ઞાપારમિતા (જુઓ કુમારના ૫૭મા અંકનું મુખચિત્ર) અને અવલોકિતેશ્વરની અલૌકિક મૂર્તિઓ બોસ્ટન અને બર્લિનનાં સંગ્રહસ્થાનોમાં ગઇ છે; બીજી મૂર્તિઓ અને દેવળો હજી ઊભાં છે.

બૌદ્ધ ધર્મના ઉપદેશકોની માફક આપણા દેશમાંથી આર્ય સંસ્કૃતિનો ફેલાવો કરવા દ્રવીડ દેશમાં પહેલા જનાર અગત્સ્ય મુનિ હતા. એમણે વિંધ્યાચળને નમાવ્યો હતો એમ કહેવાય છે, અને પાછો આવીશ એમ વાયદો કર્યો હશે. (પણ પાછા ન આવ્યા તે ઉપરથી 'અગત્સ્યના વાયદા' એવી કહેવત ચાલે છે.) પણ પછી તો એમણે પોતાની સ્ત્રી લોપામુદ્રાને જ દક્ષિણમાં બોલાવી લીધાં અને દક્ષિણ દેશની તામિલ તથા તેલુગુ, મલાયલમ અને કર્ણાટક ભાષા બોલતી પ્રજાઓના પૂર્વજોને એમણે ધર્મ અને સંસ્કૃતિ શીખવ્યાં. એ સમયમાં દુર્ભેદ્ય મનાતો એવો વિંધ્યાચળ ઓળંગ્યો. એટલેથી સંતોષ નહિ પામતાં એ દક્ષિણમાંથી આગળ દરિયામાર્ગે જાવા-સુમાત્રા તરફ પણ ગયા. એટલે એ સમુદ્ર પી ગયા એમ કહેવાયું. દ્રવીડ દેશમાં લોપામુદ્રા ગત થઈ હતી એટલે આર્ય સંસ્કૃતિ ફેલાવવાનું કામ કરવા અગત્સ્ય ઋષિ પાછળથી કાયમને માટે એ ટાપુઓમાં રહ્યા હશે એમ લાગે છે. ત્યાં એમણે ત્યાંના લોકોમાં ભળી લગ્ન પણ કર્યાં હતાં. એમનું મનુષ્યકદનું એક મોટું પૂતળું હમણાં જ જડ્યું છે અને એ શિવગુરુના નામથી પ્રસિદ્ધ થયું છે. (કુમારના ૩૬મા અંકમાં એ મૂર્તિ તથા અગત્સ્ય ઋષિનું વિસ્તૃત જીવન આવી ગયાં છે.)

આમ, બૌદ્ધ અને હિંદુ ધર્મ એ સમયે બહુ જ સાત્વિક બળવાળા અને વિસ્તાર વધારી મૂકે એવી શક્તિવાળા હતા. આખા હિંદુસ્તાનમાં અને હિંદુસ્તાનની બહાર દૂર દેશો સુધી એ ફેલાયા હતા. ઇલોરામાં બૌદ્ધ તથા શૈવ ધર્મની અને એલિફન્ટામાં શૈવ ધર્મની ગુફાઓ છે.



ગિરનાર પાસે અશોકના શિલાલેખ

પહેલાં નક્કર સ્તૂપ હતા. એમાંથી દેવળો થયાં. બંનેમાં શિલ્પ અને ચિત્રો, બાંધકામની કળા અને કારીગરી વિપુલ અને અનહદ પ્રમાણમાં જોવામાં આવે છે. એ જમાનો નવાંનવાં સર્જન કરી શકે એવો બુદ્ધિબળમાં અને હૃદયબળમાં મહાન હતો.

ભાવનગર રાજ્યમાંની તળાજાની ગુફા પણ બુદ્ધ સમયની છે અને વડનગર લાઈનને છેડે તારંગા બુદ્ધ ધર્મની શક્તિ તારાના ઉપરથી પ્રસિદ્ધ થએલું સ્થાનક છે. પરંતુ હાલમાં તો ત્યાં જૈનોનાં દેવાલયો છે.

અમદાવાદ પાસે અડાલજ એ પણ છેક ૧૦મી સદી પહેલાંનું ગામ છે. સિદ્ધરાજ જયસિંહે સંખ્યાબંધ કણબીઓને દક્ષિણ ગુજરાતમાં ખેડવા માટે મફત જમીનો આપેલી તેમાંના ઘણાખરા અડાલજથી ગયા હતા. મોઢેરાથી નીકળેલા બ્રાહ્મણો મોઢ કહેવાયા અને વાણિયા મોઢ વાણિયા કહેવાયા છે. વાણિયામાં અડાલજા, મોઢ વગેરે જ્ઞાતિ છે તે મૂળ અડાલજ અને મોઢેરાની છે. આ અડાલજમાં બહુ જ ભવ્ય ને સુંદર એક વાવ છે. એનું વિગતવાર વર્ણન આગળ આવશે. એ જૂને સ્થળેથી બુદ્ધ ભગવાનની ધાતુની એક મૂર્તિ નીકળી હતી. જૈન દેરાસરમાં એ એક બાજુએ મૂકવામાં આવી હતી તે સાક્ષરશ્રી કેશવલાલ ધ્રુવે જોઇ. એ મૂર્તિ ત્યાંથી નીકળી એ પરથી કોઇ બૌદ્ધ મંદિર એટલામાં હશે એમ કલ્પના થાય છે. પણ અમદાવાદમાં કોઇ ઐતિહાસિક વસ્તુઓનું સંગ્રહસ્થાન નહિ ને પુરાતત્ત્વ મંદિર પણ તે પછી ઘણે વર્ષે સ્થપાયું, એટલે શ્રી કેશવલાલભાઇએ એ મૂર્તિ કેળવણી ખાતાના

તે વખતના ડીરેકટર મર્હુમ શાર્પ સાહેબને આપી અને હાલમાં તે વિલાયતમાં કોઇ સંગ્રહસ્થાનમાં અથવા ખાનગી ઘરમાં પડી હશે! આમ બેદરકારીમાં આપણી ઘણી અમૂલ્ય વસ્તુઓ પરદેશ ઘસડાઇ ગઇ છે અને હજી આપણા વિદ્વાનોમાં જૂની શિલ્પકળા કે ઐતિહાસિક શોધખોળો માટે પ્રેમ નથી એ દુઃખની વાત છે.

ગુજરાત કાઠિયાવાડમાં બુદ્ધ સમયનાં સ્મરણોમાં અશોકના શિલાલેખ, તળાજા અને તારંગા તથા અજાલજની બુદ્ધની મૂર્તિ એટલી વસ્તુઓ છે. એ પછી ગોપનાથનું મંદિર પણ ગુપ્ત સમયનું છે. એનો ઘાટ જ અત્યારનાં મંદિરોમાં સૌથી જુદો તરી આવે છે. સોમનાથપાટણનું શિવનું મંદિર પણ અતિ ભવ્ય અને સુંદર હતું. દક્ષિણમાં મદુરા અને કાંજીવરમમાં જેમાં મોટાં મંદિરો છે એવાં મંદિરો મથુરાં, સોમનાથ અને કાશી વગેરેમાં બંધાયાં હતાં. જે વખતે હિંદના પૂર્વ ભાગમાં બૌદ્ધ ધર્મ જોરમાં હતો તે વખતે પશ્ચિમમાં મોટા સુધારા વધારા થયાં કરતા હતા. ઇ.સ. ૭૦૦–૮૦૦માં મહારાજ હર્ષવર્ધને, અકબર બાદશાહે જેમ ૧૬૦૦માં સર્વધર્મનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો હતો એમ બૌદ્ધ અને હિંદુધર્મની એકતા કરવાના પ્રયત્ન કરેલા. જે આદર્શો અને ભાવનાઓ બૌદ્ધ ધર્મનાં હતાં તે જ આદર્શો અને ભાવનાઓ મોટે ભાગે બ્રાહ્મણધર્મે (સનાતન હિંદુ ધર્મે) પણ અંગીકાર કર્યાં હતાં. મૂળ તો વેદ અને ઉપનિષદમાંથી જ એટલે આર્ય પ્રજાનાં જૂના આદર્શોમાંથી જ બુદ્ધ પણ પોતાના ધર્મના આદર્શો ઘડેલા. નિવૃત્તિ અને પ્રવૃત્તિ વિષે બંને ધર્મની માન્યતાઓ વચ્ચે વિદ્વાનોને કે અનુયાયીઓને પણ ઝાઝો ફેર જણાતો ન હતો.

સમાધિસ્થ મહાદેવની મૂર્તિમાં અને ધ્યાની બુદ્ધની મૂર્તિમાં બહુ ફેર નથી. એટલું જ નહિ પણ જૈન તીર્થંકરોની મૂર્તિઓમાં પણ એ જ સમાધિસ્થ દશા જોવામાં આવે છે. જોકે આજે જૂની જૈન મૂર્તિઓ જેમજેમ ખંડિત થતી જાય છે તેમતેમ તેને ઠેકાણે નવી બેસાડવામાં આવતી મૂર્તિઓમાં એ પ્રાચીન સમયની મૂર્તિઓ જેવા ભાવ આવતા નથી. આજકાલના સલાટ લોકો માત્ર શિલ્પવિદ્યાનાં માપ સાચવીને એ મૂર્તિઓ ઘડે છે. પરંતુ જે દેવની એ મૂર્તિ ઘડતા હોય તેમના જીવનત્યાગ કે વિરાગની કોઇ વિશેષ ખૂબી એમાં નથી દેખાતી એનું કારણ એ છે કે માત્ર માપકરણના શાસ્ત્રીય હિસાબોથી મૂર્તિઓમાં સાત્ત્વિકતા કે આધ્યાત્મિકતા લાવી શકાતી નથી. મૂર્તિઓ ઘડનારને માટે દેવતાઓની મૂર્તિઓ ઘડતી વખતે પાળવાના કેટલાક નિયમો એમનાં શાસ્ત્રોમાં છે. એમણે માનસિક ચક્ષુથી એ મૂર્તિનાં યોગદષ્ટિએ દર્શન કરવાં જોઇએ,—એટલેકે કલ્પનાશક્તિથી એ મૂર્તિ મનમાં વારંવાર પ્રત્યક્ષ કરવી જોઇએ: એણે મૂર્તિ ઘડતી વખતે બ્રહ્મચર્ય પાળવું જોઇએ. વ્રત ઉપાસના ને ફળાહાર કરવાં જોઇએ. અને જાગ્રત અવસ્થામાં કે ઊંઘતાં સ્વપ્નામાં એ જ દેવતા પ્રત્યક્ષ દર્શન આપે એવી તલ્લીનતા; મૂર્તિ ઘડાતી હોય એ દરમ્યાન એને રહેવી જોઇએ. શિલ્પશાસ્ત્રમાં શિલ્પીનો અધિકાર બહુ મોટો ગણવામાં આવ્યો છે. એ શિલ્પ–આચાર્ય કહેવાય છે.

કવિઓ જેવી જ એમની કલ્પનાશક્તિ, અનુકરણશક્તિ, હૃદયક્ષોભ અને સર્જન શક્તિ હોવાં જોઇએ. પરંતુ આપણી પડતીના કાળમાં બધું જેમ બગડ્યું તેમ શિલ્પિઓ પણ અભણ અને જડ થઇ ગયા અને જૂનાં પુસ્તકો કે પરંપરાને માત્ર વળગી રહ્યા તેથી એમની આજકાલની કૃતિઓમાં કેવળ જડતા અને બાપદાદાને ચીલે ચાલ્યા કરવાની વૃત્તિ રહી.

દક્ષિણમાં શ્રમણ બેલગુળમાં તીર્થંકરોની કેટલીક જૂની બેઠેલી અવસ્થાની મૂર્તિઓ મેં જોઈ છે. મને એ અતિશય સાત્ત્વિક ને તેજસ્વી લાગી છે. બાકી હમણાંની કેટલીયે જૈન મૂર્તિઓ માત્ર ભાવશૂન્ય ને જડ લાગે છે!

બુદ્ધ, તીર્થંકરો ને મહાદેવની મૂર્તિઓ હિંદુ લોકોને પરમ પ્રિય એવી સ્થિતપ્રજ્ઞની સમાધિસ્થ અવસ્થા સૂચવે છે. ટીકાકારો એમને Vagne–ભાવ વગરની –પોલી–કહે છે એ વાત ખરી નથી. માનુષી ભાવોથી એ પર છે, પરંતુ

प्रजहाति यदा कामान् सर्वान्पार्थ मनोगतान्
आत्मन्येवाऽत्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते (ગીતા)

(હે પાર્થ! મનની સર્વ કામનાઓને જ્યારે મનુષ્ય છોડે છે ને અંતઃકરણની વૃત્તિઓ જ્યારે આત્મરૂપમાં જ સંતુષ્ટ રહે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ થયો કહેવાય છે!) એ દર્શાવવા એ બધી મૂર્તિઓમાં પ્રયત્ન થએલો છે.

ચાલુ] **હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ**

૧૯૨૦ના ઑગસ્ટ માસમાં કૉલેજો બંધ હતી. તેથી યુરોપમાં શ્રેષ્ઠ ગણાતી જર્મની ઈત્યાદિની કેળવણીની સંસ્થાઓ તથા ઉદ્યોગધંધાનાં કારખાના જોવા જવાને પ્રો. નાયકે મનસૂબો કર્યો. હિંદના પ્રખ્યાત રંગના વ્યાપારી રંગુનવાળા મેસર્સ ગલીઆરા ઍન્ડ કંપનીના માલિકના નાના ભાઇ શ્રી ખીમચંદભાઇ એ વેળા વિલાયત આવેલા. આ ગૃહસ્થ ગુજરાતમાં વડોદરા રાજ્યના કઠલાલ ગામના રહીશ છે. તે પ્રો. નાયકને અચાનક મળી ગયા. જર્મનીનાં મોટાંમોટાં રંગનાં કારખાનાં જોવાની રજા ભાગ્યે જ કોઇને આપવામાં આવે છે. પણ તેમની સંગાથે પ્રો. નાયકને એ સહેલાઇથી જોવા મળ્યાં. આ કારખાનાં જોઇને તો તે હેરત પામી ગયા! તેનું વર્ણન આપતાં તેઓ કહે છે કે 'ફાર્બેન ફૅબ્રિકન ફૉન ફ્રીડર બાયર ઍન્ડ કં.નું હ્રાઇ'ન નદી પરનું લીવર કુઝનનું કારખાનું જોયું. તેનો ઘેરાવો



ડૉ. કુંવરજી ગો. નાયક

એમ. એ., બી. એસસી. (મુંબાઇ); ડી. એસસી. (લંડન); એફ. આઇ. સી; ડી. આઇ. સી.; પ્રોફેસર બરોડા કૉલેજ; ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ–વડોદરા સરકાર.

જ લગભગ પાંચથી છ માઇલનો છે! શું જબ્બર એ કારખાનું છે! તેની અંદર શોધખોળનું કામ કરનારાં, માલ તૈયાર કરનારાં, માલનો ભંડાર જાળવનારાં, જાહેરખબર ફેલાવનારાં, વેચાણ કરનારાં, છાપકામ કરનારાં, માલ મોકલનારાં એવાં અનેકવિધ ખાતાં છે! આ સર્વ જોઇને તો હું હેરત જ પામી ગયો. આખા યુરોપની કોઇ પણ વિદ્યાપીઠની મોટામાં મોટી પ્રયોગશાળા આ કારખાનામાં આવેલી શોધખોળની પ્રયોગશાળાને તોલે પણ કદી ન આવે, એવી શ્રેષ્ઠ પ્રયોગશાળા મેં ત્યાં જોઇ. ત્યાંની બધી ગોઠવણ છેલ્લામાં છેલ્લી શોધ મુજબની તથા સંપૂર્ણ હતી. વિજ્ઞાનને લગતા છેલ્લામાં છેલ્લા બહાર પડેલા ગ્રંથોથી ભરપુર પુસ્તકાલય તેની સાથે જોડેલું હતું. જર્મન કારખાનાંવાળાઓ બહારના કોઇ પણ માણસને અંદર પેસવા જ દેતા નથી. પણ હું તો આ કંપનીનો થોકબંધ માલ ઉઠાવનાર વ્યાપારીની સાથે ગએલો જેથી સહેજે અંદર પ્રવેશ કરી શકયો. અંદર ગયો એટલે પછી તો તે લોકો એવા માયાળુ સજ્જનો કે લાંબા વખતના પરિચિત મિત્રો હોય તેમ હળીમળી અંદરનું સર્વ બતાવ્યું અને મારી જોડે મિત્રાચારી બાંધી. તે પછી બેડિશ એનિલીન સોડા ફૅબ્રિકનું કારખાનું જોયું. આ કારખાનું તો પેલા કરતાં પણ બમણું મોટું છે. તેનો ઘેરાવો જ લગભગ બાર માઇલનો છે! ત્યાર બાદ માઇસ્ટર લુસિઅસ બ્રૂનિંગ્સનું કારખાનું, ઇ. મર્કનું પ્રખ્યાત કારખાનું, શેરીંગ-કૉલ્હલબૉમનું કારખાનું, બ્રુકનબર્ગ લેહાર ટૅનિંગ ફૅકટરી ઇત્યાદિ મહાન વિશાળ કારખાનાં જોઇને મને અનહદ આશ્ચર્ય થયું. આ દરેક કારખાનામાં તેમના પોતાના જ ડક્કા, ભોજનાલયો, વિશ્રાંતિગૃહો, પુસ્તકાલયો, જિમ્નૅસ્યમો—અખાડા, સોડા તથા તેજાબ બનાવવાનાં જબ્બર જુદાંજુદાં કારખાનાં, છાપખાનાં છે; તેમજ હિંદ, કૅનેડા, જાપાન, ચીન, દક્ષિણ અમેરિકા, આફ્રિકા ઈત્યાદિ વિવિધ દેશોમાં માલ મોકલનારી મોટીમોટી કચેરીઓ પણ ત્યાં જ છે. જ્યારે આવા જબ્બર વિશાળ સુંદર કારખાનાં જોયાં ત્યારે હિંદનું ભાવી મને તો નિરાશાભરેલું લાગ્યું. અરધી સદી જેટલા આગળ વધેલા આવા દેશો જોડે પરતંત્રતાની બેડીથી જકડાએલું હિંદ માલની બનાવટમાં શી રીતે હરીફાઇ કરી શકે? અને એ હરીફાઇ પણ આવાં મોટાં સંગઠિત વ્યાપારી મંડળો સામે કરવી તે કેટલું કઠિન છે?

વળી આ પર્યટનમાં જ યુરોપની કેટલીયે મોટી વિદ્યાપીઠો પણ તેમણે જોઈ લીધી. તેઓ કહે છે, 'કોલોન, બૉન, હાઇડલબર્ગ, લાઇપ્ઝિગ, હાલે, કાર્લ્સરૂહ, મ્યુનિચ, બર્લિન ઇત્યાદિ જર્મનીની વિદ્યાપીઠો જોઇ ત્યાંની પ્રયોગશાળાઓમાં ફર્યો. ત્યાંના પ્રોફેસરોને મળ્યો. જગમશહૂર કૈઝર વિલ્હેલ્મ ઇન્સ્ટીટ્યૂટ જોયું, ટેકનીશે હૉકશુલે શાર્લોટન્ બર્ગ વગેરે જોયાં અને હિંદની સ્થિતિ યાદ આવી. તેથી મનમાં ખૂબ લાગી આવ્યું. ફ્રાન્સમાં પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટ જોયું. પારીસમાં લાયોં વગેરે વિદ્યાપીઠો જોઇ, સ્વિટ્ઝર્લૅન્ડની ઝુરિચ પૉલિટેકનિક બેસલ વિદ્યાપીઠ વગેરે જોયાં ત્યારે તો મારી આંખનાં પડળ ઊઘડી ગયાં—હું તદ્દન અજ્ઞાન પામર કીટ જેવો ભાસવા લાગ્યો—મારો પુનર્જન્મ થયો .... ઇટાલિમાં પણ જઈ આવ્યો. મિલાન ફ્લૉરેન્સ, વેનિસ વગેરે જોયાં. ત્યાંનાં કાચનાં કારખાનાંઓમાં ફરી વળ્યો અને પછી ઑસ્ટ્રિયા, હૉલૅન્ડ, બેલ્જિયમ થઇ ઇંગ્લંડ પાછો આવ્યો.'

૧૯૨૧ના જૂન માસમાં ડી.એસસી.ની ડિગ્રી માટે પોતે કરેલી શોધખોળ પર નિબંધ લખી રજુ કર્યો અને તરતજ એમને એ પદવી મળી. તે પછી ઇંગ્લંડની વિદ્યાપીઠોનાં દર્શન કરવા પરિભ્રમણ શરૂ કર્યું. અને ત્યાંના કારખાનાં પણ જોયાં. જર્મન કારખાનાંઓની સર્વ દિશાની સંપૂર્ણતા પોતે જોએલી તેથી આ કારખાનાં તેમને સાવ તુચ્છ લાગ્યાં. તેઓ કહે છે કે 'ઇંગ્લંડની નીતિ પોતાના હાથમાં પડેલા દેશોને ચુસવાની જ છે. એવાં કારખાનાં જૂની ઢબનાં અને અપૂર્ણ છે, તેથી ત્યાંથી નીકળતો માલ હરીફાઇમાં મોંઘો પડે છે. એટલે એ માલનું પોસાણ આવા હિંદ જેવા પરતંત્ર પોતાના હાથમાં પડેલા દેશોમાં જ ગમે તે રીતે કરાવી શકાય, જેથી તે પરનો કાબુ ઇંગ્લંડ કેમ જ છોડે? તેમના પ્રો. થૉર્પ કહે છે કે 'પ્રો. નાયક જેટલાં કારખાનાં બ્રિટનમાં ભાગ્યે જ અન્ય કોઇએ જોયાં હશે. તેમાં યે પરિપૂર્ણતાની હદે પહોંચેલાં મોટાં મોટાં જર્મન કારખાનાં તો તેમણે જ આટલાં બધાં જોયાં છે!' જર્મનીના એક બેડિશે ઍનિલીન સોડા ફેબ્રિકનાં કારખાનાના મેનેજિંગ ડાયરેક્ટર ડૉ. વાઇબલે તો ત્યાંની શોધખોળની પ્રયોગશાળામાં કામ શીખવા ડૉ. નાયકને પરવાનગી પણ આપેલી. તેથી ત્રણ માસ તે ત્યાં જર્મનીમાં રહ્યા. આમ આખા યુરોપના મુખ્ય-મુખ્ય કારખાનાંઓના તથા રસાયણશાસ્ત્રીઓના જાત-પરિચયમાં ડૉ. નાયક આવ્યા અને બરાબર બે વર્ષને અંતે ૧૯૨૧ના ઑગસ્ટમાં તેઓ હિંદમાં પાછા આવ્યા.

ઇંગ્લંડથી નીકળતી વખતે ત્યાંની પ્રખ્યાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ કેમિસ્ટ્રીના આગેવાન રસાયણશાસ્ત્રીઓએ પ્રો. નાયકને તેના 'ફેલો' તરીકે ચૂંટી અપૂર્વ માન આપ્યું. આ માન બહુ થોડાને મળે છે. પ્રથમ એ સભાના 'એસોશિયેટ' થવું પડે છે. તે પછી દસ વર્ષે તેનું કામ જોઇ તેને 'ફેલો' તરીકે ચૂંટવામાં આવે છે. હજી પણ ડૉ. નાયકના જે જે વિદ્યાર્થી ત્યાં અભ્યાસાર્થે જાય છે તેમની આગળ ત્યાંના રસાયણશાસ્ત્રીઓ ડૉ. નાયકની ખૂબ પ્રશંસા કરે છે અને તે શિષ્યોને ખૂબ આદરથી અભ્યાસની સગવડતા કરી આપે છે. એક વિદ્યાર્થીએ ડૉ. નાયક પાસે બી.એસસી. પછી ત્રણ જ માસ કામ કર્યું હતું છતાં તેને બે વર્ષને અંતે સીધા પી. એચડી.ની ડિગ્રી માટે બેસવા લંડન વિદ્યાપીઠે હમણાં જ રજા આપી છે. અગાઉ તો હિંદનાં બી.એસસી. થએલ વિદ્યાર્થીને ત્યાં મૅટ્રિક જેટલા ગણાઇ ત્રણ વર્ષ અભ્યાસ કરવો પડતો. પછી લંડન વિદ્યાપીઠની બી. એસસી.ની ડિગ્રી લીધા બાદ બે વર્ષે એમ. એસસી. થતો ને ત્યાર બાદ બે વર્ષે પી.એચડી. થઇને પછી તે એક બે વર્ષે ડી. એસસી. થવા પામતો. જ્યારે આજ ડૉ. નાયકના પ્રયાસથી તેમના વિદ્યાર્થીને બે જ વર્ષમાં પી.એચડી. માટે રજા મળે છે. કદાચ આ લાભ આવા પ્રતિભાવાન હિંદી વૈજ્ઞાનિકને લીધે હિંદના સર્વ વિદ્યાર્થીઓને થોડા સમયમાં મળશે.

ઇંગ્લંડથી પાછા આવી ડૉ. નાયક વડોદરા સરકારની નોકરીમાં પાછા જોડાઈ ગયા હતા. કૉલેજના કામ ઉપરાંત વડોદરા સરકારના ઔદ્યોગિક ખાતાના રસાયણશાસ્ત્રી તરીકે પણ તેઓ કામ કરે છે. રાજ્યમાં વેપારઉદ્યોગ ખાતા તરફથી કેટલા યે ધંધાઓ, મિલો, ફૅક્ટરીઓ ઇત્યાદિને એમની પ્રયોગશાળામાં જ કેટલીક શોધ કરી મદદ પૂરી પાડવામાં આવે છે. આ પ્રયોગશાળામાં કામ કરી ચૌદ પંદર વિદ્યાર્થીઓ એમ.એસસી.ની ડિગ્રી પ્રાપ્ત કરી શક્યા છે. આ એમ. એસસી.ની ડિગ્રીને સારૂ વિદ્યાર્થીએ નવીન શોધખોળ કરી તે પર નિબંધ લખવો જોઇએ અને વિદ્યાપીઠની

એ વિષયની નિષ્ણાત સમિતિ એ તપાસી પાસ કરે તો જ તેને એ ડિગ્રી આપવામાં આવે છે. આ ઇલાકામાં અને તે પણ વ્યાપારી ગુજરાતમાં આવી ઊંચી ડિગ્રી તેમના પંદરેક વિદ્યાર્થીઓ આટલા થોડા સમયમાં મેળવવા પામ્યા તે માત્ર તેમના પ્રેરણાત્મક તથા ઉત્સાહપૂર્ણ શિક્ષણ ને માર્ગદર્શનનું જ ફળ છે. અહીંથી પચાસેક શોધખોળના નિબંધ લખાઇ બહાર પડયા છે, જે અમેરિકન કેમિકલ સોસાએટી, લંડન કેમિકલ સોસાએટી, ઇન્ડિયન કેમિકલ સોસાએટી વગેરેનાં--માસિકોમાં પ્રસિદ્ધ થયાં છે. અગાઉ હિંદી રસાયણશાસ્ત્રીઓની એકે સભા નહોતી, તેથી 'ઇન્ડિયન કેમિકલ સોસાએટી' સ્થાપવા કેટલાક અગ્રણી હિંદી રસાયણશાસ્ત્રીઓએ નક્કી કર્યું, જેમાં ડૉ. નાયકનો અગ્ર ભાગ હતો. હિંદમાં વસતા કેટલાક યુરોપીય રસાયણશાસ્ત્રીઓ આ સભા સ્થાપવાની સામે થયા, પણ અડગ હિંદીઓના પ્રયાસથી ૧૯૨૪–૨૫માં ઉપલી સભા સ્થાપવામાં આવી.

૧૯૨૪માં તેઓ મુંબાઈ વિદ્યાપીઠની સેનેટમાં 'ફેલો' તરીકે ચુંટાઈ આવ્યા અને ત્યાં કેમિસ્ટ્રી બૉર્ડ ઑફ સ્ટડીઝ પર પોતે કામ કર્યું તથા જે કંઈ અભ્યાસક્રમમાં અનુકૂળ ફેરફાર કરાવવા જરૂરી હતા તે કરાવ્યા. મૅટ્રિકની પરીક્ષા માટે સ્કુલ બૉર્ડ સ્થપાયું ત્યારથી જ તેના મેમ્બર તરીકે તેમને ચૂંટવામાં આવ્યા. હાલ થોડા વખત પર જ નવી સેનેટ સ્થપાઈ તેમાં પણ તેઓ છે. મુંબાઇ વિદ્યાપીઠની ઍકેડેમીક કાઉન્સિલ, બૉર્ડ ઑફ સ્ટડીઝ, બૉર્ડ ઑફ પોસ્ટ ગ્રૅડ્યુએટ સ્ટડીઝ તથા કૉલેજો અને હાઇસ્કુલોની ઇન્સ્પેક્શન કમિટીઓમાં પણ તેઓ અગ્ર સભાસદ છે. ટૂંકામાં મુંબાઇ વિદ્યાપીઠના એક ઘણા જ આગળપડતા અને વિદ્વાન કેળવણીકાર તરીકે આ ઇલાકામાં તેમનું સ્થાન અનન્ય લેખવામાં આવે છે.

સુરત એમનું જન્મસ્થળ છે. ત્યાં એક પહેલા વર્ગની આર્ટ્સ કૉલેજ સ્થપાવી જોઇએ એમ તેમણે નક્કી કર્યું. એ માટે ૧૯૧૫થી ૧૭ સુધી ત્રણ વર્ષ લગી એમણે સતત ચળવળ ચલાવી અને અગ્રગણ્ય સુરતીઓના મનમાં તેની અગત્ય ઠસાવી અનેકનો સહકાર મેળવ્યો. અને છેવટે સાર્વજનિક સોસાએટી દ્વારા હાલની સુરત કૉલેજ હસ્તીમાં આવી. અમુક શરતે પોતાની જીવનભરની સેવા પણ તેમાં અર્પણ કરી દેવા સારૂ તે તૈયાર થયા હતા, પણ કેટલાક સંજોગોને લીધે તે બંધ રાખવામાં આવ્યું. સુરત કૉલેજની સ્થાપના એ ડૉ. નાયકના જ અથાક શ્રમનું પરિણામ છે.

વડોદરા યૂનિવર્સિટી કમિશન ૧૯૨૭માં નીમાયું તેમાં ડૉ. નાયક પણ સભાસદ હતા. આ કમિશનમાં આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ, શ્રી કનૈયાલાલ મુનશી, તથા શ્રી એસ.વી. મુકરજી સભાસદો હતા. તેના પ્રમુખ પ્રો. વિજરી હતા. પ્રમુખ પ્રો. વિજરી વિલાયત ગયા પછી એ કમિશનનું કામ નિયમિત ચલાવવા માટે ડૉ. નાયકને તેના સેક્રેટરી તથા સભા બોલાવનાર—'કન્વીનર' તરીકે નીમ્યા હતા. તેનો રિપોર્ટ ૧૯૨૯માં બહાર પડયો છે, જેમાં ગુજરાતને અનુકૂળ વિશ્વવિદ્યાલયની સુંદર રૂપરેખા આપી છે. ગુજરાત યૂનિવર્સિટીને હસ્તીમાં લાવવા ૧૯૨૫–૨૬માં એક કમિટી સર ચીમનલાલ સેતલવાડના પ્રમુખપદે નીમાઈ હતી તેના સેક્રેટરી તરીકે પણ ડૉ. નાયક તથા શ્રી કનૈયાલાલ મુનશી છે. એ યૂનિવર્સિટીની ચળવળ હાલની નાણાની તંગ સ્થિતિને લીધે મુલતવી રહી છે.

વડોદરાની 'કલાભવન રી–ઑર્ગેનિઝેશન કમિટિ' ૧૯૨૮માં નામવામાં આવી તેના પણ સભાસદ તરીકે ડૉ. નાયકને પસંદ કરવામાં આવ્યા હતા. ટેક્નૉલૉજીમાં બી.એસસી.ના ગ્રેઇડ સુધી લઇ જવા આ કમિટિમાં ડૉ. નાયકે જે વ્યાવહારિક ભલામણો કરી છે તેનો વિગતવાર રિપોર્ટ ઘડવામાં આવ્યો છે. અને તે વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ થયો છે.

મુંબાઇ વિદ્યાપીઠે 'સર વિશ્વેશ્વરૈયા કમિટિ' નીમી છે. 'યૂનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઑફ ઍપ્લાઇડ કેમિસ્ટ્રી'નું ખાતું વિદ્યાપીઠ તરફથી જ કાઢી તેને રૉયલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સની કૉલેજમાં જ ગોઠવવું અને તેને માટે વિગતવાર શી શી જરૂર છે તેની સવિસ્તર ભલામણ કરવા માટે આ કમિટિ નીમવામાં આવી છે. આ કમિટિ પર પણ ડૉ. નાયકને સભાસદ તરીકે ખાસ લેવામાં આવ્યા છે. આ કમિટિએ ૧૯૩૦ના જુલાઇ માસથી પોતાનું કામ શરૂ કર્યું છે.

મુંબાઇ સરકારે ૧૯૨૭માં 'પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ સમિતિ' નીમી હતી તેમાં પણ ડૉ. નાયક સભાસદ હતા અને તેમના ખાસ પ્રયાસથી માતૃભાષા

દ્વારા માધ્યમિક અંગ્રેજી શાળાઓમાં શિક્ષણ આપવાની ભલામણ કરવામાં આવી છે. આ કમિટિનો રિપોર્ટ પણ ૧૯૨૯માં મુંબાઇ સરકારે પ્રસિદ્ધ કર્યો છે.

ડૉ. નાયકની વડોદરા કૉલેજની પ્રયોગશાળામાં કરેલી શોધખોળ પરના નિબંધો આજ લગીમાં પ્રસિદ્ધ થયા છે, જે કામ આ ઇલાકામાં અદ્દ્ભુત અને અપૂર્વ ગણાય છે. એથી આકર્ષાઇને ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસે હમણાં ગયા જાન્યુઆરીમાં નાગપુરમાં ભરાએલી તેની ૧૮મી વાર્ષિક બેઠકમાં રસાયણશાસ્ત્રના વિભાગના પ્રમુખ તરીકે ડૉ. નાયકને ચૂંટી કાઢ્યા છે. આ માન ઘણું મોટું ગણાય છે. અઢાર વર્ષથી સ્થપાએલી આ હિંદની મહાન વિજ્ઞાન મહાસભામાં રસાયણશાસ્ત્રના વિભાગના પ્રમુખ તરીકે મુંબાઇ ઇલાકાનો કોઇ હિંદી વૈજ્ઞાનિક હજુ લગી ચૂંટાયો નથી. ડૉ. નાયકને એ માન આ ઇલાકામાં પ્રથમ જ મળ્યું છે, જે મેળવી કોઇ પણ વૈજ્ઞાનિક સાચું અભિમાન લઇ શકે તેવું એ પદ ગણાય છે.

એમની શોધખોળો મુખ્યત્વે કરી ગંધક અને ગંધકજન્ય દ્રવ્યો પર છે. ઉદ્યોગ વિભાગમાં છાપખાનાના ટાઇપની ધાતુ, ઔદ્યોગિક ઉપયોગ માટે પાણીનું પૃથક્કરણ અને તેની શુદ્ધિ, તેજાબોની બનાવટ, સોનેરી તથા રૂપેરી તારનું ઇલેક્ટ્રોપ્લેટિંગ ઇત્યાદિ ધંધા પરત્વે છે. આથી કેટલાં યે ઉદ્યોગનાં કારખાનાંઓને ખૂબ નફો થવા પામ્યો છે.

એક શ્રેષ્ઠ શિક્ષક તરીકે તેમની ગણતરી આ ઇલાકામાં તેમજ બંગાળમાં પણ થાય છે અને યુવાન વિદ્યાર્થીઓ તેમના પ્રત્યે આકર્ષાઇને આવે છે. કેટલા યે વિદ્યાર્થીઓને તેઓ તન મન ધનથી બનતી સહાય કરે છે.યુવક પ્રવૃતિઓમાં પણ તેઓ યથાશક્ય ભાગ લેછે.

ડૉ. નાયક અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિના છે. તે જ્ઞાતિના સામાજિક કુરિવાજો દૂર કરવા તથા તેને યોગ્ય કેળવણી પ્રતિ વાળવા પોતે જાતે પ્રચારકામ હાથ ધરી સુરત નવસારીના તેમનાં દોઢસો ગામમાં ત્રણ વર્ષ લગી ફરી જ્ઞાતિની પણ યથાશક્તિ સેવા બજાવી છે. તેઓ અનાવિલ વિદ્યાર્થી આશ્રમ વગેરે સંસ્થાઓના અગ્રગણ્ય કારભારી છે. નવસારીમાં ત્રીજી અનાવિલ જ્ઞાતિ પરિષદ્ ભરવામાં આવી હતી તે પરિષદના પ્રમુખ તરીકે ડૉ. નાયકને ચૂંટવામાં આવ્યા હતા, જેમાં અનાવિલ પ્રતિનિધિ સભા સ્થાપી તેને કરવાના કામની રૂપરેખા તેમણે ઘડી આપી છે.

કેળવણી સંબંધમાં હાલની શિક્ષણપદ્ધતિ પરત્વે ડૉ. નાયકના વિચાર ઘણા જ ઉદ્દામ છે. જ્યાંજ્યાં પ્રસંગ મળે છે ત્યાંત્યાં તેની રસિક છણાવટ કરી સામાને દલીલથી મ્હાત કરે છે. ૧૯૨૮ના માર્ચમાં પેટલાદમાં ભરાએલી વડોદરા રાજ્ય ત્રીજી પુસ્તકાલય પરિષદના તેઓ પ્રમુખ હતા. ૧૯૨૬ના એપ્રિલમાં મુંબાઇમાં ભરાએલી આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં 'રસાયનશાસ્ત્રની સેવા' પર એમણે એક સુંદર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં જર્મન પ્રજાએ કરેલી રસાયનશાસ્ત્રની સેવાનાં કેટલાંક ઝાંખા ચિત્રો ને તેનાં થોડાં ફળનું દિગ્દર્શન કરાવ્યું હતું. નડિયાદમાં ૧૯૨૮ના ઑકટોબરમાં ભરાએલી નવમી ગુજરાતી સાહિત્ય પરિષદના વિજ્ઞાન વિભાગનું પ્રમુખપદ ડૉ. નાયકને આપવામાં આવ્યું તે વેળા તેમણે જે વ્યાખ્યાન આપેલું તેમાં જગતની અન્ય પ્રજાઓએ વિજ્ઞાનમાં કેવો રસ લઇ કેટલી હદ સુધી તે જીવનમાં ઉતાર્યું છે તેના સુંદર દાખલા આપેલા.

૧૯૨૬ની ૮મી સાહિત્ય પરિષદ વખતે એમણે દેશદાઝથી બળતા અંતઃકરણના ઉદ્દગાર કાઢેલા કે 'મારા યુરોપના પ્રવાસ પછી, જર્મન તથા ઇંગ્લંડના હુન્નરઉદ્યોગ નજરે જોયા પછી તથા ત્યાંની રાસાયનિક પ્રયોગશાળાઓનું બારીક નિરીક્ષણ કર્યા પછી મારી એક માન્યતા દૃઢ થઇ છે કે હિંદુસ્તાને પહેલું સ્વતંત્ર થવું જોઇએ. ત્યાર પછી જ આપણા જ્ઞાનનો ઉપયોગ કરવાનું સૂઝે. પરતંત્રતાની બેડીમાં તો રાજ્ય કરતી પ્રજાના સ્વાર્થ નીચે કચડાવાનું જ હાલ તો આપણા નસીબમાં છે. હું જે બનાવું તે જ હું વાપરૂં એવું વ્રત હિંદુસ્તાને લેવું, મોજશોખ છોડવો, નાહકના પૈસા વેરવા નહિ, સાદું જીવન ગાળવું, નિયમિત થવાનો સંકલ્પ કરવો તો જ આપણો ઉદય છે. દરેક પ્રાંતે ને ન્યાતે પોતાનું હુંપદ મૂકી ભાઇઓ થવું; તો જ આપણે ઠેકાણે પડીશું. નહિતો ભવિષ્યમાં વિલાયતના મૂડીવાળાઓની ગુલામગીરી જ કપાળે ચોંટેલી સમજજો. ખેતીવાડી પણ જતી રહેશે ને છેવટે મજૂર-ગુલામ થવું પડશે. પ્રભુ સૌને ચેતવે તો સારૂં.'

રેવાશંકર ઓ. સોમપુરા

સ્મરણયાત્રા

૨૩][શરાબી વાંચન

અરેબીઅન નાઇટ્સ અથવા અરબી ભાષામાંની સુરસ કથાઓ એ દુનિયાના સાહિત્યમાં મશહૂર ચીજ છે. એક હજાર ને એક રાત્રિની આ વાર્તાઓ જેણે નથી વાંચી એવો ભણેલો માણસ ભાગ્યે જ મળે. દરેક જીવનમાં એવી એક ઉમર હોય છે કે જ્યારે આવી કાલ્પનિક વાતો વાંચવાનો ને તેમનું ચિંતન કરવાનો રસ વધારેમાં વધારે હોય. આ ગ્રંથ જોડે મારો પરિચય કેવી રીતે થયો એનું સ્મરણ આપવા જેવું છે.

મોટાભાઇ પૂને ભણવા ગયા હતા. એ જ વખતે પ્રખ્યાત વિષ્ણુશાસ્ત્રી ચીપળુનકરના પિતા કૃષ્ણ-શાસ્ત્રીનું અરેબીઅન નાઈટ્સનું મરાઠી ભાષાંતર કર્યું હશે. (અથવા મોટાભાઈના જાણમાં એ પહેલવહેલું આવ્યું હશે.) એ ભાષાંતર અનુવાદની કળાનો અપ્રતિમ નમૂનો ગણાય છે. ભાષાંતર જેવું જરા યે લાગતું નથી અને ભાષા એવી તો સરસ વાપરી છે કે આખું પુસ્તક મરાઠી ભાષાનું સુંદર ઘરેણું થઈ પડ્યું છે.

આ પુસ્તક પોતાની પાસે હોય તો ઠીક એવી અભિલાષા મોટાભાઇને થઇ આવી. પણ આવડી મોટી ચોપડી ખરીદવા જેટલા પૈસા ક્યાંથી લાવે? પિતાની પાસેથી પૈસા આવતા એનો પૈ યે પૈ હિસાબ આપવો પડતો. [એ પણ એક આશ્ચર્યની વાત છે. હું જ્યારે ભણવા પૂને જઇ રહ્યો ત્યારે પિતાશ્રીએ મારી પાસેથી કોઇ કાળે હિસાબ માગ્યો જ નહોતો. મારી મેળે હિસાબ મોકલું તો યે પિતાશ્રી જોતા નહોતા. એક જમાનો વીતી ગયો એની એ અસર હશે. અથવા નાનપણથી પિતાશ્રી સાથે રહી એમની દેખરેખ તળે ઘરની વ્યવસ્થા હું જોતો હતો તેથી ક્યાં ખર્ચ કરવો અને ક્યાં ન કરવો એ વિષેની મારી વિવેકબુદ્ધિ ઉપર એમનો વિશ્વાસ બેઠો હશે. મારી પાસેથી એમણે હિસાબ માગ્યો હોત તો મને હિસાબ લખવાની ટેવ પડત. હિસાબ લખવાની ટેવને અભાવે મેં મારી જિંદગીનો વ્યવહાર બહુ જ સંકુચિત રાખ્યો. ગમે તે થાઓ; અગવડ વેઠવી પણ ઉછીના પૈસા લેવા જ નહિ, કરજનું તો નામ સરખું લેવું નહિ. કોઇને પૈસા આપવા કે ધીરવા નહિ; અને જ્યારે આપવા ત્યારે ગયા સમજીને જ આપવા એવું ધોરણ જિંદગીને માટે મેં ઘડી રાખ્યું. તેથી મને હમેશાં સંતોષ રહ્યો છે. જાહેર કામમાં પડ્યા પછી પણ મેં કોઇ કાળે પૈસાની જવાબદારી મારે માથે રાખી જ નથી. આ રીતે સમાધાન તો રહ્યું, પણ જીવનના એક મહત્ત્વના અંગની મારી ખીલવણી થઇ નથી.]

કોણ જાણે કઈ રીતે, પણ મોટાભાઇએ ગમેતેમ કરી ચોપડીઓ ને ખોરાકીના બજેટમાં કાપકૂપ કરી એ ચોપડી ખરીદી. જે વસ્તુ મહા મહેનતે મળે છે તેની કિંમત ને રસ અસાધારણ હોય છે. અમારા ઘરમાં ને મોટાભાઇના મિત્રમંડળમાં આ અરેબીઅન નાઇટ્સ-ની વાતો ખૂબ થતી. હું તે વખતે બહુ જ નાનો. સમુદ્રમંથન કરી દેવોએ અમૃત મેળવ્યું તેવું જ કંઇક મોટાભાઇએ મેળવ્યું છે એવું તે વખતે મને થયું.

પછી હું મોટો થયો. મોટાભાઇ પીઢ ગણાવા લાગ્યા. તેમને હવે જણાયું કે અરેબીઅન નાઇટ્સ એ અમૃત નથી પણ મદિરા છે. એટલે એમણે એ ચોપડી પોતાના કબાટમાં તાળાકૂંચીમાં રાખી. અમારો હાથ એના પર ન પડે એ વિષે એ બહુ જ સાવચેતી રાખતા.

પણ ગોંદુએ એક દિવસ લાગ જોઇ એ હાથ કરી એમાંથી એકબે વાર્તાઓ વાંચી ને પોતાના પરાક્રમની પ્રસાદી તરીકે એ જ રાત્રે મને એ વાર્તાઓ સંભળાવી. પછી તો મારું કુતૂહલ પણ જાગ્યું. મેં બાબાનો (મોટાભાઇનો) આખા દિવસનો કાર્યક્રમ તપાસ્યો, ક્યાક્યા કલાકો સુરક્ષિત છે એ નક્કી કર્યું અને નક્કી વખતે અચૂક એની ઓરડીમાં ઘૂસી જઈ એ ચોપડી વાંચવા લાગ્યો. જનક રાજાના દરબારમાં શુક મુનિ દૂધથી ભરેલું પવાલું જેમ યોગયુક્ત થઇ હાથમાં લઇ ફરેલા તેમ મારે આ ચોપડીનું વાંચન કરવું પડતું. વાર્તાનો રસ એવો તો જામતો કે જાણે જાદુઇ દુનિયામાં જ વિહાર કરીએ છીએ. ઘડીકમાં ચીન દેશમાં તો ઘડીકમાં ખલીફ હારૂન અલ રશીદના દરબારમાં, ઘડીકમાં સિંદબાદ સાથે તો ઘડીકમાં પેલા હાતમ સાથે. એમ રાક્ષસો, પરીઓ, જાદુઇ ફાનસો અને ઘોડાઓની દુનિયામાં કલ્પનાના ઘોડા દોડતા. પણ બાબાનો પાછા આવવાનો વખત બરાબર ધ્યાનમાં

રાખવો પડતો. જરાક ગાફેલ રહ્યા તો સપડાઈ જવાય.

ઘણા દિવસ સુધી આવું વાચન ચાલ્યું. પણ આખરે એક દિવસ સપડાયો. બાબા ક્રોધે ભરાશે અને મારશે નહિ તો વઢશે તો ખરા જ, એમ ધાર્યું હતું. મોઢું તો ઊતરી ગયું હતું. અદ્ભુત વાર્તાના બાહોશ રાજપુત્રને બદલે બાબાનો કાવ્યહીન ચોર થઇને હું તો ઊભો હતો. પણ બાબા તો ચીડાયા નહિ. એમને કદાચ પોતાનું નાનપણ યાદ આવ્યું હશે. દુખિહૃદયે અને ગંભીર અવાજે એમણે એટલું જ કહ્યું કે 'તું પોતાનું નુકસાન કરે છે. આ તો ઝેર છે. ઝેર કરતાં યે ખરાબ શરાબ છે. એને અડીશ મા.' બાબાની આ દર્દભરી સલાહની મારા ઉપર અસર થવી જોઇતી હતી. પણ હું તો વાર્તાના કેફમાં હતો. હું તો એટલું જ જોઇ શક્યો કે બાબા ચીડાયા નથી એટલે વઢવાના નથી. વિષયનો માર્યો માણસ નફટ બને છે તે જ રીતે રસનો માર્યો હું નફટ બન્યો. હવે હું કાંઇ મુગ્ધ બાળક નથી એવે અવાજે મેં બાબાને કહ્યું, 'બાબા, તમે કહો છો એ વાત સાચી છે, પણ મેં લગભગ પોણી ચોપડી પૂરી કરી છે. હવે બાકીનો પા ભાગ મને પૂરો કરવા દો તો શું ઝાઝું નુકસાન થવાનું હતું?' બાબા પીગળ્યા કે નિરાશ થયા તે કોણ જાણે, પણ એમણે કહ્યું, 'ત્યારે હવે એ ચોપડી પૂરી કરી નાખ.' એ પ્રસંગે બાબાએ શું કરવું જોઇતું હતું એનો આજે પણ હું નિર્ણય નથી કરી શકતો. મેં ચોપડી પૂરી કરી. ઘણા દિવસ સુધી એ વાર્તાઓની અસર મગજ પર રહી.

પણ પ્રમાણમાં બહુ જ નાની ને નિર્દોષ ઉમરમાં મેં એ ચોપડી પૂરી કરી એથી હશે, અથવા ઝપાટાભેર જાણે એક જ બેઠકે આખી ચોપડી પૂરી કરી એથી હશે, પણ માણસને ચક્કર આવે અને પછી શું થયું એ બધું માણસ ભૂલી જાય, તેમ એ આખી ચોપડી લગભગ હું ભૂલી ગયો છું. વીજળીને વેગે મોટી મુસાફરી કરી દિવસના પાંચપાંચ દસદસ શહેરોમાં એથી યે બમણાં વ્યાખ્યાનો આપતાં ફરવું પડે અને પછી જેમ કયે ઠેકાણે શું જોયું, કેમ મળ્યા અને શું કહ્યું એ બધું જ ભૂલી જવાય છે તેવું જ કંઇક થયું હશે. અલીબાબાની વાર્તા અને સિંદબાદની મુસાફરીઓ ફરી એક વાર સંક્ષિપ્તરૂપમાં અંગ્રેજીમાં વાંચવી પડી હતી. એટલે એ વાર્તાઓ સહેજસાજ મગજમાં ચોંટી ગઇ છે. બાકીનું તો બધું શૂન્યવત્ છે.

અરેબીઅન નાઇટ્સની વાર્તાઓ તો હું ભૂલી ગયો, પણ એના વાચનથી કલ્પનામાં વિહાર અને વિલાસ કરવાની મેલી ટેવ તો ઘણા લાંબા વખત સુધી રહી ગઇ હતી. કલ્પનાને આટલી જબરદસ્ત વિકૃત કેળવણી મળી એની અસર આખા જીવન પર પડી. અને તે બહુ જ માઠી હતી. અરેબીઅન નાઇટ્સ વાંચવામાં ન આવી હોત તો મને લાગે છે કે કલ્પનાની કેટલી યે અશુદ્ધિમાંથી હું બચી જાત. દુઃખમાં સુખ એટલું જ છે કે એ ચોપડી બહુ જ નાની ઉમરે મેં વાંચી તેથી એનો ઘણોખરો શૃંગાર મગજમાં ઘૂસવાને બદલે—માથાને વીંધવાને બદલે માથા ઉપરથી પસાર થયો.

ઘણાખરા શિક્ષકો ને માબાપો માને છે કે અરેબીઅન નાઇટ્સનો શૃંગાર એ એનું ભારેમાં ભારે ઝેર છે. હું માનું છું કે એ શૃંગાર તો જીવનને બગાડે છે જ, પણ એથી યે વધારે આવી ચોપડીઓ વાંચવાથી સદ્ગુણ ને પુરુષાર્થ પરની શ્રદ્ધા મોળી પડી દૈવ, અકસ્માત, સંજોગો ને કશા નિયમ વગરની માણસની અભિરૂચી, એના ઉપર આધાર રાખવાની જે ટેવ પડી જાય છે, એ માણસને મારી નાખે છે. એથી માણસ નિર્વીર્ય દૈવવાદી બની જાય છે, લાયકાત વગર, મહેનત વગર દુનિયાના બધા ઉપભોગો પોતાને મળે એવી ઇચ્છા કરતો થાય છે. અને મેં જોયું છે કે કેટલાક તો આશા પણ બાંધતા થાય છે. મગજની નબળાઈ અને પ્રયત્નમાં થાક એ આનું પ્રથમ પરિણામ છે.

આવી ચોપડીઓ એ માણસજાતિ ઉપર ચડાઈ કરનાર પ્લેગ ને ઇન્ફ્લ્યુએન્ઝા જેવી છે. આજે ઘરની એ ચોપડી મારે હાથ આવે તો એને હું બાળી નાખું. પણ કોણ જાણે આજે એ કોના હાથમાં હશે. આવું સાહિત્ય ખેતરના ઘાસની પેઠે જીવવામાં પણ જબરૂં. સારી ચોપડીઓ કબાટમાં ને પુસ્તકાલયોમાં ધૂળ ખાતી પડે છે; આવી ચોપડીઓને એક દિવસની પણ નવરાશ કે રજા નહિ મળતી હોય. રોગનાં જંતુઓ જેમ ક્યાં-ત્યાં પહોંચી જાય છે તેમ આવું સાહિત્ય સમાજમાં બધે પ્રવેશ કરે છે. રસના ઘેલા લોકો એનો પ્રચાર કરે છે અને બેજવાબદાર ઉન્મત્ત સાક્ષરો આવી વસ્તુઓનો બચાવ પણ કરે છે. સાચે જ—

पीत्वा मोहमयीं प्रमाद मदिराम् उन्मत्त भूतं जगत्।

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

એક ગુલાબની આત્મકથા



સુવર્ણપુરના રાજાના બાગમાં મારો જન્મ થયો હતો. હું જ્યારે તદ્દન બાળક હતો ત્યારે મારો રંગ લીલો હતો. મારી બધી બહેનો લીલા રંગની હતી. ધીરેધીરે હું મોટો થતો ગયો તેમ મારૂં ગુલાબી મોઢું થોડુંથોડું સુંદર દેખાવા લાગ્યું. હું જેમજેમ ખીલતો ગયો તેમતેમ વધારે ને વધારે ગુલાબી બનતો ગયો. હજી મારી આંખો ઊઘડી ન હતી. અમારી જાતમાં આંખો સૌથી છેલ્લી ઊઘડે છે. મને સૌકોઈ ગુલાબ કહી બોલાવતું. મારી ગુલાબી બહેનો જે મારી પાસે જ રહેતી તેને સૌ પાંખડી કહેતાં અને લીલી બહેનોને પાંદડી કહી બોલાવતાં.

અમારૂં આખું ઘર લીલું હતું. સૌથી રૂપાળો હું અને મારી કેટલીક બહેનો. મને આટલો સુંદર કરતાં મારી માને બહુબહુ દુઃખો વેઠવાં પડ્યાં હતાં. તે દુઃખો પણ તમારે જોવાં હોય તો કાંટારૂપે મારી માના અંગ પર હજી ઘર કરી રહ્યાં છે.

હું મોટો થતો ગયો. સૂર્યના તાપને લીધે મારી કેટલીક સુકુમાર બહેનો કરમાઇને મરી ગઈ. મારી પડોશમાં એક બીજી સુંદર બાળા રહેતી હતી. તે બાળા તદ્દન સફેદ રંગની હતી, અને બહુ રૂપાળી લાગતી. એના ઘરને સૌકોઇ વેલી કહી બોલાવતું. મારા ઘરને બધાં છોડ કહેતાં. એ બાળાનું નામ ચમેલી હતું. પવનમાં ચમેલીનો નાચ જોવો મને ખૂબ ગમતો હતો.

ધીરેધીરે ચમેલી મારી પાસે છેક નમીને વાતો કરવા લાગી. આમ અમારો પરિચય વધતો ગયો. ચમેલી સિવાય જગતમાં મને કશું ન ગમે અને ચમેલીને મારા સિવાય કંઈ ચેન ન પડે.

ઘણા દિવસ આમ સ્વર્ગીય સુખોમાં ગાળ્યા પછી એક દિવસ સવારે એક સ્ત્રીની નજર મારા પર પડી. એ સ્ત્રીના હાથમાં પાંજરા જેવું કાંઇક હતું. એ દોડતી મારી પાસે આવી ને મને ચૂંટી લઈ પાંજરામાં મારા બીજા અનેક મિત્રો ભેગું મૂકયું. કોઇક મિત્ર પીળો, કોઇક લાલ તો કોઈ સફેદ. સફેદ છતાં ય મારી ચમેલી જેટલું રૂપાળું અને નાજુક તો નહિ જ. અમારી જાત એક જ ગણાતી, છતાં ય આટલા બધામાં સુંદર તો હું જ ગણાતો.

આ પાંજરામાં મને ઘણા ય વિચારો આવવા લાગ્યા. બીચારી ચમેલી હવે શું કરશે? મારા વગર એને કેમ ગમશે?

થોડીક વાર પછી એક સ્વરૂપવાન સુકુમાર શરીર-વેલવાળી બાળાએ મને પાંજરામાંથી કાઢી એક મંદિર-માં મૂકયો. હું દેવને ઓળખી શકયો. હું જાણતો હતો કે દેવ મારૂં કલ્યાણ કરશે. છતાં ય મને ચમેલીને મૂકીને દેવ પાસે પણ જવું ન ગમ્યું. મારા આ વિચારને લીધે મને બીક લાગતી કે ઇશ્વર હવે જરૂર ગુસ્સે થશે, કારણકે એના પગ પાસે પડેલો છતાં ય હું મારા આ-ત્માને ભાગ્યશાળી નગણતાંચમેલીનાવિચારોકરતો હતો.

આ પછી એક ચકચકતા સુવર્ણ તાટમાં મને મૂકી, એક સ્ત્રી ચોગાનમાં થઇ મારા મિત્રો સાથે મને લઇ ગઈ. અમને મૂકીને એ સ્ત્રી ચાલી ગઈ. બધા મિત્રોમાંથી રાજકુમારીએ મને જ ઊચકયો. મારા ભાગ્યનો તો પાર જ નહોતો, પણ હું બેકદર રહ્યો. મારે તો ચમેલી પાસે જ જવું હતું. છતાં ય ઘડીકભર તો આનંદ થયો.

મારી તીવ્ર ઇચ્છા પ્રભુએ પાર પાડી હોય તેમ હું ફરી મારા ઘર પાસે જ કરમાઇને પડયો. મૃત્યુ મારી પાસે ડોકિયાં કરી રહ્યું હતું. ચમેલી પણ ત્યાં જ કરમાઇને ખરી પડી હતી. ઊતરતી સંધ્યાના તેજમાં અમારા આત્માઓ વિલીન થયા.

ઊગતો ચંદ્ર સંદેશો લાવ્યો કે આવતે જન્મે અમે રાજા રાણી જન્મશું.

કુ. કપિલા માસ્તર



માધુકરી

પ્રકટ્યો દવ આ કોણ શમાવે ?
કોણ ઊઠીને આગે આવે ?

શૂરાઓનો સાદ પડે ને સૂતા બેઠા થાય,
દૂધગલ દીકરા દેખી માને કોઠે દીવા થાય.

હિમ ડુંગર ગાજે ગંભીર
મરવા થનગન થાય અધીર.

---કૃષ્ણલાલ શ્રીધરાણી

મૌલાના મહમદઅલી

હિંદના મુસલમાનોમાં ધર્મ અને રાષ્ટ્રની ચેતનાના પ્રાણ પ્રેરાવનાર મૌલાના મહમદઅલી ધર્મ અને કોમીવાદના રંગે રંગાએલા હોવા છતાં હિંદના સાચા હિતૈષી, સ્વતંત્ર ભારતના પરમ પૂજારી ને ચુસ્ત રાષ્ટ્રવાદી હતા. 'સ્વતંત્ર ભારત' એ તેમનો જીવનમંત્ર હતો.

બી અમ્માના એ લાડકવાયા પુત્રનો જન્મ ૧૮૭૮માં રામપુર સ્ટેટમાં થયો હતો. બાલ્ય વયથી (જ્યારે શૌકતઅલીની ઉમર ચાર વરસની અને મહમદઅલી માત્ર બે વરસના હતા) પિતાનું છત્ર ગુમાવી બેઠેલા એ અલી ભાઇઓ માતાની મીઠી ગોદમાં રહીને ધર્મ અને કેળવણીનું ઉચ્ચ શિક્ષણ પામ્યા. મોગલ રાજ્યની પડતીનાં કારણો, ઇસ્ટ ઈન્ડિયા કંપનીએ તેમાં ભજવેલો ભાગ ને ૧૮૫૭ના બળવાનો રોમાંચકારી ઇતિહાસ અશ્રુભીની આંખે બી અમ્મા પુત્રોને સંભળાવી તેમનામાં સ્વદેશાભિમાનની લાગણી જાગૃત કરતાં. પાછળથી પણ અલી ભાઇઓનાં જાહેર જીવનમાં હરેક પળે માર્ગદર્શક બની તે ચેતન પૂરતાં.

સગાંસંબંધીઓના વિરોધને ન ગણકારતાં બી અમ્માએ પુત્રોને ઉચ્ચ કેળવણી માટે અલીગઢ કૉલેજમાં મોકલ્યા. ત્યાં તેજસ્વી બુદ્ધિના અલી ભાઈઓએ વિચક્ષણ વિદ્યાર્થી તરીકે નામના મેળવી. ત્યાંનો અભ્યાસક્રમ પૂરો કરી મૌલાના મહમદઅલી ઇંગ્લંડ ગયા. ઑકસફર્ડ યૂનિવર્સિટીની લિંકન કૉલેજમાંથી એમ.એ. થયા; પણ કૉલેજજીવન દરમ્યાન તેમને લાગેલો સાહિત્યશૉખ અભ્યાસમાં આડો આવતો અને પરિણામે આઇ.સી.એસ ની પરીક્ષામાં તે નિષ્ફળ નિવડયા.

૧૯૦૨માં તે હિંદ પાછા આવ્યા અને પોતાના વતન રામપુરમાં કેળવણી ખાતાના વડા તરીકે કેટલોક સમય કામ કર્યા બાદ વડોદરામાં શ્રી સયાજીરાવના રાજ્યમાં આબકારી ખાતાના અધિકારી, નાયબ સૂબા, સૂબા, શ્રીમંતના પ્રાઇવેટ સેક્રેટરી અને સદ્ગત યુવરાજ ફતેહસિંહરાવના સાથીદાર (કમ્પૅનિયન) તરીકે ઘણી સેવાઓ બજાવી. એ દરમ્યાન નવસારીની રાનીપરજનાં દુઃખોનો તેમણે જાહેર કરેલો પોકાર એ તેમનું મહા યશસ્વી કાર્ય છે.

પણ તેમના સ્વાતંત્ર્યપ્રિય આત્માને નોકરીની ગુલામી સાલવા લાગી. તરત જ શાહી નોકરીને તિલાંજલિ આપી તેઓ કલકત્તે ઉપડયા અને જનતાને પોતાનો સેવાસંદેશ પહોંચાડવા 'કૉમરેડ' નામનું અંગ્રેજી અઠવાડિક પત્ર શરૂ કર્યું તથા મુસ્લીમ લીગની સ્થાપના કરી. પ્રથમ તો આ લીગનું ધ્યેય બહુ જ મર્યાદિત હતું, પણ ૧૯૧૩માં તેની લખનૌની બેઠકમાં બીજી કોમો સાથે મળીને 'હિંદ માટે સ્વાતંત્ર્ય'નું ધ્યેય નક્કી કરવામાં આવ્યું. 'કૉમરેડ'ની સાથોસાથ મુસ્લીમ આલમને જાગૃત કરવા તેમણે 'હમદર્દ' નામનું ઉર્દૂ પત્ર પણ ચલાવવા માંડયું. આ બંને પત્ર દ્વારા તેમની સચોટ ને અંગારા વરસાવતી કડક લેખિનીએ સમસ્ત પત્રકાર જગતનું ધ્યાન ખેંચેલું. લેખક, વ્યાખ્યાતા અને પત્રકાર તરીકે મૌ. મહમદઅલીએ હિંદનાં એ ક્ષેત્રોમાં સારો આંક મૂકયો છે.

જાહેર જીવનમાં ઝંપલાવ્યા પછી ૧૯૧૨માં અલી ભાઇઓએ તુર્કી–બાલ્કન લડાઇ વેળાએ ડૉ. અનસારી સાથે મળીને 'રેડ ક્રેસન્ટ મિશન' સ્થાપી યુદ્ધને પરિણામે વિપત્તિમાં આવી પડેલાં તુર્કી કુટુંબોને પ્રશંસનીય સહાય કરેલી. આ રીતે તુર્કો તરફ સહાનુભૂતિ દાખવવા બદલ બંને ભાઇઓને ૧૯૧૫માં છીંદવાડામાં ગિરફતાર કરી જેલ મોકલવામાં આવ્યા. જેમાંથી ૪ વરસ પછી ૧૯૧૯ના શાહી ઢંઢેરા અનુસાર તેમને મુક્તિ મળી. બંધનમુક્ત થતાં જ અમૃતસરમાં ભરાએલી કૉંગ્રેસની બેઠકમાં તેમણે હાજરી આપી તેમના કૉંગ્રેસમાં જોડાવાથી રાષ્ટ્રવાદી પક્ષને નવું બળ મળ્યું.



મૌલાના મહમદઅલી સ્કેચ : રવિશંકર રાવળ

૧૯૧૩માં ઑગસ્ટની ૩જી તારીખે કાનપુર મસ્જિદ સંબંધે બનેલા બનાવને અંગે મૌલાના મહમદઅલીની આગેવાની હેઠળ એક પ્રતિનિધિ-મંડળ ઇંગ્લંડ ગએલું અને એ પ્રશ્નનો સંતોષકારક નિકાલ થએલો. તે પછી જેની સાથે અલી ભાઇઓનાં નામ સુવર્ણાક્ષરે લખાએલાં છે અને રહેશે એ ખિલાફતની મહાન ચળવળ અલી બિરાદરોએ મહાયુદ્ધ પછી ઉપાડેલી અને તેને અંગે ૧૯૨૦ના માર્ચમાં મહમદઅલીની સરદારી નીચે ખિલાફત ડેલિગેશન ઇંગ્લંડ ગયું. યુરોપમાં ફ્રાન્સ, ઇટાલી વગેરે દેશોમાં તેમણે એ ચળવળ ખૂબ જોરમાં ચલાવી પણ તેનું કાંઇ ખાસ પરિણામ આવ્યું નહિ.

ત્યાર પછી અલી ભાઇઓ અસહકારની લડતને સંપૂર્ણ સહાનુભૂતિ બતાવી મહાત્માજીને પડખે ઊભા રહ્યા. લડતને નવું બળ મળ્યું. અત્યાર સુધી અસહકારની લડતથી અલગ રહેતા મુસલમાનો દેશની લડતમાં મોટા પ્રમાણમાં જોડાવા લાગ્યા અને હિંદુ મુસલમાન એકબીજાને ભાઇ ગણવા લાગ્યા. બે કોમનું સંગઠન થતાં સરકાર ચમકી. એ બળ તોડવા તેણે અલી ભાઇઓને બે વરસની સખત જેલ આપી. ૧૯૨૩માં મુદ્દત પૂરી થયે અલી ભાઈઓ બંધનમુક્ત થતાં જ પ્રજાએ કોકોનાડાની મહાસભાના પ્રમુખ તરીકે મૌલાના મહમદ અલીને ચૂંટી કાઢી તેમની સેવાઓ માટે પોતાનું મોટામાં મોટું માન તેમને આપી તેમનું ગૌરવ કર્યું.

પણ હવે દેશની સ્થિતિ પલટાઇ ગઇ હતી. મહાત્માજી કારાવાસમાં હતા. દેશમાં નાફેરવાદી અને સ્વરાજવાદી એમ બે પક્ષ પડી ગયા હતા અને હિંદુ-મુસલમાનોમાં આંતર–કલહ ચાલતો હતો.

૧૯૨૪માં દિલ્હી ખાતે મૌલાના મહમદઅલીના પ્રમુખપણા નીચે મળેલી સર્વપક્ષ પરિષદમાં ગાંધીજી સાથે અલી ભાઇઓને મોટો મતભેદ ઉપસ્થિત થયો. ધીમેધીમે તેઓ કૉંગ્રેસથી જુદા પડતા ગયા અને કોમીવાદ તરફ ઢળતા ગયા. મહાત્માજીના મતથી તેમનો આ વિરોધ અંત સુધી રહ્યો.

પણ કોમીવાદી છતાં મૌલાના મહમદઅલી છેવટ સુધી રાષ્ટ્રવાદી જ હતા. નાદુરસ્ત તબિયત છતાં લંડન ખાતે મળેલી ગોળમેજી પરિષદમાં સહૃદયપણે હિંદના હિત માટે તેમણે ભાગ લીધો. અને પરિષદની ઊઘડતી બેઠકમાં તેમણે સ્પષ્ટ અને બુલંદ વાણીમાં પોતાની મનોવાંછના જગત સમક્ષ જાહેર કરતાં કહ્યું કે 'હિંદની આઝાદી––સંસ્થાનિક સ્વરાજ–લીધા સિવાય હું સ્વદેશ પાછો જનાર નથી. જો એ નહિ મળે તો ગુલામ દેશમાં પાછા ફરવા કરતાં તમારા સ્વતંત્ર દેશને આંગણે મરવું હું વધારે પસંદ કરીશ.' અને ખરેખર ! ગઈ ૪થી જાન્યુઆરીના દિવસે હિંદની આઝાદીની ઝંખના કરતો કરતો એમનો પવિત્ર આત્મા ત્યાં ઇંગ્લંડમાં જ પરમ ધામમાં ચાલ્યો ગયો.

મૌલાના મહમદઅલી જતાં હિંદે એક મહા વિદ્વાન લોકનાયક, તેજસ્વી સ્પષ્ટવક્તા અને આઝાદી જંગનો મહાન લડવૈયો ગુમાવ્યો છે.

પૃથ્વી પરિક્રમણનો એક વધુ હિંદી પ્રયોગ

સાઇકલનાં સાધનો વડે જગતનો પ્રવાસ કરતાંકરતાં સાહસ, ધૈર્ય, ચપળતા અને તિતિક્ષા કેળવનાર તથા સાથેસાથે પ્રાકૃતિક સૌંદર્ય, ભૌગોલિક જ્ઞાન અને સભ્યતાનો અનુભવ કરનાર યુવાનો અર્વાચીન સમયનાં દેશેદેશથી નીકળે છે. હિંદુસ્તાન પણ નિર્વીર્ય તો નથી જ નીકળ્યું. હમણાં જ અમદાવાદમાં આવી પ્રદક્ષિણા અર્થે નીકળેલા બે હિંદી ભાઇઓનું આગમન થયું હતું. કાનપુરના રહેવાસી બ્રાહ્મણ કુળદીપક ભાઇ પ્યારેલાલ અવસ્થી અને રાજપૂત ભાઇ શ્રીકૃષ્ણ બર્ક દોઢેક વર્ષથી આ રીતે સાઈકલ પર ભારતવર્ષનો પ્રવાસ કરી રહ્યા છે. ઉત્તર, પૂર્વ અને દક્ષિણના દેશોનું અવલોકન કરતા, સીલોનના સૌંદર્યને નીરખવામાં એકાદ માસ ગાળી, ગુજરાત સોંસરા થઇ એ હમણાં જ કાઠિયાવાડના આતિથ્યને સ્વીકારવા ગયા છે. ત્યાંથી કરાંચી મહાસભાની યાત્રા કરી બલોચિસ્તાન, કાશ્મીર અને ઇરાનના રસ્તે આગળ વધવા ઇચ્છે છે. સામાન્ય રીતે જગત્‌પ્રવાસીઓ ત્રણથી પાંચ વર્ષમાં ઘર ભણી વળે છે. જ્યારે અવસ્થી બર્કનું આ યુગ્મ તો સોળ વર્ષમાં દેશેદેશનો અભ્યાસ કરી સ્વદેશ આવશે. ભારે કાળક્ષેપ ! અને તે વખતે કોણ જાણે એમનું માનસ કેવું યે હશે ! અત્યારે તો બંને પ્રસન્નમુખ અને નિર્દોષ આનંદ મેળવતા પંથ કાપે છે. એમના કહેવા પ્રમાણે કુલ ૧૦૨૯૪ માઇલ



પૃથ્વી-પર્યટને નીકળેલા શ્રી બર્ક અને શ્રી અવસથી



આજ (તા. ૨૪-૨-૩૧) સુધીમાં કાપ્યા છે. પ્રવાસ અર્થે એમનાં સાહિત્ય નજીવાં છે: એક જોડ ફાલતુ કપડાં, પુસ્તકો, કૅમેરા, સાઈકલનાં હથિયારો, પાણીનું સાધન વગેરે. ઉદર-નિર્વાહ લોક-આતિથ્ય પર રાખે છે. પ્રસંગ મળતાં વ્યાખ્યાન દ્વારા પણ અર્થલાભ મેળવે છે. પોતે સફર દરમ્યાન ફોટો વેચવાનું પણ રાખ્યું છે. પોતાના પ્રવાસની એક સ્થળે ફિલ્મ લેવડાવી છે એ પણ સાથે લીધી છે, અને જ્યાં સગવડ મળે છે ત્યાં સ્થાનિક સીનેમા થીએટરમાં દેખાડી આર્થિક અને યશનો લાભ પામે છે. રસ્તામાં સાથે નીકળનારા મળે છે, છતાં એની જોડીમાં ત્રીજો હજુ ભેળવ્યો નથી. ગુજરાત માટે એમને બહુ માન નથી—સ્વાસ્થ્યની દૃષ્ટિએ. અહીંના લોકો આવાં સાહસ ખેડવા પૂરતા શરીરસંપત્તિવાળા નથી એવો એમનો દૃઢ અભિપ્રાય છે. ગુજરાતની મર્દાનગીને આ પડકાર છે. કોઇ ગુજરાતી એ ઝીલી લેશે ? હરિનારાયણ આચાર્ય

સ્કી

(Ski—નૉર્વેનો શબ્દ Skich [અંગ્રેજી Skid=ખસી જવું, લપસી પડવું] સ્કી=બરફમાં પહેરવાનાં છાબડાં જેવાં પગ-રખાં); બરફ ઉપર લપસતાં લપસતાં લાંબા અંતર સુધી જવાની રમત. જે દેશોમાં ટાઢથી નદીનાળાંનાં પાણી જામી જાય છે ત્યાંના લોકો આનંદ ખાતર એ જામેલા બરફ પર લપસવાની રમત રમે છે. આ રમત બે રીતે રમાય છે:

(૧) પગને તળિયે લાંબી સપાટ લીસી લાકડાની ચીપ, ૮ ફૂટ લાંબી ને ૪ ઇંચ પહોળી, આગલે છેડે દક્ષિણી જોડાની માફક વાળેલી, બાંધવામાં આવે છે. એ પહેરીને પછી અણી-દાર ખીલા વાળી અને નીચેના છેડેથી આઠદસ ઇંચ ઉપર એક ચકરડી નાખેલી એવી એકેક લાકડી દરેક હાથમાં રાખી બરફમાં ટેકવતાં ટેકવતાં લપસી શકાય છે. આ રીતે લપસતાં લપસતાં સપાટ મેદાન ઉપર માઇલો સુધી જઇ શકાય છે, એટલું જ નહિ પરંતુ એકાદ ઊંચા ટેકરા પરથી નીચે ધસી આવી, વચ્ચે આવેલો ત્રીસ ચાલીસ ફૂટનો ખાડો કે કોતર પણ રમતમાં કૂદી જવાય છે. અત્યંત સાવધાની, ચપળતા તથા સમતોલપણું કેળવ્યા સિવાય આ રમત રમી શકાય નહિ. સખત તેમજ રૂ જેવા બરફના ઢગ વચ્ચે પણ આ રમાય છે. આનો વધારે પ્રચાર સ્કૅન્ડીનેવીઆ—સ્વીડન અને નૉર્વેમાં છે. એ આ રમતની જન્મભૂમિ ગણાય.

(૨) સ્કેટિંગ (Skate ઉપરથી). ઉપરના જેવી જ, પણ જુદાં સાધન વાળી બરફ પર સરકવાની રમત. પગ નીચે લાકડાની લાંબી ચીપો ન બાંધતાં, બુટને તળિયે લોઢાની બે ત્રણ ઇંચ પહોળી ચીપ ઊભી જડવામાં આવે છે. તેનો આગળનો છેડો સહેજ અણીદાર હોય છે. હાથમાં લાકડી રાખવાની હોતી નથી. રમનાર વ્યક્તિ બરફના કઠણ પડ ઉપર પેંતરો જમાવી સહેજ ઝોક આપે કે તરત જ પોતે સરકવા માંડે છે. પેલી અણીદાર ચીપથી બરફનું પડ સહેજ કપાઈ પગ ઠરવા જેટલી જગ્યા કરે છે; પછી લપસનાર ઝપાટાબંધ આગળ વધે છે. આમાં ગતિ એટલી વધી જાય છે કે કલાકના લગભગ ત્રીસથી ચાળીસ માઈલ કાપવા એ તો રમત વાત ગણાય છે.

આવી લોખંડની ચીપને બદલે પગતળિયે, નાનીનાની

ગરગડીવાળી લોખંડ કે લાકડાની પાવડીઓ પહેરી બરફના મેદાન પર સરકવામાં આવે છે. એને રોલર સ્કેટિંગ (Roller Skates) કહે છે. આ રીતથી બરફ ઉપર તેમજ લાકડાને પૉલિશ કરી બનાવટી તૈયાર કરેલી ખસવાની જગ્યા (Rink) ઉપર પણ સરકી શકાય છે. જ્યાં ડામર કે ઍસ્ફાલ્ટના લીસા રસ્તા હોય ત્યાં પણ રોલર સ્કેટથી સરકવામાં આનંદ આવે છે.

આ રીતે રમત કરતાં યુરોપ અમેરિકાની પ્રજા બરફમાં સ્વર્ગીય મજા ભોગવે છે. દરેક શિયાળે સ્ત્રીપુરુષો આબાલવૃદ્ધ આવી રીતે સરકવામાં બરફ ઉપર કલાકોના કલાક વ્યતીત કરે છે અને શિયાળામાં પ્રાકૃતિક સૌંદર્યના અભાવથી દીન ન બની જતાં અપૂર્વ આનંદ લૂટે છે. વળી આવી સરકવાની રમતથી શરીરને પુષ્કળ વ્યાયામ મળે છે તેમજ અંગોની સ્થિરતા તથા ચપળતા સહજ કેળવાય છે.

માત્ર નિરુદ્દેશ સ્કેટિંગથી આનંદ ન પામતાં એમાં વિવિધતા ઉમેરવામાં આવે છે. વૈયક્તિક તેમજ સામુદાયિક નૃત્ય, ગુલાંટ, ફેરફૂદડી વગેરે અનેક આનંદપ્રમોદના પ્રકાર તેમાં હોય છે. બરફ પર રમાતી આઇસ હૉકી એ તો અત્યારે સૌથી મહત્ત્વની રમત ગણાય છે. એમાં સ્કેટિંગ કરતા જાય અને હૉકી રમતા જાય. માત્ર હૉકીના દડાની જગ્યાએ આમાં ચપટી ઠીકરી હોય છે.

આપણા દેશમાં જ્યાં કુદરતી બરફ થવા જેટલી ટાઢ નથી પડતી ત્યાં કૃત્રિમ બરફ કે લાકડાની સ્કેટિંગ રિન્ક બનાવી યુરોપીયનો સ્કેટિંગનો આનંદ ભોગવે છે. આપણા અમદાવાદ, મુંબાઇ જેવાં શહેરોમાં જ્યાં ઍસ્ફાલ્ટની સડકો છે ત્યાં રાત્રે વ્હવહાર ઓછો થાય ત્યારે, રોલર સ્કેટ્સ બાંધી રમનારા કે સરકનારા સાહસિક યુવાનો નીકળે તો કેટલો નવીન રસ જીવનમાં જામે! અને આ કંઇ ભારે બુદ્ધિ કે ચાલાકીની રમત નથી. ગમે તે રમી શકે તેમ છે.

કિલોમીટર

અંગ્રેજી રીત પ્રમાણે આપણે ઇંચ, ફૂટ, વાર, ફર્લાંગ કે માઇલથી વસ્તુનું માપ કે જમીનનું અંતર કાઢીએ છીએ. જ્યારે યુરોપ આખામાં ફ્રેંચ પદ્ધતિ પ્રમાણે (મેટ્રીક સીસ્ટમથી) માપ કે અંતર કઢાય છે. વૈજ્ઞાનિકો (ખુદ ઇંગ્લંડમાં પણ) આ રીત સપ્રમાણ ને અત્યંત સફળ હોવાથી વાપરે છે. કેમકે આનું મૂળ નૈસર્ગિક સાધનોમાં છે; જ્યારે ફૂટ, વગેરે કેવળ કૃત્રિમ છે.

ફ્રેંચ પદ્ધતિનું મુખ્ય અંગ 'મીટર' છે. તેનું મૂળ આ રીતે શોધ્યું છે: ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવને સાંધતી પૃથ્વીની સપાટી ઉપરની જે કાલ્પનિક રેખા પારીસમાંથી પસાર થાય છે, તેના અરધા ભાગનો ૧/૧૦,૦૦૦,૦૦૦ એક કરોડાંશ ભાગ તે મીટર. બાર્સીલોના અને ડંકર્ક વચ્ચેના આવા અંતરનું ગણિતપુરઃસર માપ કાઢનાર વિદ્વાનો દેલામ્બ ને મેશેઇનની ગણતરી પરથી મીટરનું ચોકસ અંતર બોરડૅાએ નક્કી કર્યું છે.

વિજ્ઞાનમાં આ પદ્ધતિથી અંતર લેવાનું કારણ એના ઉપયોગની સરળતા છે. ઇંચ વગેરેના અનિયમિત ગણતરીના પ્રમાણની જગ્યાએ આમાં દશાંશ પદ્ધતિથી તારતમ્ય થતું હોઇ આ રીત સહજ સરળ થઇ છે. અંશ દેખાડવા માટે વપરાતા શબ્દો લૅટીન પરથી ને ઉત્તરોત્તર અધિકપણું દેખાડનાર શબ્દો ગ્રીક ભાષાના ધાતુ પરથી બનાવ્યા છે. જેમકે:

મીટરનો દશમો ભાગ તે ડેસીમીટર
„ સોમો „ ને „ નો દસમો ભાગ સેન્ટીમીટર
„ હજારમો „ એટલે કે „ નો સોમો ભાગ અને સેન્ટીમીટરનો દસમો ભાગ તે મીલીમીટર.

તે જ પ્રમાણે ડેકામીટર=દસ મીટર; હેક્ટોમીટર=સો મીટર; કિલોમીટર=હજાર મીટર ને મીરીઆમીટર=દસ હજાર મીટર.

કાલક્રમે ગણતરીનાં વધારે ચોકસ સાધનોથી પૃથ્વીના ધ્રુવાન્તરનું માપ ફરે, એ હેતુથી મીટરની એકરૂપતા સાચવવા હવે એમાં ફેર કરાતો નથી.

મીટરને અંગ્રેજી માપમાં ફેરવવો હોય તો

૧ મીટર=૩૯·૩૭૦૧૧ ઇંચ=૩·૨૮૦૨૮ ફૂટ=૧·૦૯૩૬૧૪ વાર.
૧ વાર=૦·૯૧૪૩૯૯ મીટર.
૧ ફૂટ=૩૦·૪૮૦૦ સેન્ટીમીટર ૧ ઇંચ=૨·૫૪૦૦ સેન્ટીમીટર.

મીટરગેઇજ રેલ્વે પણ આ મીટરથી કહેવાય છે. એના બે પાટા વચ્ચેનું અંતર એક મીટર હોય છે. હ. આ.

વગડાનો વૈદ્ય

આ લેખ મુસાફરોને તેમના પ્રવાસમાં માર્ગદર્શક થાય એ હેતુથી લખાયેલો છે છતાં સર્વસામાન્ય હોવાથી દરેકને તે દિશાસૂચક થઇ પડશે એમ માની અત્રે આપવામાં આવ્યો છે. આ લેખની પાછળ એક વિદ્વાન અનુભવી, વયોવૃદ્ધ અને જાણીતા વૈદ્યનું અનુભવબળ રહેલું છે. શ્રી મણિલાલ દવેના લેખસંગ્રહમાંથી તે ઉતારેલો છે.

મુસાફરી કરવી હોય, સાથે બગલથેલી અને ઓઢવા પાથરવાની ચાદર બનુસ સિવાય ઝાઝો સામાન ન લેવો હોય, પગે ચાલીને મુસાફરી કરવાની હોય, સાથે રાખવા માટે 'પ્રવાસ પેટી' જેવું કાંઈક સાધન કે થોડી દવાઓ લેવી હોય તે વખતે કઇકઇ દવાઓ લેવી અને તેનો ઉપયોગ શી રીતે કરવો તે આપણે અગાઉથી જાણી લેવું જોઇએ.

પ્રવાસ દરમ્યાન નીચેની ચીજો આપણી સાથે જરૂર રાખવી. અજમો, મીઠું અથવા સિંધાલૂણ, મરી, લવીંગ, લસણ, સૂંઠના થોડા કટકા, સોડાબાઇકાર્બ, હરડેનું ચૂર્ણ, થોડું હિંગાષ્ટક, ફટકડી, એકાદ વછનાગનો કટકો અને મળે તો આનંદભૈરવની ગોળીઓ.

તાવ: થાક લાગીને તાવ આવ્યો હોય તો દરદીને સારી રીતે ઊંઘવા દેવો. જાગે ત્યારે શરીરે તેલનો માલિસ કરી, અજમો અને મીઠું વાટી તેનો ગરમગરમ ખરડ કરીને, ગરમ પાણીથી સ્નાન કરાવી પાછો સુવાડી દેવો. કોઇવાર પિત્ત ચડીને તાવ આવે છે ત્યારે દરદીને ઉલટી થતી હોય તો થવા

દેવી. પરસેવો ન આવતો હોય તો આકડાના ઝાડનું મૂળિયું સુખડની પેઠે ઘસીને બહુ જ થોડી માત્રામાં પાવું. અંદર બે દાણા મરીના નાખવા.

મૅલેરીઆ: (ટાઢીઓ તાવ) આવે તો કાચી ફટકડી વા. ૧થી ૨ અને કાળાં મરીના ચાર દાણા થોડી સાકર સાથે આપી દેવા. બને તો બે ભાગમાં આપવા. ઉપર તુલસીનાં પાન ચવડાવવાં.

ઉલટી અથવા મોળ ચડતી હોય તો અજમો અને મીઠું થોડાં ચવડાવવાં; અથવા થોડાં લવીંગ દરદીને ચાવવા આપવાં. ખોટા ખાલી ડુબકા આવતા હોય તો સિંધાલૂણ વા. ૧થી ૨ ઘી સાથે ચટાડવું.

અજીર્ણની ઉલટીમાં હમેશાં ખાધેલું અનાજ ખરાબ વાસ મારતું નીકળે છે. દરદીને ઉપવાસ કરાવવો અને હરડેનું ચૂર્ણ, સોડાબાઈ કાર્બ તથા હીંગાષ્ટક મેળવીને આશરે બબ્બે આનીભારનાં બેથી ત્રણ પડીકાં પાણી સાથે આપવાં.

અજીર્ણ લાગે તો હરડે, સિંધાલૂણ અને સૂંઠનું એકેક પડીકું સવારસાંજ લેવું. પછી જમતી વખતે આકડાના ફૂલની અંદરના મોગરા નં. ૨થી ૪, બે દાણા મરી અને મીઠા સાથે ચાવી જવાં.

ચૂંક આવે તો કાંટાવાળા થોરનાં બેથી ત્રણ પાન અને મીઠું સાથે ચાવી જવાં કે રસ કરીને પીવું.

માથું દુખતું હોય તો આનંદભૈરવની ગોળી ચારથી પાંચ વાટીને (નાની મગ જેવી હોય તો) કપાળ ઉપર ચોપડવી. (આંખમાં જવા દેવું નહિ).

આધાશીશી ચડે તો સવારમાં તાપ થતાં પહેલાં મુકામ પર હોય તો ગોળ, ઘી અને સૂંઠ ચટાડી દેવું અને સૂંઠની કાંકરી પથ્થર પર ઘસીને તેનું ચંદન આશરે રૂા. ૦ાા ભાર લઇ તેમાં રૂા. ૦ાા ભાર ઘી, અને રૂા. ૦ાા ભાર ગોળ નાખી થોડું પાણી–ગોળ ગળે એટલું–નાખી અંગારા પર ગરમ કરવું. પાણી બળી જાય એટલે દરદીને લટકતો ચતો સુવાડી તે ગરમ ઘીનાં નાકમાં ટીપાં નાખવાં.

વીંછી કરડે ત્યારે વછનાગનું લાકડું અને આકડાનું મૂળ ઘસીને ડંખ પર ઘસવું. આનંદભૈરવની ગોળી ૩થી ૫ ખવડાવવી. સાકરનું પાણી ખૂબ પાવું કે ઘીસાકર ચટાડવાં. મીઠાનું આકરૂં પાણી કરીને આંખમાં ટીપાં પાડવાં.

કાનમાં ચસકા આવે તો આકડાનું પાકેલું પાન દેવતા પર ગરમ કરી તેના રસનાં ટીપાં કાનમાં નાખવાં. આનાથી નનામી કર્ણ વિદ્રધિ પણ મટે છે.

પેટનું શૂળ: અજમો ને મીઠું, શીવાક્ષાર પાચન વગેરે અજમાવ્યા પછી કાંટાવાળા થોરનાં રાા પાન અને થોડું મીઠું દરદીને આપવું.

કબજિયાત: ઊનું પાણી અને મીઠું (ખારૂં લાગે એટલું) પીવું.

આંખ દુખવા આવે તો ફટકડીનાં પાણીનાં ટીપાં નાખવાં. એક ચમચા પાણીમાં એક ઘઉંભાર ફટકડી નાખવી. મીઠાનાં પાણીનાં ટીપાં નાંખવાં. હરડે તથા સિંધાલૂણ લોઢાના તવા પર, લીમડાના પાનના રસ સાથે ઘસીને તે કાટ આંખની બહાર ભરવો. ધંતુરાનાં પાન આખાં અગર વાટીને આંખે બાંધવાં અથવા કાટ શેળીઆનાં પાન આખાં જ આંખ પર બાંધવાં.

લોહી નીકળવું: ઘા મીઠાના પાણીથી ધોવો. લોહી બંધ કરવા ફટકડીનો ભૂકો દાબવો. અથવા ખપાટનાં પાન વાટીને કે ચાવીને ઘામાં ભરી પાટો બાંધી દેવો. તરત ઘા પુરાઈ જશે.

ખાંસી: મીઠાની કાંકરી મોઢામાં રાખવી. સૂતી વખતે ઘી અને મીઠું પીવું. બોરડીનાં સૂકાં કે લીલાં પાન અને મીઠું ચાવીને રસ ઉતારવો. આનંદભૈરવની ગોળી મોઢામાં રાખવી. સોડાબાઇ કાર્બ બે આની ભાર પાણી સાથે લેવો.

કોલેરા: શીવાક્ષાર પાચન, જેટલી વાર ઝાડા કે ઉલટી થાય તેટલી વાર બબ્બે આની ભાર પાવું. મીઠાનું પાણી દર ઉલટી કે ઝાડા વખતે સારી માત્રામાં આપવું પાણી ઊનું લેવું. ઉલટીઝાડા બંધ થયા પછી દરદીને લવીંગનો ઉકાળો પાવો. ઝાડા સામાન્ય હોય તો ઉપવાસ કરાવવો તથા શીવાક્ષાર પાચન આપવું અને જો મરડો હોય તો સૂંઠ અને હરડે સાકર કે પાણી સાથે આપવાં.

પેટમાં દુખતું હોય તો તે પર આકડાનાં પાન મૂકીને શેક કરવો.

લૂખ લાગવી: ફેંટામાં કે ટોપીમાં આકડાનાં પાન કે વડનાં પાન મૂકીને પછી ટોપી પહેરવી. પાનની કિનાર બહાર રાખવી.

ચક્કર આવતાં હોય તો જવાસો ઉકાળીને તેનું પાણી પાવું.

ઉપર પ્રમાણે આપેલી દવાઓ અને મૂળિયાં વગેરેનું પ્રમાણ કોઇકોઇ ઠેકાણે આપ્યું નથી તે અહીં આપવામાં આવે છે.

અજમો ફાકવા માટે આશરે બે વાલથી ચાર વાલ એટલે એક આની ભારથી બે આની ભાર આપવો. શરીરે ચોળવા માટે એક તોલાથી રાા તોલા સુધી જરૂરિયાત પ્રમાણે લેવો. મીઠું શરીરે ચોળવા માટે અજમા જેટલું જરૂરિયાત પ્રમાણે. દસ્ત સાફ લાવવા માટે એક ચાના પ્યાલામાં બે આની ભારથી ૦ા રૂા. ભાર મીઠું નાખવું. ખારૂં લાગે તો વધારે પાણી નાખવાને પણ અડચણ નહિ. ઉલટી કરાવવા માટે એક પ્યાલામાં આશરે ૦ાા રૂપિયાભારથી એક રૂપિયાભાર નાખવું. મીઠું પાતાં પહેલાં દરદીને ગરમ પાણી કે ચા પેટ ભરીને પાવું. પણ કોલેરામાં મીઠું પાવું હોય ત્યારે સિંધુ મીઠાનું પાણી જ પાયા કરવું. સિંધાલૂણ મીઠા પ્રમાણે.

મરી, ઉલટી બંધ કરવા માટે બે વાલ જેટલાં આપવાં. તાવમાં પરસેવો લાવવા અથવા આવતી ટાઢ અટકાવવા માટે તેનો ચા બનાવવો હોય ત્યારે ૦ા આનીથી ચાર આની ભાર ખાંડીને ઉકાળવાં.

મને લાગે છે કે મુસાફરો માટે આટલું ઘણું છે. વળી કોઇ મુસાફર નવા પ્રશ્ન ઊભા કરશે તો વધારે લખવાનું યાદ આવશે.

(પાટણ અભ્યાસગૃહ પત્રિકા) અમૃતલાલ પ્રા. પઢણી

શાહજીરાજાની પૂનાની જાગીરનું કારભારૂં સાચવનાર ને બાળપણમાં શિવાજી મહારાજનું ચારિત્ર્યગઠન કરનાર દાદાજી કોંડદેવ અત્યંત નીતિનિષ્ઠ બ્રાહ્મણ હતા. એક વખત રાજાના બાગમાં એક સરસ ફળ પર નજર ઠરતાં તે તોડ્યું, પણ તરત ભાન થયું કે આ તો મેં માલિકને ત્યાં ચોરી કરી; અને પોતાનો એ હાથ કાપવા તૈયાર થયા. અંતે જીજીબાઇને ખબર પડતાં તેમણે વચ્ચે પડીને વાર્યા ને હાથને બદલે અંગરખાની અરધી બાંહ્ય કાપવાનું ઠર્યું. સ્વામીનિષ્ઠ દાદાજીની એ બાંહ્ય તે પછી જીવનભર અરધી જ રહી.

અનેકાર્થી શબ્દ: **આંટી**=પગની આંટી; દોરાની ફેલ; પેટમાં કપટ રાખવું તે.

• ગળું બેસી ગયું હોય કે ઉધરસ બહુ આવતી હોય તો આંબાનો મોર મોમાં રાખી ધીમેધીમે રસ ગળે ઉતારવો.

પૂર્વ આફ્રિકાનું ટિમ્બોરોઆ સ્ટેશન જગતભરમાં ઊંચામાં ઊંચું છે:૯૦૦૦ફીટ.

આફ્રિકાના મસાઇ જાતના લોકોમાં એક એવો રોગ થાય છે કે જેને લીધે તેમનાં બંને જડબાંની મડાગાંઠ વળી જાઇ તે ઊઘડતાં જ નથી. આથી સલામતીને ખાતર દરેક મસાઇના આગલી હારના બે દાંત પહેલેથી જ પાડી નાખવાનો રિવાજ છે કે જેથી માંદગી વખતે એ બાકોરામાંથી ખોરાક રેડી શકાય. આ મુદ્દા ઉપર તો આફ્રિકન રણના સફરખેડુઓ અને માનવવંશશાસ્ત્રીઓ કોઇ રખડતી ખોપરી પરથી તે મસાઇની છે કે નહિ તે પારખી શકે છે.

ગયા મહાયુદ્ધ વખતે અંગ્રેજોને પડખે રહી લડેલા હિંદી લશ્કરમાં મોટામાં મોટી સંખ્યા પંજાબીઓની હતી: ૮૦ હજાર. તે વખતે પંજાબમાંથી દર ૨૮ માણસે એક માણસ યુદ્ધમાં ગયો હતો.

દીવાના ઘાસતેલમાં કપુરનો ટુકડો નાંખવાથી તે વધારે અજવાળું આપે છે.

ચીનની ત્સીએન તાંગ નદીમાં હમેશાં ૧૮ ફૂટ ઊંચી પાણીની દીવાલ ચડી આવે છે. કુદરતનો તે અદ્‌ભુત ચમત્કાર મનાય છે. માઇલો સુધી એ વખતે એનાં પાણીનો ઘૂઘવાટ સંભળાય છે.



મેરી સિલેસ્ટ નામનું વહાણ ઇ. ૧૮૭૨માં, મધદરિયે, અજબ રીતે મળી આવેલું. બધા સઢ ચડાવેલા હતા, ટેબલો પર ખાણાં બિછાવેલાં હતાં, બધાં સાધન સરંજામ અકબંધ હતાં અને કશી દરિયાઇ આફત જણાતી ન હતી; છતાં વહાણ પર આદમી તો શું પણ એક ચકલું યે મળે નહિ! એ કેમ થયું હશે એનો ભેદ હજી કોઇ પામી શક્યું નથી!

૨૧મી માર્ચે રાત્રિદિવસ સરખાં થશે.

પેન્સિલનાં ચિત્રો પાકાં કરવાં હોય તો ચિત્રને પાણીમાં ભીંજવીને પછી મલાઇ કાઢી લીધેલા દૂધમાં પલાળવાં. ઉપર હાથ ફેરવવો નહિ, પણ જરૂર લાગે તો ઊંટના વાળની પીંછી ધીમેથી ફેરવવી. પછી ઘડ ન પડી જાય તે માટે કાગળને સપાટ પાટિયા પર સૂકવી દેવો.

ઇસુખ્રિસ્તના વખતમાં એક પેન્સ ચાર ટકાને વ્યાજે મૂક્યો હોય તો તે વધીને આજે શુમારે ૭૪૯,૩૨૦,૯૦૬,૪૨૬,૭૯૭,૪૯૩,૨૩૬,૦૦૧,૨૬૪,૩૬૧ પૌંડ થાય! ને એ રકમમાંથી ૧૪૮૦૦ પૃથ્વીઓ નક્કર સોનાની બની શકે!

• કપડા પર પડેલા જૂના ચાના ડાઘ પર ગ્લિસરીન ચોપડીને એક રાત રહેવા દઇ સાબુના પાણીથી ધોઈ નાખજો.

અમેરિકાના ન્યૂ જર્સી પરગણાના પાસેઇક ગામનો જીન ફીડર નામનો 'યંગમેન્સ ક્રિશ્ચિયન એસોસીએશન'નો સભ્ય, ૧ મિનિટ અને ૪૨ સેકંડમાં પાણીની અંદર ૩૧૯ ફીટ સુધી તર્યો હતો.

'સીફિનેમિયા' જાતની માખી કલાકે ૮૪૦ માઈલની ઝડપથી ઊડે છે. આખી સૃષ્ટિમાં ઝડપીમાં ઝડપી જીવ.



એક ઇટાલિયન વૈજ્ઞાનિકે એક ગોકળગાયને ૧૪ૢ વરસ સુધી એરટાઈટ-સીલબંધ બરણીમાં પૂરી રાખી હતી, અને ત્યાં તે અંતે જીવતી નીકળી હતી!



સર ચંદ્રશેખર વ્યંકટરામન સ્વીડનથી નોબેલ ઇનામ સ્વીકારી પાછા વળતાં જર્મની થઇને આવ્યા તે વખતે ભૌતિકશાસ્ત્રના જર્મન પ્રોફેસરો આગળ મહાના ટેબલ પર પોતાની શોધ સમજાવી રહ્યા છે. શ્રી નરેન્દ્રનાથ નાયકે મ્યૂનિચમાં લીધેલો ફોટો.